સીટી માટે...

પાનાં : ૩૨ કિંમત : રૂા. ૬-૦૦ * * તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ રવિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૧૪ વર્ષ : ૯૪, અંક : ૨૯૦ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચન વિશેષ

રવિપૂર્તિ

## ૧૨૨ દેશોનો ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૬ જાહેર

# નેપાળ અને બાંગ્લાદેશ કરતાં ભારતમાં ભૂખમરો વધારે

નવી દિલ્હી, તા. ૨૪

વૈશ્વિક ભુખમરાનો વર્ષ ૨૦૨૬નો ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો છે. વિશ્વભરમાં ભુખમરાની શું સ્થિતિ છે તે જણાવતા આ ઈન્ડેક્સમાં ભારતને ગંભીર ભુખમરાની કેટેગરીમાં મુકવામાં આવ્યું છે. ભારતની સ્થિતિ પાડેશો દેશો નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતા પણ ખરાબ છે. જોકે પાકિસ્તાન કરતા સારી છે. ભારતને ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૬ની કુલ ૧૨૨ દેશોની યાદીમાં ૧૦૦માં ક્રમે રાખવામાં આવ્યું છે.

## ૯.૮ ટકા વસતી કુપોષિત, પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં દુબળાપણું, ઠીંગણાપણું વધ્યું હોવાનો દાવો

જર્મનીની એઈડ એજન્સી ડબલ્યુએચએચ અને આઈરીશની સંસ્થા કોન્સર્ન વર્લ્ડવાઈડ દ્વારા સંયુક્ત રીતે આ વૈશ્વિક ભુખમરાનો ઈન્ડેક્સ જાહેર કરાયો છે. જેમાં ઈન્ટરનેશનલ લો ઓફ પીસ, સ્વિસ સંસ્થા હેલવેટ્સે પણ યોગદાન આપ્યું છે. ઈન્ડેક્સમાં ભારતને ભુખમરામાં ૨૪.૧ સ્કોર સાથે ગંભીર કેટેગરીમાં રાખવામાં આવ્યું છે. આ સ્કોરને ભારત ૨૦૧૨થી નથી તોડી શક્યું, ભારતની ૯.૮ ટકા વસતી કુપોષિત છે, પાંચ વર્ષથી ઓછી વયના ૨૯.૩ ટકા બાળકો ઉંમર મુજબ ઉંચાઈ નથી ધરાવતા, ભારતમાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં દુબળાપણુ વધીને ૧૯ ટકા થઈ ગયું છે જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. અગાઉ આ ટકાવારી ૧૬.૯ ટકા હતી. આ ઈન્ડેક્સનો સ્કોર અલ્પપોષણ, બાળકોમાં ઠીંગણાપણું, દુબળાપણું, બાળમૃત્યુ દર વગેરેનો સમાવેશ કરાય છે.

ભારતનો સ્કોર ૨૪.૧ છે તો બીજી તરફ પાડોશી દેશ નેપાળનો સ્કોર ૨૦૧૮માં ૧૮.૪ હતો જે ૨૦૨૬માં સુધરીને ૧૪.૫એ પહોંચ્યો હતો. એટલે કે ૩.૯ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ભારતનો ૧.૭ ટકા જ ઘટ્યો હતો, શ્રીલંકાનો સ્કોર પણ ૧૧.૪થી ઘટીને

(અનુસંધાન ૧૩મે પાને)

### અનાજ-ભોજનના વેડફાટથી વૈશ્વિક અર્થતંત્રને દર વર્ષે રૂ. ૯૦ લાખ કરોડનું નુકસાન

નવી દિલ્હી, તા. ૨૪

ખાદ્ય બરબાદી માત્ર ઘરો અને બજારો પૂરતી મર્યાદિત નથી. ઉત્પાદિત ખોરાકનો ૧૩ ટકા હિસ્સો ખેતરથી દુકાનો સુધી પહોંચે તે પહેલા જ બગડી જાય છે. આ પ્રક્રિયામાં ૧૪૦ કરોડ હેક્ટર ફળદ્રુપ જમીન પર ઉગાડેલો ખોરાક વપરાશમાં આવ્યા વિના જ નષ્ટ થઈ જાય છે. પ્રારંભિક તબક્કાની આ બરબાદીથી જ દર વર્ષે ચાલીસ લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થાય છે.

ખોરાકના આ વિશાળ વ્યયની આર્થિક અસર પણ ચિંતાજનક છે. બરબાદ થયેલા ખોરાકને પરિવહન કરવા માટે ૫.૨૫ કરોડ ટ્રકોની જરૂર પડે છે અને તેમની કતાર પૃથ્વીના વીસ ચક્કર લગાવી શકે તેટલી લાંબી બને. ખાદ્ય બરબાદીથી વૈશ્વિક અર્થતંત્રને દર

(અનુસંધાન ૧૩મે પાને)

## ક્લોડ મોનેટનું પેઈન્ટિંગ અધધ રૂ. ૫૩૧ કરોડમાં વેચાયું




આજકાલ ટ્રેન્ડ ચાલી રહ્યો છે. એઆઈથી ક્રિએટ કરવાનો અને દરેક વસ્તુને એઆઈથી ક્રિએટ કરી હોય તેવું કહેવાનો. કોઈ આર્ટિસ્ટ મહેનત કરીને કોઈ પેઈન્ટિંગ બનાવે તો પણ સોશિયલ મીડિયા યુઝર્સ કહી દે કે, ભાઈ યે તો એઆઈ હૈ...આવું જ વિશ્વવિખ્યાત ફ્રેન્ચ પેઈન્ટર ક્લોડ મોનેટ (૧૮૪૦-૧૯૨૬) ના પેઈન્ટિંગ સાથે થયું હતું. સોશિયલ મીડિયામાં જાણીતા આર્ટ પેજ ઉપર ક્લોડ મોનેટના સાચા પેઈન્ટિંગને ક્રોપ કરીને મૂકવામાં આવ્યું હતું. પેઈન્ટિંગની ઉપર લખવામાં આવ્યું હતું, એઆઈ જનરેટેડ. આર્ટ પેજ દ્વારા સોશિયલ મીડિયા યુઝર્સને કહેવામાં આવ્યું કે, તમે કોમેન્ટ કરીને કહો કે, આ પેઈન્ટિંગ કેવું લાગી રહ્યું છે? કહેવાતા આર્ટ લવર્સને ખબર જ ન પડી કે, આ તો સાચું ક્લોડ મોનેટ પેઈન્ટિંગ છે. સોશિયલ મીડિયા પોસ્ટને કરોડો વ્યૂઝ મળ્યા. હજારો આર્ટ લવર્સે કોમેન્ટ્સ કરી કહ્યું કે, તમે આર્ટને ખતમ કરી રહ્યાં છો. શરમ આવે છે તમને? ત્યારબાદ, આર્ટ પેજ દ્વારા ધડાકો કરવામાં આવ્યો કે, આઈ એમ સોરી..પણ આ તો રીયલ આર્ટિસ્ટ ક્લોડ મોનેટનું જ પેઈન્ટિંગ છે. આમાં આર્ટ લવર્સનો પણ કોઈ વાંક ન કહી શકાય કારણ કે, આજકાલ એઆઈને સર્વોપરી કહેવામાં આવી રહ્યું છે. એટલી હદે કે, લોકો ભૂલી ગયા છે કે, રીયલ આર્ટ અને એઆઈ વચ્ચે ફરક ખબર પડી જાય, જો દ્રષ્ટિમાં આર્ટ સમાયેલી હોય. ફ્રાંસની પોપ્યુલર આર્ટ ગેલેરીમાં ક્લોડ મોનેટના પેઈન્ટિંગ આઈરિસનું ઓક્શન યોજવામાં આવ્યું હતું. આર્ટ લવર્સે પેઈન્ટિંગ લેવા માટે પડાપડી કરી. એવી પડાપડી કે, પેઈન્ટિંગ રૂ. ૫૩૧ કરોડમાં વેચાયું. આ પેઈન્ટિંગ ક્લોડ મોનેટે ૧૯૨૪-૨૫માં બનાવ્યું હતું, તેની તો સાબિતી છે. પરંતુ, હવેના આર્ટ મેકર્સને તકલીફ પડશે. દરેક આર્ટને એઆઈ જનરેટેડ કહી દેવામાં આવશે.

## હું તો માત્ર ઓપરેટર, સ્ટરલિંકની ચાવી અમેરિકન સરકારના હાથમાં : મસ્ક

# રશિયાને મદદ કરવા ટ્રમ્પે યુક્રેનનું ઈન્ટરનેટ ધીમું કરાવ્યું હતું : અમેરિકી અધિકારીઓનો ઘટસ્ફોટ

વોશિંગ્ટન,તા.૨૪

યુક્રેનમાં તાજેતરમાં ઈન્ટરનેટ ધીમુ પડી ગયુ તે અમેરિકન સરકારનો જ નિર્ણય હોવાની અમેરિકાના પૂર્વ અધિકારીઓની કબૂલાતથી હડકંપ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે ઝેલેન્સ્કીએ ફરિયાદ કરી હતી કે યુક્રેનને સ્ટારલિંકનું આપવામાં આવતું એક્સેસ ધીમુ પડી ગયુ હોવાથી રશિયા પર ડ્રોન હુમલા થઈ શકતા નથી. તેને લઈને યુએસ ગવર્નમેન્ટે તો સત્તાવાર રીતે ઈન્કાર કર્યો હતો, પરંતુ પહેલા મસ્કે જણાવ્યું હતું કે સ્ટારશિલ્ડ અંગેનો કોઈપણ નિર્ણય અમેરિકન ગવર્નમેન્ટ જ લે છે. તેના પછી હવે સરકારના જ અધિકારીઓની આ પ્રકારની ચોખ્ખી જાહેર કબૂલાતથી હડકંપ મચ્યો છે. અમેરિકાના આ છ પૂર્વ અધિકારીઓએ ત્યાં સુધી જણાવ્યું હતું કે યુક્રેન જ નહીં ઈરાન સુધી અમેરિકન સરકારે તેના નીતિગત ધ્યેયો સિદ્ધ કરવા સ્ટારલિંકને ચાલુ પણ કરાવ્યું છે અને બંધ પણ કરાવ્યું છે. ટ્રમ્પ જ નહીં અગાઉ બાઈડેનના શાસનમાં પણ આવું થઈ ચૂક્યું છે. આ બનાવ સ્પષ્ટપણે બતાવે છે કે રશિયા પર પ્રતિબંધો દૂર કરીને તેની સાથે કરેલા ડીઝલના ડીલના બદલામાં ટ્રમ્પ સ્ટારલિંકનું એક્સેસ મર્યાદિત કરીને પુતિનને મદદ કરી રહ્યા છે.

## સ્ટારલિંકના કેટલાક ટર્મિનલ હીઝબુલ્લાહ અને હુથી બળવાખોરો પાસે પણ હોવાની આશંકાના કારણે અમેરિકન સરકારમાં ફફડાટ

યુક્રેનથી લઈને ઈરાન સુધી અમેરિકન સરકારે તેના નીતિગત ધ્યેયો સિદ્ધ કરવા માટે સ્ટારલિંકને ચાલુ પણ કરાવ્યું છે અને બંધ પણ કરાવ્યું છે. અમેરિકાના છ ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીએ આ વાત જણાવી હતી. ચાર અધિકારીએ જણાવ્યું હતું કે બાઈડેન તંત્રએ સ્પેસએક્સને યમન અને લેબનોનમાં ઈરાન સમર્થિત આતંકીઓને પૂરી પડાતી પ્રોક્સી સર્વિસ બંધ કરવા જણાવ્યું હતું.

જ્યારે ઈરાનમાં વોશિંગ્ટન ઈચ્છતુ હતું કે સરકાર વિરોધી દેખાવકારોને સ્ટારલિંકનું એક્સેસ મળે, જેથી દેખાવને વધુ પ્રોત્સાહન મળે. બાઈડનના શાસનના અધિકારીઓ માનતા હતા કે હુથી અને હીઝબુલ્લાહ ડાઈવર્ટેડ ટર્મિનલ્સનો ઉપયોગ કરતા હતા, જે તેમની પાસે વચેટિયાઓ દ્વારા પહોંચતું હતું. ઈન્ટેલિજન્સે ઓક્ટોબર ૨૦૨૩માં વ્હાઈટ હાઉસને જણાવ્યું હતું કે હીઝબુલ્લાહ સાથે જોડાણ ધરાવતી વ્યક્તિએ દક્ષિણ લેબનોનમાં ચાલતા યુદ્ધ દરમિયાન સ્ટારલિંક ટર્મિનલ મેળવ્યું છે.

પાંચ ભૂતપૂર્વ અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં તેમણે આવો જ ભય હુથીઓ અંગે વ્યક્ત કર્યો હતો. કેટલાક કેસોમાં તો અમેરિકન તંત્રએ સ્પેસએક્સને સ્પષ્ટ જણાવ્યું છે કે તે આ પ્રકારના ટર્મિનલો ઓળખી કાઢે અને બંધ કરી દે. આમાના કેટલાક ડીએક્ટિવેટ પણ કરાયા હતા, એમ બંને અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે ટ્રમ્પ તંત્રએ જુન ૨૦૨૫માં ઈરાન પર હુમલા કર્યા પછી ઈરાનમાં

(અનુસંધાન ૧૩મે પાને)

ખેતરથી થાળીમાં અને ભોજનથી શરીરમાં પહોંચી રહ્યું છે કેન્સર

વાંચો દેશ-દુનિયા




## માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલાની એઆઈ કંપનીઓને સલાહ

# 'એઆઈ પર આંખો મીંચીને ભરોસો ન કરો, તેને અટકાવવાની વ્યવસ્થા હોવી જોઈએ'

વૉશિંગ્ટન, તા. ૨૪

માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નાડેલાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી બાબતે ચિંતા વ્યક્ત કરતા તાજેતરમાં કહ્યું હતું કે એઆઈને એટલો છૂટો દોર ન આપવો જોઈએ કે તે માણસના કાબૂ બહાર જાય. હંમેશા એવી સિસ્ટમ તો રાખવી જ જોઈએ કે માણસ ધારે ત્યારે તેને બંધ કરી શકે. માણસ ઈચ્છે ત્યારે તેને કાબૂમાં કરી

(અનુસંધાન ૧૩મે પાને)

## વાહનની જેમ એઆઈમાં પણ ઈમરજન્સી બ્રેક જરૂરી, મહત્ત્વની માહિતી માટે એકથી વધુ મોડલ વાપરો : નાડેલા

### દિલ્હીની વાત

#### સોનિયા ગાંધી એકાએક ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર એક્ટીવ થયા

નવીદિલ્હી, તા. ૨૪

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી ઈન્સ્ટાગ્રામ પછી હવે સોશ્યલ મીડિયા એક્સ પર પણ સક્રિય થઈ ગયા છે. એક્સ પર સોનિયા ગાંધીએ આવી રહેલા પોતાના પુસ્તકનો વીડિયો શેર કર્યો છે. સોનિયા ગાંધીનું પહેલું પુસ્તક 'બીલોગીંગ - અ જર્ની ઓફ લવ' ૧૦ નવેમ્બરે લોંચ થશે. પુસ્તકમાં એમણે રાજીવ ગાંધી સાથે પોતાની યાદો અને શરૂઆતના દિવસોથી માંડીને અત્યાર સુધીની સફર બાબતે લખ્યું છે. લગભગ ૨ મીનીટના વિડિયોમાં એમણે કહ્યું છે કે એમની મુલાકાત કેમ્બ્રીજમાં રાજીવ ગાંધી સાથે થઈ હતી. એમણે એમના અને રાજીવ ગાંધીના ફોટોગ્રાફ્સ પણ બતાવ્યા હતા, સાથે એ રેસ્ટોરાંનો ફોટોગ્રાફ પણ બતાવ્યો

(અનુસંધાન ૧૩મે પાને)

### બેધડક -મંજુલ




તમે કલાકાર કે લેખક હોવ તો પણ સોશિયલ મીડિયાને અવગણી તો ન જ શકો... સોનિયા ગાંધીએ પણ પોતાના પુસ્તકના પ્રમોશન માટે સોશિયલ મીડિયામાં એક્ટિવ થવું પડ્યું !


















### ભ્રષ્ટાચાર અને વિલંબ અટકાવવા નવી એસઓપી

# પોલીસ વિભાગના તમામ મકાનોની મરામતમાં 'ક્વોટેશન સિસ્ટમ' બંધ

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં પોલીસ વિભાગના રહેણાંક અને બિન રહેણાંક મકાનોના મરામતના કામોમાં ભ્રષ્ટાચાર અને બિનજરૂરી વિલંબ થઈ રહ્યો હોવાની બાબત ધ્યાને આવતા ડીજીપી દ્વારા નવી એસઓપી જાહેર કરીને ત્રણ ક્વોટેશનથી કામ આપવાની સિસ્ટમ બંધ કરી દેવામાં આવી છે. તેના બદલે ઈલેક્ટ્રિક, પ્લમ્બિંગ તેમજ સમારકામને લગતી વિવિધ પ્રકારની વસ્તુઓ મોટા જથ્થામાં એક સાથે ખરીદીને સ્ટોકમાં રાખવાની નવી પદ્ધતિ અમલમાં મુકવાનો નિર્ણય કરાયો છે.

## ઈલેક્ટ્રિક, પ્લમ્બિંગ સહિતની જરૂરી વસ્તુઓ મોટા જથ્થામાં ખરીદી સ્ટોકમાં રાખવાની પદ્ધતિ અમલમાં

પોલીસના મકાનોના ચાલુ અને ખાસ મરામતના કામો અત્યાર સુધી મોટાભાગે ત્રણ ક્વોટેશન પદ્ધતિથી અલગ-અલગ કરવામાં આવતા હતા. જેમાં ભ્રષ્ટાચારની ફરિયાદો સામે આવી હતી. આ ઉપરાંત કામગીરીમાં વિલંબ પણ થઈ રહ્યો હતો. પરિણામે હવે નવી માર્ગદર્શિકા અનુસાર ઈલેક્ટ્રિક, પ્લમ્બિંગ, સમારકામને લગતા પાર્ટ્સનો મોટો જથ્થો એક સાથે ખરીદીને ક્લોથિંગ આર્ટિકલની જેમ પોલીસ હેડક્વાર્ટર ખાતે રાખવામાં આવશે. જ્યાંથી નિયત રજીસ્ટરમાં નોંધ કરીને જરૂર અનુસાર સામાનનો ઉપયોગ કરાશે. આ પદ્ધતિના કારણે ભ્રષ્ટાચાર અટકવાની સાથે સામાન સ્ટોકમાં હોવાના કારણે લાઈટ, પંખા બંધ થવા, નળમાંથી પાણી ટપકવું, પાઈપ લાઈન લિકેજ, વાયરિંગની મુશ્કેલી વગેરે પ્રશ્નો તાત્કાલિક ઉકેલી શકાશે. મોટા જથ્થાના કારણે એક સાથે સારી ગુણવત્તાની વસ્તુઓની ખરીદી થઈ શકશે. નિયમિત સ્ટોક ચકાસણી અને ઉચ્ચ અધિકારીઓની ફરજિયાત સહીના કારણે સમગ્ર વહીવટમાં પારદર્શિતા આવશે.

### શા માટે આવો નિર્ણય લેવો પડ્યો? ૧૯ કરોડમાં ૧૭.૪૮ કરોડનો ખર્ચ ક્વોટેશન સિસ્ટમથી!

આવો નિર્ણય શા માટે લેવો પડ્યો? તેની પાછળનું કારણ પણ મહત્વનું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ચાલુ મરામત ગ્રાન્ટ અંતર્ગત ૪,૭૮૯ કામ થયા હતા. જેના માટે રૂ.૧૯ કરોડનો ખર્ચ થયો હતો. આ પૈકી રૂ.૧૭.૪૮ કરોડની રકમના ૪,૧૧૯ કામ એટલે કે ૮૬ ટકા કામો ત્રણ ક્વોટેશનથી થયા હતા. જેમાં ગેરરીતિ અને વિલંબની વ્યાપક ફરિયાદો હતી.

### નવી માર્ગદર્શિકાની મહત્વની બાબતો...

* નિયત નમૂનાના સ્ટોક અને ઈસ્યુ રજિસ્ટર નિભાવવાના રહેશે
* મહિનાથી ૧થી ૫ તારીખ સુધીમાં વર્ગ-૧ કે ૨ ના અધિકારીએ સામાનની ભૌતિક ચકાસણી કરી પ્રમાણપત્ર આપવું પડશે
* કચેરીના વડાએ દર ત્રણ મહિને સ્ટોકની જાતે ચકાસણી કરવી પડશે
* ક્વોટેશનની જરૂર પડે તો સીપી કે રેન્જ વડાની લેખિત મંજૂરી લેવી
* ૫૦ હજારથી વધુના કામોમાં પોલીસ આવાસ નિગમને દરખાસ્ત મોકલવી
* મરામત અંગેની ફરિયાદો, નિકાલના સમય અંગેનું અલગથી રજિસ્ટર નિભાવવું.

### લાઈટ, ઈલેક્ટ્રિક માટે ૧૦૪ કરોડના ખર્ચ બાદ

# નવી એલજી, શારદાબેન હોસ્પિટલમાં રૂ.૧૦.૫૨ કરોડનું ઓફિસ ફર્નિચર!

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં નવી બની રહેલી મ્યુનિ.ની એલજી અને શારદાબહેન હોસ્પિટલ અવારનવાર વિવાદના વંટોળમાં અટવાય છે. અગાઉ હોસ્પિટલમાં લાઈટ અને ઈલેક્ટ્રિક ફિટિંગના કામ માટે મંજૂર કરાયેલલ તોતિંગ ખર્ચ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. ત્યારબાદ હવે હોસ્પિટલ માટે મ્યુનિ. રૂ. ૧૦.૫૧ કરોડના ફક્ત ટેબલ-ખુરશી સહિત ઓફિસ ફર્નિચર ખરીદશે!

## આખી નવી ઓફિસ બની જાય તેટલા રૂપિયા મ્યુનિ. તંત્ર ફક્ત ઓફિસ ફર્નિચરના નામે વાપરી નાખશે

અમદાવાદ મ્યુનિ. દ્વારા રૂ. ૩૫૦ કરોડથી વધુના ખર્ચે મણિનગરમાં નવી એલજી અને સરસપુરમાં શારદાબહેન હોસ્પિટલ તૈયાર કરાઈ રહી છે. ચારેક વર્ષથી ચાલતી બંને દવાખાનાની કામગીરી વારંવાર ચર્ચાનું કેન્દ્ર બને છે. શરૂઆતમાં જ હોસ્પિટલનું કામ ૨૨થી ૨૫ ટકા જેટલા ઉંચા ભાવે અપાયું હતું. બાદમાં ડિઝાઈનમાં ફેરફારના નામે એલજી હોસ્પિટલ માટે વધારાનો ખર્ચ પણ મંજૂર કરી દેવાયો હતો. તેવામાં હવે વિવિધ કામગીરી માટે કરાતો તોતિંગ ખર્ચ શંકાના દાયરામાં આવ્યો છે. બંને હોસ્પિટલમાં ફક્ત ટેબલ, ખુરશી, સોફા સહિત ઓફિસ ફર્નિચર ખરીદવા માટે રૂ. ૧૦.૫૧ કરોડનો વાપરી દેવાશે. શારદાબહેન હોસ્પિટલમાં રૂ. ૬.૪૧ કરોડ અને એલજી હોસ્પિટલમાં રૂ઼ ૪.૧૧ કરોડનું ઓફિસ ફર્નિચર ખરીદવા હોસ્પિટલ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. ઉલ્લેખનીય છે કે, આટલા રૂપિયામાં તો નાની-મોટી આખી નવી ઓફિસો બનીને તૈયાર થઈ શકે છે! ત્યારે અહીં ફક્ત તબીબોની કેબિનના ફર્નિચર માટે આટલી તોતિંગ રકમ વપરાશે. અગાઉ બંને હોસ્પિટલના લાઈટ અને ઈલેક્ટ્રિકલ ફિટિંગના કામે માટે રૂ.૧૦૪નો ખર્ચ પણ એક ઝાટકે મંજૂર કરી દેવાતા સવાલો ઉઠ્યા હતા.

### 'ખાતો નથી ને ખાવા દેતો નથી', મ્યુનિ.માં ડગલેને પગલે વહીવટ

હું ખાતો નથી ને ખાવા દેતો નથી પણ થાળી ભરીને જમવા દઉં છું તેવી સ્થિતિ કૌભાંડમાં સર્જાઈ છે. અમદાવાદ શહેરના મ્યુનિ. કોર્પોરેશનમાં લગભગ મોટાભાગના કામ વહીવટ વગર પાસ થતા નથી. ગત નાણાકીય વર્ષ દરમિયાન અમદાવાદ મ્યુનિ.નું વાર્ષિક બજેટ રૂ.૧૫,૫૦૦ કરોડ હતું. આ વર્ષનું બજેટ વધીને ૧૮,૫૦૦ કરોડ થઈ ગયું છે. હકીકતમાં પૂરે પુરી રકમ લોકોના કામ માટે વપરાઈ હોત તો આજે ખરેખર શહેરના રસ્તાઓ પેરિસ જેવા બની ગયા હોત!

### લોકોને ખુલ્લેઆમ ચાલતી ભેળસેળ દેખાય છે, પણ તંત્રને દેખાતી નથી

# અમદાવાદમાં ૪૦,૦૦૦ નમૂના લેવાયા, ૯૯.૫% પાસ, મ્યુનિ.નું ફૂડ ખાતું નાપાસ !

અમદાવાદ, શનિવાર

નકલી ઘી, મરચા, હળદરથી લઈને ટોમેટો સોસ, પનીર, ચીઝ, કેમિકલ ડાયયુક્ત ફરસાણ, જીરું, વરિયાળી, દાળ સહિત મોટા ભાગના ખાદ્ય પદાર્થોમાં બેરોકટોક ભેળસેળ થાય છે. દોઢેક દાયકામાં ભેળસેળ કેટલી હદે વધી ગઈ છે, તે બાબત સામાન્ય માણસની નજરો પણ તપાસી શકે તેટલી સ્પષ્ટ છે. ભેળસેળિયા તત્વો બેફામ બન્યા છે, પણ અમદાવાદ મ્યુનિ.નો ફૂડ વિભાગ શહેરમાં સબ સલામત હોવાનો રાગ આલાપી રહ્યો છે. છેલ્લાં ૧૫ વર્ષમાં લેવાયેલા ખાદ્ય પદાર્થોના ૪૦ હજાર જેટલા નમૂનામાંથી અડધો ટકાથી પણ ઓછા પદાર્થો જોખમી મળ્યા હતા. એટલે મ્યુનિ.ના રિપોર્ટ મુજબ શહેરમાં વેચાતી ૯૯.૫ ટકા વસ્તુઓ ખાવા માટે સુરક્ષિત છે!

## આધુનિક યુગમાં ભેળસેળ પકડવાની તકનીકો, સાધનો વધ્યા પણ મ્યુનિ.ની ગાડી ત્યાં જ અટકી, દોઢ દાયકાથી નમૂનાની સંખ્યા સરખી

વર્તમાનમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ વધી છે. પરંતુ સાથે સાથે તપાસ માટેની તકનીકો અને સાધનો પણ વધ્યા છે. તેમ છતાં ફૂડ વિભાગની ગાડી હજી વર્ષ ૨૦૧૨માં અટકેલી છે. આજથી પંદર વર્ષ પહેલાં દર વર્ષે શહેરમાંથી ખાદ્ય પદાર્થોના સરેરાશ ત્રણેક હજાર નમૂના લેવાતા હતા. ત્યારે નવાઈની વાત એ છે કે, આજે પણ તેટલા જ નમૂના લેવાય છે. નકલી હાનિકારક પદાર્થોનું વેચાણ વધ્યું હોવા છતાં ફૂડ વિભાગે નમૂનાની સંખ્યા વધારવાની તસ્દી લીધી નથી. ઉપરાંત જે નમૂના લેવાય છે, તેની તપાસમાં પણ પોલમપોલ ચાલતી હોવાની ગંધ આવી રહી છે. છેલ્લાં ૧૫ વર્ષમાં શહેરમાંથી ૩૯,૫૬૭ નમૂના લેવાયા હતા. જેમાંથી ફક્ત ૫૭ જ અનસેફ એટલે જોખમી જાહેર કરાયા છે. જે કુલ નમૂનાનો અડધો ટકા પણ નથી. એટલે ભેળસેળ ભલે હોય પરંતુ મ્યુનિ.ના રિપોર્ટ મુજબ શહેરમાં વેચાતી ૯૯.૫ ટકા વસ્તુઓ ખાવા માટે સુરક્ષિત છે! બીજી બાજુ માંડ ત્રણ ટકા ખાદ્ય પદાર્થો નબળી ગુણવત્તાના હોવાનો દાવો કરાયો છે. મતલબ કે શહેરમાં વેચાતા ખાદ્ય પદાર્થો ઉત્તમ ગુણવત્તાના છે તેવું જાહેર કરી ફૂડ વિભાગે ભેળસેળિયા તત્વોને ક્લીન ચીટ આપી દીધી છે.

કોઈ સામાન્ય નાગરિક તપાસ કરવા નીકળે તો પણ ખાદ્ય પદાર્થોમાં આનાથી વધારે ખામીઓ દેખાઈ આવે! અલબત કામગીરીના દેખાડા માટે દંડ વસૂલી એકમો સીલ કરી સંચાલક સામે કેસઅવશ્ય કરાય છે. પરંતુ કેસનો ચુકાદો આવતો નથી, અને બીજા નામથી આવા એકમો ફરી ધમધમી ઉઠે છે. આમ, લોકોના સ્વાસ્થ્ય રામભરોસે છોડી દેવાયા છે.

### ફૂડ વિભાગની પાંચ વર્ષની કામગીરીનું સરવૈયુ

| વર્ષ | કુલ સેમ્પલ | સબ સ્ટાન્ડર્ડ | મીસ બ્રાન્ડેડ | અનસેફ |
|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૨૩૬૯ | ૨૮ | ૬૪ | ૩ |
| ૨૦૨૨ | ૨૦૧૭ | ૪૬ | ૬૪ | ૦ |
| ૨૦૨૩ | ૧૮૮૪ | ૫૯ | ૧૨ | ૦ |
| ૨૦૨૪ | ૨૧૩૧ | ૧૦૭ | ૦૦ | ૩ |
| ૨૦૨૫ | ૫૫૧૯ | ૬૯ | ૦૦ | ૧૦ |
| ૨૦૨૬ | ૩૫૨૧ | ૧૩૦ | ૦ | ૯ |

### ખાદ્ય પદાર્થોની તપાસના નામે ચાલતો ખેલ : કેસ થાય છે પણ ચાલતા નથી!

ફૂડ વિભાગ દ્વારા તપાસના નામે નર્યુ નાટક કરાતું હોવાની બાબત આંકડાઓ પરથી જ દેખાઈ આવે છે. કારણ કે છેલ્લા સાત વર્ષનું સરવૈયુ જોઈએ તો જેટલા કેસ એજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ થયા છે તે તમામ આજ સુધી પેન્ડિંગ છે. એટલે કે કેસ થાય છે, પરંતુ ચાલતા નથી!

| વર્ષ | કેસ | પેન્ડિંગ |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૦૨ | ૧૦૨ |
| ૨૦૨૧ | ૯૨ | ૯૨ |
| ૨૦૨૨ | ૩૮ | ૩૮ |
| ૨૦૨૩ | ૮૩ | ૮૩ |
| ૨૦૨૪ | ૮૯ | ૮૯ |
| ૨૦૨૫ | ૮૬ | ૮૬ |
| ૨૦૨૬ | ૨૦ | ૨૦ |



### આ તે કેવું ન્યાયતંત્ર અને કેવી તેની કામગીરી ?

# NIAની ૩ કોર્ટોએ ૧૦ વર્ષમાં ૩૪ કેસમાંથી માત્ર ચારમાં જ ચુકાદો આપ્યો

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં અમદાવાદની નેશનલ ઈન્વેસ્ટિગેશનની ત્રણ-ત્રણ સ્પેશિયલ કોર્ટો હોવાછતાં અને તેમાં માત્ર ૩૪ જ કેસો છે. પરંતુ ૧૦-૧૦ વર્ષના વ્હાણાં વીત્યા બાદ પણ એટલે કે, એક દાયકા પછી પણ આ કોર્ટોએ માત્ર ચાર જ કેસમાં ચુકાદા આપ્યા છે. આ તે કેવું ન્યાયતંત્ર...! ભાજપના બે નેતાઓની ગોળી મારી હત્યાના ડબલ મર્ડરથી લઇ મુંદ્રાના ૨૧ હજાર કરોડના ડ્રગ્સ કેસથી લઇ રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી સાથે અતિ સંવેદનશીલ કેસોમાં ૧૦-૧૦ વર્ષ પછી પણ કોર્ટો ચુકાદા આપી શકી નથી, તેને લઇને ખુદ ન્યાયતંત્ર સામે જ ગંભીર સવાલ ઉઠી રહ્યા છે.

જો રાષ્ટ્રની સુરક્ષાના આવા અતિ ગંભીર કેસોમાં જો કોર્ટો ૧૦-૧૦ વર્ષ સુધી ચુકાદા ના આપી શકતી હોય તો સામાન્ય નાગરિકોના કેસોમાં શું સ્થિતિ હશે તે સ્વાભાવિક રીતે જ સમજી શકાય તેમ છે. આટલા વર્ષોના ન્યાયિક વિલંબ બદલ ન્યાયતંત્રને પૂછનાર કોણ તે સામાન્ય માણસનો પ્રશ્ન છે.

સુપ્રીમ કોર્ટે એનઆઇએમાં નોંધાયેલા કેસોમાં ઝડપથી નિકાલ કરવા સહિતના મુદ્દે મહત્ત્વના નિર્દેશો જારી કર્યા હતા. તે નિર્દેશો અમદાવાદની એનઆઇએ કોર્ટોની ન્યાયિક વિલંબિતતાના કારણે જાણ કે કાગળ પર રહી ગયા છે તેવું પ્રતીત થાય છે. ૧૦-૧૦ વર્ષમાં ૩૪માંથી ચાર જ કેસોમાં ચુકાદો આપનાર એનઆઇએ કોર્ટોમાં હજુ પણ ૩૦ કેસો પડતર બોલી રહ્યા છે અને તેના ચુકાદા કયારે આવશે તે સૌથી મોટો યક્ષપ્રશ્ન છે.

ગુજરાતમાં અમદાવાદમાં વર્ષ ૨૦૧૫માં પ્રથમ એનઆઇએ કોર્ટની સ્થાપના અને ત્યારબાદ ત્રણ-ત્રણ સ્પેશિયલ કોર્ટો અસ્તિત્વમાં આવી હોવાછતાં અને તેમાંપણ માત્ર ૩૪ જ કેસો હોવાછતાં એક દાયકા પછી પણ આ એનઆઇએ કોર્ટોએ માત્ર ચાર કેસમાં જ ચુકાદો આપ્યો છે. તો ન્યાયતંત્ર આ તો કેવી રીતે કામગીરી કરી રહ્યું છે તે સીધો સવાલ ઉભો થાય છે. ન્યાયમાં વિલંબ એ અન્યાય સમાન છે તે ન્યાયજગતના સિધ્ધાંતને આ ઉદાહરણ પરથી સ્પષ્ટ ચરિતાર્થ થતું જોઇ શકાય છે.

એનઆઇએ કોર્ટોમાં એનઆઇએ એક્ટ, ૨૦૦૮ના શેડ્યૂલ (અનુસૂચિ) હેઠળ આવતા અને રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન પહોંચાડતા ગંભીર ગુનાઓની સુનાવણી, આતંકવાદી પ્રવૃત્તિઓ : દેશ વિરોધી કૃત્યો અને ઉગ્રવાદી સંગઠનો સાથે જોડાયેલા કેસ (યુએપીએ એક્ટ હેઠળના ગુનાઓ), ટેરર ફંડિંગ અને નાર્કો-ટેરરિઝમથ આતંકવાદ ફેલાવવા માટે કરાતું આર્થિક ભંડોળ અને ડ્રગ્સની હેરાફેરીના મોટા નેટવર્ક (જેમ કે મુંદ્રા પોર્ટ ડ્રગ્સ કેસ), બનાવટી ચલણી નોટો (એફઆઇસીએન) ભારતીય ચલણની નકલી નોટો છાપવા અથવા તેની હેરાફેરી કરવા સંબંધિત ગુનાઆ અને સાયબર આતંકવાદ અને જાસૂસીથી દેશની સુરક્ષા વ્યવસ્થા વિરુદ્ધ ડિજિટલ હુમલા અથવા વિદેશી એજન્સીઓ (જેમ કે આઇએસઆઇ) માટે જાસૂસી કરવા જેવા અતિ સંવેદનશીલ કેસો ચાલતા હોય છે ત્યારે કોર્ટોની ન્યાયિક વિલંબિતતા અને ઉદાસીનતા તેમની ન્યાય કરવાની કાર્યક્ષમતા અને ઇચ્છાશકિતને લઇને પણ અનેક પ્રશ્નાર્થ જન્માવે છે.

### કયા મહત્ત્વના કેસો હજુ પણ એનઆઇએ કોર્ટમાં પડતર....??

* કચ્છના મુંદ્રા પોર્ટ પરથી ગત ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ડીઆરઆઇએ ૨૧ હજાર કરોડના હેરોઇન-ડ્રગ્સના મોટા કન્સાઇન્મેન્ટને પકડી પાડયું હતું અને બાદમાં કેસની તપાસ એનઆઇએને સોંપાઇ હતી.
* ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ આરએસએસ સભ્ય શિરીષ બંગાળી તેમજ ભારતીય જનતા યુવા મોરચાના જિલ્લા મહામંત્રી પ્રજ્ઞેશ મિસ્ત્રી આ બંને નેતાઓની ૨ નવેમ્બર ૨૦૧૫ ના રોજ શાર્પશૂટરો દ્વારા ગોળી મારીને ઘાતકી હત્યાનો ડબલ મર્ડર કેસ.
* જખૌ દરિયાકિનારેથી રૂ.૧૯૪ કરોડની કિંમત ૩૯ કિલો હેરોઇનના ચકચારભર્યા પ્રકરણમાં કુખ્યાત લોરેન્સ બિશ્નોઇ સહિતના આરોપીઓ વિરૂધ્ધનો કેસ.
* શહેરના વટવા વિસ્તારમાંથી પકડાયેલા અને આંતકવાદી સંગઠન સાથે કનેકશન ધરાવતાં બાંગ્લાદેશી આરોપીઓ સામે અલ કાયદા ગુજરાત ટેરર કોન્સ્પિરેસી કેસ.
* પોરબંદરમાંથી કાશ્મીરી યુવકોની ધરપકડ અને તે હાઇપ્રોફાઇલ કેસ - (ઇસ્લામિક સ્ટેટ ઓફ ખોરાસન પ્રોવીન્સ) આંતકવાદી કાતવરાનો કેસ.
* હૈદરાબાદના આરોપી ડૉક્ટર સૈય્યદ મોહીયુદ્દીન અને તેના સાથીદારો સામે આઇએસઆઇએસ સાથે જોડાયેલા બાયો-ટેરર (જૈવિક આતંકવાદ) કાવતરાનો કેસ - જેમાં સાયનાઇડ કરતાં પણ હજારો ગણુ વધુ પ્રભાવશાળી અને જીવલેણ રાઇસીન ઝેર મારફતે મોટાપાયે હત્યાકાંડનું કાવતરાનો કેસ.
* ઓપરેશન સિંદૂર દરમ્યાન નડિયાદના રહેવાસી આરોપી શાહનવાઝ અન્સારીનો સરકારી વેબસાઇટ્સ ડાઉન કરવા સંબંધિત સાયબર આતંકવાદનો કેસ.
* પાલનપુર અને તેની આસપાસના વિસ્તારોમાંથી પકડાયેલા શંકાસ્પદ આતંકીઓ વિરૂધ્ધ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ ના ટેરર મોડ્યુલ/સ્લીપર સેલ નેટવર્ક સાથે સંકળાયેલો આંતકવાદનો સંવેદનશીલ કેસ.
  પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા બંદરના દરિયા કિનારેથી ૫૦૦ કિલો હેરોઈન (ડ્રગ્સ) ની આંતરરાષ્ટ્રીય તસ્કરી કરવાનો કેસ.

### કયા કયા ચાર કેસોમાં ચુકાદા આવ્યા ?

* રાજકોટના પંચનાથ વિસ્તારના એક ફલેટમાંથી રૂ.૨૦૦૦ના દરની ૪.૫ કરોડની બનાવટી ચલણી નોટોનો એનઆઇના ઇતિહાસનો સૌથી મોટો ફેક કરન્સી નોટનો કેસ - જેમાં મુખ્ય આરોપી કેતન દવે સહિત તમામ છ આરોપીઓ એપ્રિલ-૨૦૨૬માં નિર્દોષ છૂટી ગયા
* વર્ષ ૨૦૧૭ના આઇએસઆઇએસના ખતરનાક ષડયંત્રના કેસમાં બે સગા ભાઇઓ વસીમ રામોડીયા અને નઇમ રામોડીયાને વર્ષ ૨૦૨૩માં ૧૦-૧૦ વર્ષની સખ્ત કેદની સજા
* વર્ષ ૨૦૧૮ના બનાવટી ચલણી નોટોના વધુ એક કેસમાં આરોપી સંજય દેવલિયાને ૧૦ વર્ષ અને તાહિર કાલિયાને ૭ વર્ષની સજા
* વર્ષ ૨૦૧૭માં મુંબઇના બિઝનેસમેન બીરજુ સલ્લાએ જેટ એરવેઝની મુંબઇથી દિલ્હી જતી ફલાઇટમાં અંગ્રેજી અને ઉર્દૂમાં લખેલી પ્લેન હાઇજેકની ધમકીની ચિઠ્ઠી લખી હતી., આ કેસમાં એનઆઇએ કોર્ટે જૂન-૨૦૧૯માં સલ્લાને જન્મટીપ કરી હતી. આ દેશનો પ્રથમ એન્ટી હાઇજેકીંગ એકટ હેઠળનો કેસ હતો. જો કે, હાઇકોર્ટે બીરજુ સલ્લાની સજા રદ કરી વર્ષ૨૦૨૩માં તેને નિર્દોષ ઠરાવ્યો હતો.

### રાષ્ટ્રીય સુરક્ષાને સ્પર્શતા અતિ સંવેદનશીલ કેસોમાં પણ તારીખ પે તારીખ

રાષ્ટ્રની સુરક્ષા અને સલામતીને સ્પર્શતા આવા અતિ સંવેદનશીલ કેસોમાં પણ તારીખ પર તારીખ પડવાથી તપાસ એજન્સીઓની મહેનત સહિતની બાબતોમાં વિપરીત અસરો થતી હોય છે. એનઆઇએ કોર્ટોમાં કેસોના વિલંબિત નિકાલને પગલે અંડરટ્રાયલ કેદીઓની દયનીય સ્થિતિ છે. કારણ કે, ટ્રાયલના અંતે જો કોઈ આરોપી નિર્દોષ છૂટે, તો તેની જિંદગીના બગડેલા વર્ષોની ભરપાઈ કોણ કરશે ?પુરાવા એકત્ર કરવામાં વિલંબ, આંતરરાષ્ટ્રીય લિંક્સ અને સાક્ષીઓની લાંબીલચક યાદી અને જટિલ કાયદાકીય પ્રક્રિયા સહિતના પરિબળો પણ ગંભીર સવોલો સૂચવે છે.

## ભાજપના બે નેતાઓની ગોળી મારી હત્યાનો ૨૦૧૫નો સૌથી જૂનો ડબલ મર્ડર કેસ હજુ પેન્ડિંગ : સુપ્રીમકોર્ટ માત્ર સૂચનાઓ આપી સંતોષ માને છે




### ઔડા વિસ્તારના વડીલો માટે પણ મુસાફરી ફ્રી

# AMTSના બે નવા રૂટ શરૂ, થલતેજથી શેલા ગામ સુધી હવે લાલ બસ દોડશે

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં રિંગ રોડ પાસે નવા વિકસી રહેલા શેલા સહિતના વિસ્તારોમાં એએમટીએસ બસ દોડાવવા વારંવાર કરાયેલી માગણીઓ બાદ આખરે મ્યુનિ. તંત્ર જાગ્યું છે. થલતેજ મેટ્રો સ્ટેશનથી શેલા ગામ અને વાડજથી પલસાણા સુધી એએમટીએસના બે નવા રૂટ શરૂ કરાયા છે. તેમજ ઔડા વિસ્તારના વડીલો પણ હવે મફતમાં મુસાફરી કરી શકશે.

## વાડજથી પલસાણા અને અડાલજથી કલોલ સુધી બસ જશે, લોકોની ફરિયાદો બાદ આખરે મ્યુનિ. જાગ્યું

અમદાવાદમાં રિંગ રોડ પાસેના વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો વસવાટ કરવા લાગ્યા છે. પરંતુ નવા વિસ્તારો જાણે શહેરનો ભાગ જ ન હોય તેમ ત્યાં સુધી મ્યુનિ.ની સુવિધાઓ પહોંચી નથી. ખાસ કરીને એએમટીએસ, બીઆરટીએસ જેવા જાહેર પરિવહનના અભાવે રહીશોને ભાડા ખર્ચ કરી રિક્ષા-ટેક્સીમાં આવજા કરવી પડતી હતી. તેવામાં વર્ષોની ફરિયાદો બાદ આખરે મ્યુનિ. તંત્ર જાગ્યું છે. થલતેજ મેટ્રો સ્ટેશનથી ઈસ્કોન, વાયએમસીએ ક્લબ થઈ શેલા ગામ સુધી બસ નંબર ૪૫/૧ અને વાડજ ટર્મિનસથી પલસાણા ગામ સુધી બસ નંબર ૭૧/૨ સાથે નવા રૂટ શરૂ કરાયા છે. આ બંને રૂટ પર દર ૧૦થી ૧૨ મિનિટે મુસાફરોને બસ મળશે તેવો દાવો કરાયો છે. બીજી બાજુ અડાલજથી કલોલ ઈન્સ્ટિટ્યુટ કોલેજ સુધી ૫૦૩ નંબરની વધારાની બસ દોડવવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ, નોકરિયાતોને રાહત મળશે. બીજી બાજુ ઔડાની હદમાં વસવાટ કરતા ૬૫ વર્ષથી વધુ વયના વડીલોને પણ હવે ફ્રી મુસાફરી પાસ મળશે. અત્યાર સુધી ફક્ત મ્યુનિ.ની હદમાં રહેતા વડીલોને આ સુવિધા મળતી હતી.

### સીએનજી અને પેટ્રોલના ભાવ સરખા હોવાથી

# CNGની કિટ નાખવી હવે પરવડતી નથી : માંગમાં ૫૦ ટકાનો ઘટાડો

અમદાવાદ, શનિવાર

પેટ્રોલના ખર્ચમાં બચત કરવા કારમાં CNG કીટ નંખાવવાનો ધંધો છેલ્લા પાંચ વર્ષમાં અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. CNGના વધતા ભાવ, કીટ નંખાવવાનો ઊંચો ખર્ચ અને ફેક્ટરીમાં જ ભશય્ની સુવિધા ધરાવતી કારની વધતી ઉપલબ્ધતાએ આ ધંધાનું ગણિત બદલી નાખ્યું છે. કંપની ફીટેડ સીએનજી અને નિયમોની અસરને કારણે રિટેલ સીએનજી કીટ નાંખવાના ધંધો પચાસ ટકાથી પણ અંદર આવી ગયો છે.

## મહિને૩૦૦ કિટ નાખતા કારીગરોને ૧૦૦ કિટનું કામ માંડ મળે છે : કિટના ખર્ચથી માંડીને ગેસના ભાવ સુધી ગણિત બદલાયું

અમદાવાદમાં CNGનો ભાવ પ્રતિ કિલો ૯૮.૪૭ થતાં હવે કારમાલિકો માટે બહારથી કીટ નંખાવ્યા પછી થતી બચતની ગણતરી વધુ મહત્ત્વની બની છે.

અમદાવાદના ફેબ્રુઆરી ૨૦૨૪ના અહેવાલ મુજબ, દેશમાં CNG વાહનોનું વેચાણ ૨૦૨૩માં ૫૩% વધ્યું હતું. પરંતુ ફેક્ટરીમાં જ CNGની સુવિધા ધરાવતી કાર તરફ ગ્રાહકો વળતાં બહારથી કીટ નંખાવવાની માંગને અસર થઈ હતી. એસ.જી હાઈવે પર સીએનજીની કીટ ફીટિંગનો ધંધો કરતાં મિકેનિક જણાવે છે કે એક સમય હતો કે રોજની ૩૦૦ કીટો નાંખતા.

હવે માંડ ૧૦૦ કીટોનું પણ કામ નથી થતું. આખો ધંધો ૫૦ ટકાની અંદર સમેટાઈ ગયો છે. દર ચાર-પાંચ મહિને પેટ્રોલ અને સીએનજીના તફાવતના ગણિત વચ્ચે સામાન્ય માણસ બચત ક્યાં છે તે જ વિચારવામાં હેરાન થાય છે.

કારમાં બહારથી CNG કીટ નંખાવવાનો ખર્ચ કીટના પ્રકાર અને કારના મોડેલ પ્રમાણે બદલાય છે. આધુનિક કારમાં કીટ નંખાવવા માટે આશરે અત્યારે અંદાજિત રૂ. ૫૦ હજારની આસપાસ થાય છે. આટલું રોકાણ કર્યા પછી કારમાલિકને પેટ્રોલની સરખામણીએ કેટલી બચત થાય છે તે કારના માઈલેજ, દૈનિક વપરાશ અને CNGના ભાવ પર આધારિત છે.

ગેસનો ભાવ વધે ત્યારે પ્રતિ કિલોમીટર થતી બચત ઘટે છે અને કીટ નંખાવવાનો ખર્ચ વસૂલ થવામાં વધુ સમય લાગે છે. છેલ્લાં વર્ષોમાં કાર ઉત્પાદક કંપનીઓએ ફેક્ટરીમાંથી જ CNGની સુવિધા ધરાવતાં વધુ મોડેલ બજારમાં મૂક્યાં છે. આવી કાર ખરીદનારને બહારથી કીટ નંખાવવાની જરૂર રહેતી નથી. તેના કારણે સ્વતંત્ર કીટ ઈન્સ્ટોલરો માટે બજારમાં સ્પર્ધા વધી ગઈ છે. બીજી તરફ, આધુનિક કારમાં કીટ નંખાવવા માટેની ટેક્નિકલ જરૂરિયાતો અને મંજૂરીની પ્રક્રિયા પણ ધંધાને અસર કરે છે.

૨૦૧૩ના એક અહેવાલ પ્રમાણે, ગુજરાતમાં CNG કીટ નંખાવવાનો ખર્ચ આશરે રૂ. ૩૦ હજારથી રૂ. ૩૫ હજાર હતો. જે અત્યારે ૫૦ હજાર સુધી પહોંચ્યો છે. તેની સામે શરુઆતના તબક્કામાં બચતનો આંકડા સામે પ્રશ્નાર્થ છે.

### સીએનજી કિટના વળતા પાણી?

* ૨૦૨૧માં સીએનજી કીટના ધંધામાં ૩૦ ટકા વધારો.
* ૨૦૨૨માં બીએસ૬ના નિયમો આવતા કીટ નાંખવાના ધંધા સામે મોટો પડકાર અને ધરખમ ઘટાડો.
* ૨૦૨૩માં કંપની ફીટેડ CNG વાહનોનું વેચાણ વધ્યું, પણ કીટના ધંધાને વ્યાપક અસર.
* ૨૦૨૬માં પેટ્રોલ કારમાં સીએનજી કીટ નંખાવવાનું કામ ૫૦ ટકા કરતાં ઓછું.

### સ્ટ્રોક, મગજની સમસ્યા ધરાવતા દર્દીઓ માટે

# સિવિલમાં રૂ. ૨૨૩ કરોડના ખર્ચે ન્યૂરોસાયન્સ-રિસર્ચ સેન્ટર બનશે

અમદાવાદ,શનિવાર

અમદાવાદની સિવિલ મેડિસિટી ખાતે રૂપિયા ૨૨૩ કરોડના ખર્ચે અત્યાધુનિક 'ઈન્સ્ટિટ્યુટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' બનાવાશે. જેનાથી સ્ટ્રોક, મગજ, કરોડરજ્જુની જટિલ બીમારી ધરાવનારા તેમજ અકસ્માતમાં થતી ન્યૂરાલોજિકલ ઈજાઓના દર્દીને લાભ થશે.

## ૫૮૮૩૧ ચોરસ મીટર વિસ્તારમાં ૫૨૧ બેડ, ૧૬૦ આઈસીયુ, ૧૩ ઓપરેશન થિયેટર સહિતની સુવિધા

આ સંસ્થા ૫૮,૮૩૧ ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તારમાં આકાર લેશે અને તે ૫૨૧ પથારીની ક્ષમતા ધરાવશે.

આ સેન્ટરમાં ૨૮૮ જનરલ વોર્ડ બેડ, ૧૬૦ આઈ.સી.યુ. બેડ, ૫૭ સ્પેશિયલ અને સેમી-સ્પેશિયલ બેડ તેમજ ૧૬ ટ્રાયેજ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે. જેમાં ૧૩ આંતરરાષ્ટ્રીય ધોરણના ઓપરેશન થિયેટર, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, ઈમરજન્સી રેડિયોલોજી, અત્યાધુનિક પ્રયોગશાળા , બ્લડ બેંક, સેન્ટ્રલ સ્ટેરાઈલ સર્વિસિસ વિભાગ , ન્યુમેટિક ટ્યુબ સિસ્ટમ અને ઈન-હાઉસ ન્યુરો-રિહેબિલિટેશન સેન્ટર જેવી વર્લ્ડ-ક્લાસ સુવિધાઓનો સમાવેશ થાય છે.

'ઈન્સ્ટિટ્યુટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર'નું શનિવારે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગે જણાવ્યું કે હવે અમદાવાદની જેમ વસઈ અને કામરેજ ખાતે પણ અંદાજે રૂપિયા ૩ હજાર કરોડના ખર્ચે નવી મેડિસિટી વિકસાવવાનું આયોજન છે.


નારણપુરા કા
MASTER PLAN
0% Interest Till Possession
3 BHK
1.0Cr++
90999 91050


અયોધ્યા-બનારસ
હરિદ્વાર-ગોકુળ-મથુરા
M.9979855749


★ Scratch and Win ★


MASAI MARA-KENYA
98246 58577
VANYA


BLUE BUDDHA
NEW IN
DAKOTA FIT
SHOP more SAVE
SAVE UPTO ₹4000*
LIVE IN-STORES


uti
UTI Mutual Fund
Haq, ek behtar zindagi ka.
ઈન્વેસ્ટમેન્ટ
પોર્ટફોલિયો
KYC
રોકાણ કરવા અથવા તમારાં મોજૂદ રોકાણોનો
દાવો કરવા માટે તમારી કેવાયસી પૂર્ણ કરો.
UTI SWATANTRA
India Invest Karo


KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,29,580/-
18 KT 1,05,980/-
14 KT 82,380/-
+91 95109 70230
વડોદરા । મુંબઈ । અમદાવાદ । સુરત । વાપી । ભરૂચ । કોસંબા


KANTILAL
KANTILAL JEWELLERS PRESENTS 'NITYA' COLLECTION
FLAT 5.99%
MAKING CHARGES ONLY


HONDA
THE NEW
ELEVATE
ALL NEW. ALL BOLD.
FRONT & REAR VENTILATED SEATS (FIRST-IN-SEGMENT)
360° SURROUND-VISION CAMERA
POWER ADJUSTABLE FRONT SEATS (DRIVER 8-WAY, CO-DRIVER 4-WAY)
ELECTRIC PARKING BRAKE WITH AUTO HOLD
LOW SPEED FOLLOW (ADAS)
BOLD MESH GRILLE WITH RUGGED TRI-BAR SIGNATURE LED LIGHTS | CONNECTED SIGNATURE LED TAIL LAMPS | WRAP-AROUND AMBIENT LIGHTING |
PREMIUM DUAL-TONE IVORY-BLACK CABIN WITH SOFT-TOUCH FINISH | CAPACITIVE-TOUCH REAR LED SPOT LAMPS | FRONT & REAR PARKING SENSORS |
ALL-WHEEL DISC BRAKES | SUPERIOR CABIN REFINEMENT | USB-C CHARGING PORTS | PM 2.5 AQI INDICATOR WITH AUTO CLEAN AIR FUNCTION
AND MORE TO EXPLORE...
EXCHANGE BONUS ₹30 000
EMI ₹1111
SCAN TO TALK TO OUR EXPERT
Visit Nearest Honda Dealership
Call +91 73034 61122 | www.hondacarindia.com
Honda SENSING
10 YEAR
E20 FUTURE-READY SINCE 2009
SCRAPPAGE BENEFITS
SEAT BELTS

### જમીનમાંથી રીતસર સરવાણી ફૂટી!

# શેલાની સોસાયટીઓના ત્રીજા અને બીજા બેઝમેન્ટમાં વગર વરસાદે પાણી ભરાયા



અમદાવાદ, શનિવાર

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રોકેટ ગતિએ વિકસી રહેલા શેલામાં સરકાર, મ્યુનિ. કોર્પોરેશન અને ઔડાના યોગ્ય આયોજનના અભાવે લોકોએ ડગલેને પગલે હાડમારી વેઠવાની નોબત આવે છે. ચોમાસામાં ગોઠણથી કમ્મરડૂબ પાણી અહીં ભરાયા હતા. પરંતુ હવે વગર વરસાદે અનેક સોસાયટીઓના ત્રીજા અને બીજા બેઝમેન્ટમાં પાણી ભરાતા આશ્ચર્ય સાથે સ્થાનિક રહીશો માટે એક નવી મુશ્કેલી શરૂ થઈ છે.

## આયોજન વગરના વિકાસના માઠા પરિણામો લોકોએ ભોગવવાનો વારો આવ્યો : મ્યુનિ.-ઔડામાં ફરિયાદો

શેલા વિસ્તારમાં ક્લબ ઓ-૭ રોડ પર આવેલી મોટાભાગની ઈમારતો હાઈરાઈઝ છે. જેમાં બેથી ત્રણ માળ સુધીના બેઝમેન્ટ પાર્કિંગ અને કેટલીક કોમન ફેસિલિટિઝ ઉભી કરવામાં આવી છે. કેટલાક દિવસોથી અહીંની ૧૫-૨૦ જેટલી સોસાયટીઓના બેઝમેન્ટમાં વગર વરસાદે પાણી ભરાયા છે. જમીનમાંથી ફૂટેલી સરવાણીના પાણીને સિમેન્ટ કોંક્રીટનું તળિયુ રોકી શકતું નથી. સ્થાનિક રહેવાસીઓએ લાચારી વ્યક્ત કરતા જણાવ્યું છે કે, બે-ત્રણ ઈંચથી લઈને અડધો ફૂટ સુધીના પાણી ત્રીજા અને બીજા બેઝમેન્ટમાં ભરાઈ રહ્યા છે. આ મામલે મ્યુનિ. કોર્પોરેશન અને ઔડામાં ફરિયાદો કરવામાં આવી છે. અધિકારીઓ સ્થળ નિરિક્ષણ કરવા પણ આવે છે. પરંતુ બાદમાં આગળની કોઈ કાર્યવાહી થઈ રહી છે. કેટલીક સોસાયટીઓમાં બેઝમેન્ટમાં ઉભી કરવામાં આવેલી કોમન સુવિધાઓમાં નુકસાની થઈ છે. બેઝમેન્ટમાં પોતાના વાહનો પાર્ક કરતા લોકો ડર અનુભવે છે. બિલ્ડિંગના બાંધકામને પણ નુકસાની થઈ રહી છે.

### હવે વિકલ્પ શું?

જાણકાર સૂત્રોના મતે શેલા સહિતના આસપાસના વિસ્તારોમાં આવેલા નાના-મોટા તળાવો ૨૦-૨૫ ફૂટ જેટલા ઉંડા ઉતારવામાં આવે તો પ્રશ્ન ઉકેલાઈ શકે છે. તળાવો અને નાના-મોટા નાળા સહિતના વરસાદી પાણીના વહેણોનો કાંપ કાઢીને તેની સફાઈ જરૂરી છે. કુદરતી પાણીના વહેણો ખુલ્લા નહીં થાય તો ભવિષ્યમાં આ પ્રશ્ન વધારે વકરશે.

### શા કારણે પ્રશ્ન પેદા થયો?

સામાન્ય રીતે એક માળની ઉંચાઈ ૧૦ ફૂટની હોય છે. આ ગણતરી મુજબ ત્રણ બેઝમેન્ટમાં ૩૦થી ૩૫ ફૂટનું ખોદકામ થયેલું હોય છે. પાણીના તળ ખુબ સારા હોય તો આટલા ફૂટના બોરમાં પાણી આવી જાય છે! આ પદ્ધતિ અનુસાર જ હાલમાં ચોમાસાનું જમીનમાં સંગ્રહાયેલું પાણી બહાર આવી રહ્યું છે. બીજી તરફ જૂના વહેણ અને પાણીના સ્ત્રોત પૂરી દેવામાં આવતા હવે પાણીનો નિકાલ થઈ શકતો નથી.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28












### વાત વાતમાં

## નવાં ટિચીંગ મટિરીયલ્સ !

ગુજરાત સરકારે અચાનક હુકમ બહાર પાડી દીધો છે કે સરકારી સ્કુલોમાં બહારની કોઈ વ્યક્તિએ પ્રવેશ કરતાં પહેલાં આચાર્યની મંજુરી લેવી પડશે ! બોલો.

કેમકે સરકારને ડર છે કે સ્કુલોમાં જો પુરતાં શૈક્ષણિક સાધનો નહીં હોય તો ? પોલ ખુલી જશે ! જોકે સરકારને ખબર જ નથી કે આજકાલ સાવ નવાં ટિચિંગ મટિરીયલ આવી ગયા છે !...

* * *

**જુનું મટિરીયલ : સોટી**

જુના જમાનામાં તો ભણાવવા માટે એક જ ચીજ પુરતી હતી... 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે રુમઝુમ !' પણ હવે બદલાયું છે...

* * *

**નવું મટિરીયલ : ટાઈ**

તમે માર્ક કરજો કે જે છોકરાંઓને સ્કુલમાં ટાઈ પહેરાવવામાં આવે છે, એને હંમેશાં ટાઈ વગરનાં છોકરાંઓ કરતાં વધારે હોંશિયાર માનવામાં આવે છે ! બોલો, છે ને ચમત્કાર ?

* * *

**નવું મટિરીયલ : એસી**

'અમારી સ્કુલના તમામ કલાસરૂમોમાં એસી છે !' આજકાલનાં માબાપો આવું કહેતી વખતે કેટલું પ્રાઉડ ફીલ કરે છે ! કેમકે એસી લાગતાંની સાથે જ શિક્ષણની વેલ્યુ (ફી) હાઈ થઈ જાય છે.

* * *

**નવું મટિરીયલ : સ્કુટી**

તમારાં બાબા કે બેબી ૧૦મા કે ૧૨મામાં આવે કે તરત તમારે આ મોંઘું ટિચીંગ મટિરીયલ લાવી જ આપવું પડે છે ! જો તમે આ મટિરીયલ નથી અપાવી શકતા તો રિઝલ્ટમાં ઓટોમેટિક રીતે ૧૦થી ૧૨ ટકાનો ફેર પડી જાય છે !

* * *

**નવું મટિરીયલ : કેન્ટિન**

અહીં વિવિધ સ્વાદવાળાં ટિચીંગ મટિરીયલ મળવાં જરૂરી છે ! કેમકે પિત્ઝા, બર્ગર, મોમોઝ ઉપરાંત વેફર્સ, કુન્ચિઝ જેવાં રંગબિરંગી પડીકાં ખાનારાના માર્કસ... ઢેબરાં અને છુંદો ખાનારા બાળકો કરતાં ૨૦ ટકા વધી જતા હોવાનું મનાય છે !

* * *

**બેસ્ટ મટિરીયલ : મોબાઈલ !**

એને 'સ્માર્ટ' ફોન કહે છે, તે કંઈ અમથા અમથા કહેતા હશે ? આમાં ચેટ જીપીટી જેવાં એપ્સ તો ટ્યુશન કલાસિસને ટક્કર મારે એવી ઝડપથી ભણાવે છે ! એટલું જ નહીં, હવે તો હોમવર્ક પણ 'ઓટો-મોડ' વડે થઈ જાય છે.

એક હથેળીમાં સમાઈ જાય એવડા નાના આ ટિચીંગ મટિરીયલથી છોકરું પોતાની જાતને પોતાનાં મા-બાપ કરતાં પણ વધારે ઈન્ટેલિજન્ટ માનતું થઈ જાય છે ! વિકાસ છે ભૈ વિકાસ...

- મન્નુ શેખચલ્લી

### અમદાવાદના ૭૦%

(છેલ્લા પાનાનું ચાલુ)

વાત્ત્ટર વર્ક્સમાં ઉપલબ્ધ રાત્ત્-વાત્ત્ટરના જથ્થા મુજબ પાણીનું શુદ્ધીકરણ કરીને વિતરણ કરવામાં આવશે, તેથી પાણીની ઉપલબ્ધતા પ્રમાણે પુરવઠામાં ઘટાડો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં હાલ દરરોજ અંદાજે ૧૬૦૦થી ૧૭૦૦ મિલિયન લીટર પીવાના પાણીનો પુરવઠો કરવામાં આવે છે. વ્યક્તિદીઠ સરેરાશ દૈનિક વપરાશ ૨૦૦ લીટરથી વધારે હોય છે.

### ગુજરાત સરકારના

(છેલ્લા પાનાનું ચાલુ)

૨૦૨૨ માટે ૬૯ ટકા, ૧ જુલાઈથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ માટે ૮૪ ટકા, ૧ જાન્યુઆરીથી ૩૦ જૂન, ૨૦૨૩ માટે ૧૦૦ ટકા અને ૧ જુલાઈથી ૩૧ આત્ક્ટોબર, ૨૦૨૩ માટે ૧૧૫ ટકાનો તફાવત નક્કી કરવામાં આવ્યો છે. ૧ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના સમયગાળા માટે પણ ૧૧૫ ટકાનો તફાવત દર્શાવાયો છે. જ્યારે ૧ જાન્યુઆરીથી ૩૦ જૂન, ૨૦૨૪ના સમયગાળા માટે આ તફાવત ૧૩૧ ટકા રહેશે.

### સાસણ-તાલાલા

(છેલ્લા પાનાનું ચાલુ)

તીવ્રતાનો આંચકો નોંધાયો છે.આ પહેલા ગત તા.૧ ઓક્ટોબરે ૩.૨નો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો અને તે સાથે અનેક નાના આંચકા આવ્યા હતા. હજુ ત્રણ દિવસ પહેલા તા.૨૧ને બુધવારે પણ આજના લોકેશનની ત્રણ કિ.મી.દૂર ૨.૮નો ભૂકંપ તથા અન્ય હળવા આંચકા આવ્યા હતા.

સૌથી વધુ તીવ્રતાના ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ તાલાલાથી ૧૧ કિ.મી.ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશાએ ચિત્રોડ ગામ નજીક જમીનમાં માત્ર ૭.૮ કિ.મી. ઉંડાઈએ ઉદ્ભવ્યો હતો અને અન્ય આંચકા પણ તેની આજુબાજુ જ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આ પહેલા અમરેલી-મિતિયાળા પંથકમાં પણ આવા અનેક કંપનો નોંધાયા છે જે પણ સ્વાર્મ માટે સંવેદનશીલ ધરતી ધરાવે છે.

ભારતમાં ગુજરાતના ગીર વિસ્તાર તથા કંઈક અંશે જામનગર-પોરબંદર વિસ્તાર અને મહારાષ્ટ્રમાં નાસિક,નાગપુર, પાલઘર, કોયના વિસ્તારો આવા સ્વાર્મ અર્થક્વેક માટે જાણીતા છે.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**












### શેલામાં રહેતા વ્યક્તિને શેરબજારમાં નાણાં રોક્યા હતાં

# ૧.૮૯ કરોડના રોકાણ પર ૯.૨૯ કરોડનો નફો દર્શાવીને છેતરપિંડી કરાઈ

અમદાવાદ,શનિવાર

શેલામાં આવેલા ધ કેનવાસ એપાર્ટમેન્ટમાં રહેતા સાઈન જહોન સેમ્યુઅલને ઈન્સ્ટાગ્રામ પર રોકાણની રીલ જોઈને વિશ્વાસ કરવાનું ભારે પડ્યું હતું. જેમાં તેમને રૂપિયા ૧.૮૯ કરોડની માતબર રકમ ગુમાવવાનો વારો આવ્યો હતો. સાયબર ફ્રોડ કરતી ગેંગ દ્વારા તેમને આઈપીઓ અને સ્ટોકમાં રોકાણ કરાવીને એપ્લિકેશનમાં ૯.૨૯ કરોડનો નફો દર્શાવ્યો હતો. જે નફો વીડ્રો કરવા માટે નફાની ૨૦ ટકા એટલે બીજા ૧.૪૮ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવતા સાઈન જહોનને પોતાની સાથે છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો અને તેમણે અમદાવાદ ગ્રામ્યના સાયબર રેંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

## ઈન્સ્ટાગ્રામમાં રીલ જોઈને વિશ્વાસ કરતા નાણાં ગુમાવવાનો વારો આવ્યો નફો ઉપાડવાના બદલામાં ૨૦ ટકા કમિશન પેટે નાણાં માગ્યા હતાં

અમદાવાદના શેલામાં આવેલા ધ કેનવાસ એપાર્ટમેન્ટમાં રહેતા સાઈન જહોન સેમ્યુઅલ વર્ષ ૨૦૧૩થી એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા અને છેલ્લાં ત્રણ મહિનાથી ઘરે હતા. બે મહિના પહેલા તે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોતા હતા ત્યારે રોકાણ પર સારા વળતરની લાલચ આપતી એક રીલ જોવા મળી હતી. તે શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છતા હોવાથી લીંક પર ક્લીક કર્યું હતું. બાદમાં તેમને એક મહિલાનો ફોન આવ્યો હતો. તેણે સ્ટોક અને આઈપીઓમાં રોકાણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. જેથી એક એપ્લીકેશન ડાઉનલોડ કરીને તેમણે ડેટા અપલોડ કરીને કેટલાંક નાણાં રોક્યા હતા. બાદમાં તેમને વીઆઈપી કેટગેરીમાં રાખીને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરીને વિવિધ ટીપ્સ આપતા હતા. જેથી વિશ્વાસમાં આવીને તેમણે આઈપીઓ અને સ્ટોકમાં કુલ ૧.૮૯ કરોડની માતબર રકમનું રોકાણ કર્યું હતું. જેની સામે ૯.૨૯ કરોડનો મોટો નફો દર્શાવવામાં આવ્યો હતો. તેમને નાણાંની જરૂર હોવાથી નફો ઉપાડવા માટે કહેતા તેમને નફાની ૨૦ ટકા રકમ એટલે ૧.૪૮ કરોડ રૂપિયા કમિશન તરીકે જમા કરવાનું કહેતા સાઈન જહોનને શંકા ગઇ હતી અને તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે તેમની સાથે મોટી છેતરપિંડી થઇ છે.

### નારોલ-વિશાલા હાઈવે પરથી અટકાયત

# મગફળીની આડમાં ટ્રકમાં ભરેલો ૨૮ લાખનો વિદેશી દારૂ પકડાયો

અમદાવાદ,શનિવાર

શહેરના નારોલ-વિશાલા હાઈવે પર મગફળીની આડમાં ટ્રકમાં લાવવામાં આવેલી રૂપિયા ૧૯ લાખની કિંમતની વિદેશી દારૂની આશરે છ હજાર બોટલનો જથ્થો જપ્ત કરીને ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. મધ્યપ્રદેશના એક બુટલેગર દારૂનો જથ્થો અમદાવાદ સપ્લાય કરવા માટે મોકલ્યો હતો. આ અંગે ક્રાઈમબ્રાંચે તપાસ શરૂ કરી છે.

## વિદેશી દારૂની ૬ હજાર બોટલનો જથ્થો અમદાવાદના બુટલેગરને સપ્લાય કરવા માટે મોકલાયો હતો

વિશાલા-નારોલ હાઈવે પરથી એક ટ્રકમાં વિદેશી દારૂનો મોટો જથ્થો લાવવામાં આવતો હોવાની બાતમી ક્રાઈમ બ્રાંચના અધિકારીઓને મળી હતી. જેના આધારે શનિવારે રાતના સમયે વોચ ગોઠવીને હાઈવે પરથી એક શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરતા તેમાં મગફળીની બોરીની આડમાં છુપાવેલી વિદેશી દારૂની છ હજાર બોટલો મળી આવી હતી. જેની કિંમત આશરે ૧૯ લાખ હતી. પોલીસે આ અંગે ડ્રાઈવર અરબાઝ ઈદા (રહે. ઉજ્જેન મધ્યપ્રદેશ)ની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે મધ્યપ્રદેશના થાંદલામાં રહેતા એક વ્યક્તિએ દારૂનો જથ્થો ભરીને અમદાવાદ મોકલ્યો હતો. તે કોલ કરીને દારૂ પહોંચતો કરવાનું લોકેશન મોકલવાનો હતો. પરંતુ, તે પહેલા પોલીસે તેને ઝડપી લીધો હતો. પોલીસે ટ્રક અને દારૂનો જથ્થા સાથે કુલ ૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ શરૂ કરી છે.

### સગીરા પર દુષ્કર્મ આચરનાર ટ્યુશનીયા શિક્ષકને ૨૦ વર્ષની જેલ

અમદાવાદ,શનિવાર

શહેરના દાણીલીમડા વિસ્તારમાં ટ્યુશનમાં ભણવા આવતી માત્ર ૧૪ વર્ષની સગીરાને દુષ્કર્મનો ભોગ બનાવનાર આરોપી ટ્યુશનીયા શિક્ષક સુનીલ ઉર્ફે પિન્ટુ હરિભાઇ પરમારને અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટે એક દાખલારૂપ ચુકાદા મારફતે ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજનીતા એચ.વાસવેલિયાએ ગુજરાત વિક્ટિમ કોમ્પન્સેશન સ્કીમની જોગવાઇ હઠળ પીડિતાને સાડા પાંચ લાખ રૂપિયાનું વળતર અપાવતો હુકમ પણ કર્યો હતો. કોર્ટે આરોપી શિક્ષકને સમાજમાં દાખલો બેસે તે પ્રકારે સખતમાં સખત સજા કરવી જોઇએ. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી શિક્ષકને ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

### અવસાન નોંધ

**પંચાલ** : સ્વ. જયંતીલાલ મોહનલાલ પંચાલનું બેસણું, પાટીદાર પ્રાર્થના ભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, કોમલ એન્કલેવ પાસે, ચંદ્રનગર, પાલડી ખાતે, ૨૬ ઓક્ટોબરના સવારે ૯થી ૧૧.

**રાણા** : સ્વ. કામીનીબેન શાલીગ્રામ રાણાનું બેસણું, જૈન સેવા સમાજની વાડી, રિલીફ રોડ ખાતે, સવારે ૧૦થી ૧૨.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

### જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા દશક્રોઈના ગામ મોજે ચોસરની સીમના રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૫૭૯/૦૦૧ (જુના બ્લોક નંબર-૮૯ પૈકી) ની કુલ ૪૨૧૪૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) ભીખુભાઇ પોપટભાઇ ગજેરા (વ.વ.૫૦%ના હિસ્સેદાર) (૨) ધર્મેશ બાબુલાલ ગેલાણી (વ.વ.૨૫%ના હિસ્સેદાર) તથા (૩) હિરેન કાંતિલાલ સોજીત્રા (વ.વ.૨૫%ના હિસ્સેદાર)એ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૮૬૬૫

તારીખ : ૨૫-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

### જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) સંજય રમેશચંદ્ર પટેલ,રહેવાસી-અમદાવાદના(રૂા.૧/- ના વરાડે ૨૫ પૈસાના હિસ્સેદાર) (૨) રાકેશ રમેશચંદ્ર પટેલ, રહેવાસી-અમદાવાદના (રૂા.૧/- ના વરાડે ૨૫ પૈસાના હિસ્સેદાર) (૩) બાલક્રિષ્ના મંગળદાસ ઠક્કર,રહેવાસી-અમદાવાદના (રૂા.૧/- ના વરાડે ૪૦ પૈસાના હિસ્સેદાર) તથા (૪) SHORISTHI DEVELOPERS LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદારશ્રી સંજયકુમાર રમેશભાઈ પટેલ, રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે સનાથલની સીમના સર્વે/બ્લોક નંબર-૨૭૧/બ ૩ (જુના સર્વે/બ્લોક નંબર-૨૭૧/પૈકી બ કે જેનો જુનો સર્વે/ બ્લોક નંબર-૨૭૧ પૈકી)ના ખાતા નંબર-૨૧૨૧ ની ૮૯૩૫ ચોરસમીટરની જમીન પૈકી ૪૯૩ચોરસમીટરની જમીન અમદાવાદ-બામણબોર-રાજકોટ નેશનલ હાઈવે-૮/એ(નવો એન.એચ.૪૭) માટે સંપાદનમાં ગયેલ છે. જયારે બાકી રહેતી ૮૪૪૨ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપરોક્ત જમીનમાલિકોની પોત-પોતાના હિસ્સા અનુસારની સંપૂર્ણ, સંયુક્ત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૪-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

# રિઝર્વ બેંકના લિક્વિડિટી અંગેના મિશ્ર સંકેતોથી ભીંસમાં મૂકાયેલી બેંકો

અમદાવાદ, તા. ૨૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લિક્વિડિટી (પ્રવાહિતા) બાબતે લેવાઈ રહેલા વિરોધાભાસી પગલાંને કારણે બેંકો વધતા ફંડિંગ ખર્ચનો સામનો કરી રહી છે, જ્યારે કેન્દ્રીય બેંક ઓવરનાઈટ મની માર્કેટમાં તંગી ટાળવા માટે ભંડોળ પણ પૂરું પાડી રહી છે.

## ઘટતી સરપ્લસ લિક્વિડિટીને કારણે ઓવરનાઈટ દરો વધતાં CD દરોમાં ૧૦૦ બેસિસ પોઈન્ટથી વધુનો ઉછાળો : સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાની શકયતા ઓછી



ટૂંકા ગાળાના ધિરાણ દરોમાં થયેલા તીવ્ર વધારા અને સરપ્લસ લિક્વિડિટી લગભગ સુકાઈ જવાને કારણે, બજારના સહભાગીઓ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શું રિઝર્વ બેંકનું આ કડક વલણ ધારણા કરતાં વધુ નિયંત્રણકારી બની રહ્યું છે.

ડેટા અનુસાર, એક મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) રેટ ઓક્ટોબરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટ્સથી વધુ વધીને ૬.૭૬% થઈ ગયો છે, જ્યારે એક વર્ષનો દર ૯૪ બેસિસ પોઈન્ટ્સ વધ્યો છે.

આ મહિનાની શરૂઆતમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સના વ્યાજદર વધારા પછી નાણાકીય સ્થિતિ કડક બનાવવાનો પ્રયાસ કરી રહેલી રિઝર્વ બેંકએ બેંકિંગ સિસ્ટમમાં રૂ. ૨.૫ લાખ કરોડ ઠાલવ્યા હોવા છતાં આ તીવ્ર વધારો જોવા મળ્યો છે.

જાણકારોનું કહેવું છે કે એક સાથે લિક્વિડિટી ઉમેરવી (ઈન્જેક્શન) અને પાછી ખેંચવી (વિથડ્રોઅલ) એ બોન્ડ માર્કેટને ગૂંચવણભર્યા સંકેતો આપી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે રહેવાની શક્યતા હોવાથી, રિઝર્વ બેંક દ્વારા લિક્વિડિટી અંગે વિરોધાભાસી સંકેતો અપાયા હોવા છતાં સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.

નાણાકીય સ્થિરતાની બાબતોએ રિઝર્વ બેંકના નિર્ણયોને પ્રભાવિત કર્યા હોઈ શકે છે તે સ્વીકારતા, રિપોર્ટમાં દલીલ કરવામાં આવી છે કે લિક્વિડિટી મેનેજમેન્ટની એવી દ્વિપક્ષીય નીતિ, જેમાં એક જ સમયે નાણાં ઠાલવવા અને પાછા ખેંચવા સામેલ હોય, તે આવી નીતિઓ કરતાં વિનિમય દર (એક્સચેન્જ રેટ) વ્યવસ્થાપન માટે વધુ યોગ્ય છે.

બેંકિંગ પ્રણાલીમાંથી જે ઝડપે પ્રવાહિતા ગાયબ થઈ ગઈ છે તેનાથી આ અનિશ્ચિતતા વધુ વધી ગઈ છે. રિઝર્વ બેંકના આંકડા મુજબ, સપ્ટેમ્બરની શરૂઆતમાં રૂ. ૧૧ લાખ કરોડથી વધુની ટોચ પર પહોંચેલી સરપ્લસ લિક્વિડિટી ઘટીને ૨૧ ઓક્ટોબરે માત્ર રૂ. ૫૪૧ કરોડ થઈ ગઈ હતી. માત્ર એક જ મહિનામાં સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) દરોમાં થયેલો વધારો સૂચવે છે કે બજારો માર્ચ સુધી તટસ્થ લિક્વિડિટી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને અગાઉથી તૈયારી કરી રહ્યા છે.

### AI-સંચાલિત સાયબર જોખમો અંગે RBI સતર્ક

અમદાવાદ, તા. ૨૪

રિઝર્વ બેંક અને અન્ય બેંકો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એજન્ટ્સ દ્વારા ઊભા થતા સાયબર જોખમો પ્રત્યે સતર્ક છે અને તેમની આઈટી સિસ્ટમ્સમાં રહેલી ખામીઓને ઓળખીને તેને દૂર કરવા પગલાં લઈ રહી છે તેમ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું.

ટેસ્ટ મોડમાં કાર્યરત એઆઈ એજન્ટો દ્વારા વિદેશી બેંકો પર કથિત રીતે હુમલો કરી ડેટા ચોરી કરવાના અહેવાલોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આવા જોખમો વાસ્તવિક છે, પરંતુ બેંકિંગ સિસ્ટમને સુરક્ષિત રાખીને તેનો સામનો કરી શકાય છે.

સરકાર તેમજ રિઝર્વ બેંક બંનેએ બેંકોને સતર્ક કરી છે, અને બેંકો પણ આ બાબતે સભાન છે તથા આવી કોઈપણ ખામીઓને દૂર કરવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. બેંકો અને એનબીએફસી પોતાની આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવે તેમજ નિર્ધારિત નિયમોનું યોગ્ય પાલન કરે તે સુનિશ્ચિત કરવા રિઝર્વ બેંક તેમની સાથે સતત સંવાદમાં છે.

કારના વેચાણમાં SUVs મોખરે રહી

# GST ૨.૦ પછી કારના વેચાણમાં ૧૦ લાખથી વધુનો થયેલો વધારો



અમદાવાદ, તા. ૨૪

GST ૨.૦ના અમલ પછીના ૧૨ મહિનામાં પેસેન્જર વાહનોના રિટેલ વેચાણમાં લગભગ ૧૦ લાખ વાહનોનો વધારો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મુખ્ય ફાળો એસયુવી વાહનોનો રહ્યો છે, જ્યારે નાની કારો પરના ટેક્સ કાપને કારણે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો છે.

વાહન પોર્ટલના ડેટાના વિશ્લેષણ મુજબ, ઑક્ટોબર ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રજિસ્ટ્રેશન ૨૨% વધીને ૫૩.૫ લાખ (૫.૩૫ મિલિયન) થયું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૪૩.૬ લાખ (૪.૩૬ મિલિયન) હતું. આમ, કુલ ૯,૯૪,૭૫૮ વાહનોનો ચોખ્ખો વધારો થયો છે. વધેલા કુલ વેચાણમાં લગભગ બે-તૃતીયાંશ હિસ્સો યુટિલિટી વ્હીકલ્સનો રહ્યો હતો, જેમાં રજિસ્ટ્રેશનમાં ૨૫.૩%નો વધારો જોવા મળ્યો છે, જેની સરખામણીએ સામાન્ય કારોમાં ૧૫.૬% ની વૃદ્ધિ થઈ હતી.

આ વલણ દર્શાવે છે કે ગ્રાહકોની પસંદગી સતત એસયુવી તરફ વળી રહી છે, અને મોટા મૉડલ્સ પર ઊંચા ટેક્સ હોવા છતાં આ માંગે વેગ પકડ્યો છે.

સૌથી મજબૂત વૃદ્ધિ મિડ-સેગમેન્ટ કેટેગરીમાંથી જોવા મળી હતી, જેમાં હ્યુન્ડાઇ ક્રેટા, મારુતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા અને ટોયોટા અર્બન ક ઝર હાઈરાઈડર જેવી મિડ-સાઈઝ એસયુવી સામેલ છે. આ સેગમેન્ટમાં રજિસ્ટ્રેશન ૪૨.૪% વધીને ૭,૪૬,૧૬૬ થી ૧૦.૬ લાખ (૧.૦૬ મિલિયન) સુધી પહોંચી ગયું છે.

આ વધારો નોંધપાત્ર છે કારણ કે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ લાગુ કરાયેલા નવા માળખા હેઠળ મિડ-સાઈઝ અને મોટી એસયુવી પર ૪૦% જીએસટી લાગે છે, અને નાની કારોને મળેલા ટેક્સ ઘટાડાનો લાભ આ કેટેગરીને મળ્યો નહોતો. આ વૃદ્ધિ દર્શાવે છે કે ટેક્સ ફેરફારોની તાત્કાલિક અસર ઉપરાંત પણ એસયુવી માટે ગ્રાહકોની પસંદગી માંગનું એક મોટું અને મજબૂત પરિબળ બની રહી છ મિની-કાર સેગમેન્ટના રજિસ્ટ્રેશનમાં ૩૯% નો ઉછાળો આવ્યો છે અને તે ૧,૦૭,૮૦૨થી વધીને ૧,૪૯,૮૫૨ થયું છે. આ લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા સેગમેન્ટ માટે એક મોટો સુધારો છે. આ કેટેગરીમાં મારુતિ સુઝુકીની અલ્ટો અને એસ-પ્રેસો જેવા માત્તડલ્સનો સમાવેશ થાય છે. લાયક ઠરતી નાની કારો પર જીએસટીનો દર ૨૮% થી ઘટાડીને ૧૮% કરવામાં આવ્યો હતો.

## નાની કારો પરના ટેક્સ કાપને કારણે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો

ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં બંધ બજારે રૂપિયો વધુ તૂટ્યો

# ચાંદીમાં મંદીને બ્રેક: જોકે સોનું વધુ તૂટ્યું ક્રૂડ ઉછળી છ મહિનાની ટોચે પહોંચ્યું

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોનાના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. ચાંદીના ભાવ જોકે ઘટતા અટકી પ્રત્યાઘાતી સુધારા પર રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ જોવા મળ્યું હતું.

## અમેરિકામાં બેરોજગારીના દાવા ઘટી ૬૦ વર્ષના તળીયે: સોનામાં વિકલી ભાવ ઘટાડામાં ચાર મહિનાનો રેકોર્ડ તૂટયો

વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૨૪થી ૪૦૨૫ ડોલરવાળા ઘટી ૪૦૦૦ની અંદર ઉતરી છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૩૯૯૬થી ૩૯૯૭ ડોલર રહ્યા હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૧૦૧.૪૫ થયા પછી ઉંચામાં ઈન્ડેક્સ ૧૦૧.૮૫ થઈ ૧૦૧.૭૫ રહ્યાના સમાચાર હતા.

વિશ્વબજારમાં ક્રૂડના ભાવ ઉછળતાં અમેરિકામાં ફુગાવો વધ્યો છે તથા ત્યાં હવે આગળ ઉપર વ્યાજના દરમાં વધુ વૃધ્ધિ થવાની શક્યતા વચ્ચે ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચકાયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ વધુ રૂ.૧૦૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૫૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૫૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના ઘટતા અટકી રૂ.૧૯૮૦૦૦ના મથાળે જળવાઈ રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ચાંદીના ભાવ ઔંશના ૫૩.૮૯ વાળા છેલ્લે ૫૩.૯૦થી ૫૩.૯૧ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે જીએસટી વગર ચાંદીના ભાવ રૂ.૧૯૪૪૧૫ વાળા રૂ.૧૯૬૦૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૦૬૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૧૨૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ સોના- ચાંદીમાંજીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં આ સપ્તાહમાં સોનાના ભાવ આશરે ૪ ટકા તૂટતાં છેલ્લાં ૪ મહિનાનો સૌથી નબળો સપ્તાહ જોવા મળ્યો હતો.

વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૧૫૬૭થી ૧૫૬૮ વાળા નીચામા ભાવ ૧૫૪૨ થઈ છેલ્લે ૧૫૫૩થી ૧૫૫૪ ડોલર રહ્યા હતા. પેલેડીમના ભાવ ૧૦૫૨થી ૧૦૫૩ વાળા છેલ્લે ૧૦૪૭થી ૧૦૪૮ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારે ડોલરના ભાવ રૂ.૯૪.૯૪ વાળા ૯૫.૦૧ બોલાતા હતા. વિશ્વબજારમાં કોપરના ભાવ છેલ્લે ૧.૭૧ ટકા પ્લસમાં રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ વધી છ મહિનાની ટોચે પહોંચ્યા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૧૧૭.૪૫ થઈ ૧૧૬.૭૨ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૧૦૩.૯૨ થઈ ૧૦૩.૨૭ ડોલર રહ્યા હતા. ઈરાન પ્રેરીત હાઉથી જૂથો તથા સાઉદી અરેબીયા વચ્ચે ઘર્ષણ વધતાં હોર્મુઝ રુટ પર જહાજો પર હુમલાઓ વધતાં ક્રૂડ બજારમાં ફરી તેજી આવી હોવાનું તથા ભાવ વધી ૧૨૦ ડોલર ઉપર પહોંચવાની ગણતરી બજારના જાણકારો દર્શાવી રહ્યા હતા.

દરમિયાન, અમેરિકામાં બેરોજગારીના દાવા જોબલેસ કલેઈમ્સ ૬૦૦૦ ઘટી ૧૯૪૦૦૦ આવતા ત્યાં જોબ માર્કેટમાં મજબુતાઈ દેખાયાના વાવડ હતા. આવા બેરોજગારીના દાવા ઘટી ત્યાં ૬૦ વર્ષના તળીયે ઉતરી ગયા હોવાનું વિશ્વબજારના જાણકારો જણાવી રહ્યા હતા.

# જિયોના IPO સાથે રિલાયન્સ ગ્રૂપ Mcapમાં પ્રથમ સ્થાને પહોંચવા તૈયાર

અમદાવાદ, તા. ૨૪

આગામી સપ્તાહે જિયો પ્લેટફોર્મ્સના લિસ્ટિંગ સાથે, રિલાયન્સ ગ્રૂપ માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ ટાટા ગ્રૂપને પાછળ છોડીને દેશનું સૌથી મોટું બિઝનેસ ગ્રૂપ બનવા જઈ રહ્યું છે.

જિયો પ્લેટફોર્મ્સના શેર દીઠ રૂ. ૧,૧૧૯ના અપર પ્રાઈસ બેન્ડના આધારે કંપનીનું મૂલ્યાંકન રૂ. ૧૦.૩૦ લાખ કરોડ આંકવામાં આવ્યું છે.

જિયો પ્લેટફોર્મ્સ સહિત રિલાયન્સ ગ્રૂપનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન હવે રૂ. ૨૭.૯૩ લાખ કરોડ થઈ ગયું છે, જે ટાટા ગ્રૂપની ૨૬ લિસ્ટેડ કંપનીઓના સંયુક્ત રૂ. ૨૫.૪ લાખ કરોડના માર્કેટ કેપિટલાઇઝેશન કરતાં વધુ છે. આ યાદીમાં રૂ. ૧૬.૨ લાખ કરોડના માર્કેટ કેપ સાથે અદાણી ગ્રૂપ ત્રીજા ક્રમે છે, જ્યારે ભારતી ગ્રૂપ અને બજાજ ગ્રૂપ અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે આવે છે.

### માર્કેટ કેપ અનુસાર ટોચના ૫ બિઝનેસ ગ્રૂપ

| | | |
|---|---|---|
| રિલાયન્સ* (૧૧ લિસ્ટેડ કંપનીઓ) | : | રૂ. ૨૭,૯૩,૦૯૧ કરોડ |
| ટાટા (૨૬ લિસ્ટેડ કંપનીઓ) | : | રૂ. ૨૫,૩૭,૬૬૫ કરોડ |
| અદાણી (૧૨ લિસ્ટેડ કંપનીઓ) | : | રૂ. ૧૬,૨૦,૫૬૦ કરોડ |
| ભારતી (૩ લિસ્ટેડ કંપનીઓ) | : | રૂ. ૧૩,૬૧,૫૯૫ કરોડ |
| બજાજ (૧૨ લિસ્ટેડ કંપનીઓ) | : | રૂ. ૧૩,૩૫,૦૮૭ કરોડ |

નોંધ : જિયો પ્લેટફોર્મ્સનું માર્કેટ કેપ આઈપીઓના હાયર પ્રાઈસ બેન્ડના આધારે ગણતરીમાં લેવામાં આવ્યું છે.
(માર્કેટ કેપ રૂ. કરોડમાં)

### IMFનો ચલણમાં લવચીકતા રાખવા અનુરોધ

અમદાવાદ, તા. ૨૪

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે જણાવ્યું છે કે વિદેશી હૂંડિયામણ બજારમાં હસ્તક્ષેપ (ઈન્ટરવેન્શન) ટૂંકા ગાળાથી આગળ મર્યાદિત ફાયદા આપે છે, તેથી ચલણને વૈશ્વિક આંચકાઓ સામે આપમેળે અનુકૂલિત થવાની છૂટ આપવી જોઈએ.

જે દેશો વિનિમય દરો (એક્સચેન્જ રેટ)માં મુક્ત હિલચાલની મંજૂરી આપે છે તેમને વધુ લાભ થયો છે. વૈશ્વિક આંચકાઓનો સામનો કરી રહેલી અર્થવ્યવસ્થાઓમાં વિનિમય દરોને દબાણ સહન કરવા દેવું જોઈએ અને તેણે સંરક્ષણની પ્રથમ હરોળ (ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ) તરીકે કામ કરવું જોઈએ.

વર્ષ ૨૦૧૩ના 'ટેપર ટેન્ટ્રમ' પછી રિઝર્વ બેંક હાલ રૂપિયાને ટેકો આપવા માટે સૌથી આક્રમક બચાવ કરી રહી છે. આ વર્ષે રૂપિયો એશિયાના સૌથી નબળા પ્રદર્શન કરનારા ચલણોમાં સામેલ રહ્યો છે.

# સ્માર્ટફોનના ભાવમાં વધારો થવાની સાથોસાથ માંગમાં પણ ઘટાડો થયો

અમદાવાદ, તા. ૨૪

સ્માર્ટફોન ઉત્પાદનમાં વપરાતા કેટલાક મુખ્ય ઘટકોના ભાવમાં વધારાને કારણે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬ ક્વાર્ટર દરમિયાન બજારમાં મોટો ઉલટફેર થયો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં ૨૦ ટકાનો મોટો ઘટાડો થયો છે, જે એક દાયકાના નીચલા સ્તરે પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં સેમસંગ ફરી એકવાર ટોચનું સ્થાન મેળવ્યું છે.

## લોકો હવે ચોક્કસ સમયગાળા પછી તેમના ફોન બદલી રહ્યા નથી, તેની પાછળ ખર્ચો કરીને વાપરી રહ્યા છે

બજાર સંશોધન કંપની કાઉન્ટરપોઈન્ટ રિસર્ચે તેના માસિક અહેવાલ જણાવ્યું હતું કે આ વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન ભારતમાં સ્માર્ટફોન શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૦% ઘટાડો થયો છે. આ એક દાયકામાં સૌથી નીચું સ્તર છે. આ ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદકો માટે ચિંતાનું કારણ બનશે.

કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના આ અહેવાલ મુજબ, સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના સ્માર્ટફોનના શિપમેન્ટમાં ૪૭%નો મોટો ઘટાડો થયો છે. આનું કારણ એ છે કે ફોનના વધતા ભાવોને કારણે લોકો વિચારી રહ્યા છે કે શું તે કિંમતે ફોન ખરીદવો એ વધુ સારા મોડેલ માટે યોગ્ય છે. તેથી, રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના મોડેલની માંગ પર નોંધપાત્ર અસર પડી છે.

લોકો હવે ચોક્કસ સમયગાળા પછી તેમના ફોન બદલી રહ્યા નથી, જેમ તેઓ પહેલા કરતા હતા. લોકો હવે તેમના જૂના ફોનનું જીવન મહત્તમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પછી ભલે તે બેટરી બદલીને હોય કે ખામીને સુધારીને. તેઓ ફોન અપગ્રેડ મુલતવી રાખી રહ્યા છે કારણ કે નવા ફોન વધુ મોંઘા થઈ ગયા છે. આ પડકાર આ બજાર ક્ષેત્રને નબળો પાડી રહ્યો છે.

ગ્રાહકો હવે વધુ પસંદગીયુક્ત બની ગયા છે. તેઓએ રિપ્લેસમેન્ટ ચક્ર લંબાવ્યું છે અને અપગ્રેડમાં વિલંબ કરી રહ્યા છે. બીજી બાજુ, સ્માર્ટફોન OEM એ દિવાળી પહેલા આક્રમક વોલ્યુમ વિસ્તરણ કરતાં માર્જિન સુરક્ષા, પોર્ટફોલિયો રેશનલાઈઝેશન અને ચેનલ ઈન્વેન્ટરીને પ્રાથમિકતા આપી છે.

### સપ્ટેમ્બર ત્રિમાસિકમાં બિઝનેસ કોન્ફિડેન્સ ઈન્ડેકસમાં થયેલો વધારો

મુંબઈ, તા. ૨૪

વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતના બિઝનેસ સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો છે.

નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાયડ ઈકોનોમિક રિસર્ચ (એનસીએઈઆર) દ્વારા તૈયાર કરાયેલા બિઝનેસ કોન્ફિડેન્સ ઈન્ડેકસ સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૧૦૭.૮૦ રહ્યો છે જે જૂન ત્રિમાસિકમાં ૯૯.૮૦ રહ્યો હતો.

દેશના છ મોટા શહેરો દિલ્હી, બેંગ્લુરુ, ચેન્નાઈ, કોલકત્તા, મુંબઈ તથા પૂણેમાં હાથ ધરાયેલા ૫૦૦ જેટલી કંપનીઓના સર્વેમાં ઉદ્યોગોનો વેપાર કોન્ફિડેન્સ ઊંચે ગયાનું જોવા મળ્યું હતું.

નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ત્રિમાસિકમાં ૧૪૨.૬૦ની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળાનો બિઝનેસ કોન્ફિડેન્સ ઈન્ડેકસ નીચો રહ્યો છે.

આગામી છ મહિનામાં એકંદર આર્થિક સ્થિતિ સુધરશે તેવું માનનારી કંપનીઓનો હિસ્સો જૂન ત્રિમાસિકમાં જે ૪૩ ટકા હતો તે વધી ૫૦ ટકા પહોંચી ગયો છે.

# નવા સપ્તાહમાં નિફ્ટી ૨૨૮૫૫થી ૨૨૨૫૫, સેન્સેક્સ ૭૪૨૨૨થી ૭૨૩૩૩ વચ્ચે ફંગોળાશે

મુંબઈ, શનિવાર

વિશ્વ ફરી ઈંધણ કટોકટી તરફ ધકેલાઈ રહ્યું છે. અલનીનોની અસરે એક તરફ વરસાદની અછત અને અસાધારણ ગરમી અને દુષ્કાળની સ્થિતિ સર્જાવા લાગી છે, ત્યારે બીજી તરફ ફરી વિશ્વના માથે ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો ઊભો થયો છે. ઈરાન મામલે અમેરિકાએ જાણે હાથ ઊંચા કરી દીધા હોય એમ હવે ઈરાન સાથે સાઉદી અરેબિયાને ભેખડે ભરાવી દઈ ગલ્ફ દેશોમાં અશાંતી ઊભી કરી વિશ્વના ઓઈલ પુરવઠા સાથે વૈશ્વિક વેપાર માટે અવરોધો ઊભા કરી નવું સંકટ સર્જ્યું છે. ઈરાન સમર્થિત હુથીઓ દ્વારા સાઉદી અરેબિયા પર હુમલા અને બીજી બાજુ હોર્મુઝ માર્ગે વહન કરતા જહાજો પર હુમલા કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવોને ભડકે બાળવાનો ખેલ ખેલાતા આયાત પર નિર્ભર ભારત સહિતના દેશો માટે સંભવિત મોટું જોખમ ઊભુ કરીને વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોનું સેન્ટીમેન્ટ અત્યંત ખરાબ કર્યું છે. ક્રુડના ભાવ બ્રેન્ટના ૧૧૭ ડોલર પહોંચી ગયા છે. પ્રાઈમરી માર્કેટમાં જિયો પ્લેટફોર્મ્સના આઈપીઓએ વિક્રમી ભંડોળ એકત્ર કર્યા સામે સેકન્ડરી માર્કેટમાં જે પ્રકારે જાતેજાત શેરોમાં જે રકાસ થયો છે, એ પરિસ્થિતિએ અનેક રોકાણકારોને હચમચાવી મૂક્યા છે. હાલ ટૂંકાગાળા માટે બજારની સ્થિતિ નબળી રહેવાની શકયતા બાદ ઘટાડે બજારને ટેકો મળવાની પૂરી શકયતા છે. બજાર એક પ્રકારે ઓવરસોલ્ડ બન્યું છે. ઘટાડે બજારમાં સારા શેરોને સપોર્ટ મળતો જોવાય એવી પૂરી શકયતા છે. પરંતુ આ ઘટાડામાં ફંડો સસ્તામાં શેરો એક્યુમલેટ કરવા હજુ ફફડાટ ફેલાવી ટૂંકાગાળામાં અણધાર્યા આંચકા આપી શકે છે. ક્રુડના નેગેટીવ પરિબળ સામે ટૂંક સમયમાં અપેક્ષિત સંભવિત ઈન્ડિયા-યુ.એસ. ટ્રેડ ડિલની જાહેરાત બજાર માટે ટર્નિંગ પોઈન્ટ બની શકે છે. જિયોનું લિસ્ટિંગ અને ટ્રેડ ડિલ યોગાનુયોગ બની શકે છે. આગામી સપ્તાહમાં નિફ્ટી સ્પોટ ૨૨૮૫૫થી ૨૨૨૫૫ની રેન્જ અને સેન્સેક્સ ૭૪૨૨૨થી ૭૨૩૩૩ની રેન્જમાં ફંગોળાતા જોવાઈ શકે છે.

## અર્જુનની આંખે : EMAMI PAPER MILLS LTD.

બીએસઈ(૫૩૩૨૦૮), એનએસઈ (EMAMIPAP) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, ઈમામી પેપર મિલ્સ લિમિટેડ(EMAMI PAPER MILLS LIMITED), વર્ષ ૧૯૮૧માં સ્થાપિત કંપની રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર, ન્યુઝ પ્રિન્ટ તેમ જ પેકેજિંગ બોર્ડનું ઉત્પાદન કરે છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત ઈમામી ગ્રુપના પેપર ઉત્પાદન વિભાગ તરીકે, ઈમામી પેપર ભારતીય પેપર ઉદ્યોગમાં એક અગ્રણી નામ છે. પર્સનલ કેર અને હેલ્થકેર, ખાદ્યતેલ અને ફૂડ્સ, બાયોડીઝલ, ફાર્મા રિટેલ, રિયલ એસ્ટેટ, બુક સ્ટોર્સ, સમકાલીન કલા અને રમતગમત જેવા વિવિધ ક્ષેત્રોમાં ગ્રુપની મજબૂત પરંપરાનો લાભ મેળવીને ઈમામી પેપર નવીનતા અને વિશાળ ઉત્પાદન ક્ષમતા દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા પેપર સોલ્યુશન્સ પૂરા પાડે છે.

ઈમામી પેપર ન્યુઝપ્રિન્ટ, રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર તથા મલ્ટિલેયર કોટેડ બોર્ડના ઉત્પાદનમાં વિશેષતા ધરાવે છે. ભારતની સૌથી મોટી ન્યુઝપ્રિન્ટ ઉત્પાદક કંપની અને પૂર્વ ભારતમાં ન્યુઝપ્રિન્ટનું ઉત્પાદન કરતી એકમાત્ર કંપની હોવાનો તેને ગૌરવ છે. વધુમાં, વિવિધ પેકેજિંગ અને પ્રિન્ટિંગ જરૂરિયાતો પૂરી કરવા માટે મલ્ટિલેયર કોટેડ બોર્ડના ક્ષેત્રમાં પણ કંપની એક અગ્રણી સ્થાન ધરાવે છે. ઈમામી પેપર ભારતની ટોચની ૧૦ પેપર કંપનીઓમાં એક છે અને પેકેજિંગ બોર્ડની અગ્રણી ઉત્પાદક કંપની છે. રિસાયકલ્ડ અને વર્જિન ફાઈબરનો ઉપયોગ કરીને તેની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક બે લાખ મેટ્રિક ટન છે.

એફએમસીજી, પર્સનલ કેર, ફાર્માસ્યુટિકલ્સ અને ઈ-કોમર્સ ક્ષેત્રોમાં વધતી માંગને કારણે વર્જિન ફાઈબર આધારિત ઉત્પાદનો પેપર ઉદ્યોગના સૌથી ઝડપથી વિકસતા સેગ્મેન્ટોમાં એક છે. કંપની ન્યુઝપ્રિન્ટ સેગ્મેન્ટમાં પણ અગ્રણી છે અને તેની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧.૪૦ લાખ મેટ્રિક ટન છે. રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર (ડબલ્યુપીપી) સેગ્મેન્ટની માંગ છેલ્લા કેટલાક વર્ષોથી સ્થિર રહી છે અને મધ્યમગાળામાં તેમાં નીચા એક અંકના દરે વૃદ્ધિ થવાની શકયતા છે. આ ક્ષેત્રમાં પહેલેથી સ્થાપિત સાહસિક હોવાનો અને સમગ્ર ભારતમાં હાજરીનો ઈમામી પેપરને લાભ મળે છે.

**ઉત્પાદન ક્ષેણી-પ્રોડકટસ પ્રોફાઈલ :** (૧) પેકેજિંગ બોર્ડ (૨) રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર (૩) ન્યુઝપ્રિન્ટ (૪) ઓઈલ અને ગ્રીસ પ્રતિરોધક પેપર (૫) બલ્કી પેપર

**ગ્રાહક ઉદ્યોગો-યુઝર ઈન્ડસ્ટ્રીઝ :** પ્રિન્ટ મીડિયા, એફએમસીજી, એજ્યુકેશન, રિટેલ, ઈ-કોમર્સ અને સામાન્ય ઉદ્યોગો

કંપની ન્યુઝપ્રિન્ટ, રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર તથા મલ્ટિલેયર કોટેડ બોર્ડના ઉત્પાદનમાં વિશેષતા ધરાવે છે. કંપની ભારતની સૌથી મોટી ન્યુઝપ્રિન્ટ ઉત્પાદક કંપની છે અને પૂર્વ ભારતમાં મલ્ટિલેયર કોટેડ બોર્ડનું ઉત્પાદન કરતી એકમાત્ર કંપની છે. કંપની ઉચ્ચ-ગુણવત્તાવાળા રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપરની વિશાળ શ્રેણી પૂરી પાડે છે, જેમાં તેની વિશિષ્ટ બ્રાન્ડ સોલિટેરનો સમાવેશ થાય છે. કંપનની રિસાયકલ્ડ ગ્રેડ અને વર્જિન ગ્રેડ બન્ને પ્રકારના કન્ઝયુમર પેકેજિંગ બોર્ડનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. મુખ્ય ઉત્પાદનોમાં ઈમામી મેક્સોફોલ્ડ, ઈમામી ગ્લેમકોટ અને ઈમામી ઈકો સ્ટ્રોંગ ગ્રે બોર્ડનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કંપનીની આવકના ૯૨ ટકા હિસ્સાનું યોગદાન સ્થાનિક બજારમાંથી અને ૮ ટકા હિસ્સાનું યોગદાન નિકાસમાંથી મળ્યું હતું. કંપનીનું મુખ્ય મથક કોલકાતામાં છે અને તેની ઉત્પાદન ફેકટરી બાલાસોર, ઓડિશામાં આવેલી છે. કંપનીનું ઉત્પાદન એકમ નજીકના કન્ટેનર પોર્ટથી માત્ર ૨૧૦ કિલોમીટરના અંતરે વ્યુહાત્મક રીતે આવેલું છે, જે લોજિસ્ટિક્સની દ્રષ્ટિએ નોંધપાત્ર લાભ આપે છે. કંપનીના ઉત્પાદન એકમને આઈએસઓ ૧૪૦૦૧, આઈએસઓ ૯૦૦૧ અને આઈએસઓ ૪૫૦૦૧ પ્રમાણપત્રો પ્રાપ્ત છે.

**ઉત્પાદન મશીનોની ક્ષમતા : (૧) પેપર મશીન ૧ :** વાર્ષિક ૧૮,૦૦૦ ટન-ઉચ્ચ ગુણવત્તાવાળા રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર, સ્પેશ્યલાઈઝ્ડ પેપર, લેજર અને ન્યુઝપ્રિન્ટ. **(૨) પેપર મશીન ૨ :** વાર્ષિક ૪૨,૦૦૦ ટન ક્ષમતા- ઉચ્ચ ગુણવત્તાવાળા રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર તથા ૪૨-૪૫ જીએસએમ ન્યુઝપ્રિન્ટ. **(૩) પેપર મશીન ૩:** વાર્ષિક ૮૦,૦૦૦ ટન ક્ષમતા- ન્યુઝપ્રિન્ટ, રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર તથા સ્પેશ્યલાઈઝ્ડ પેપર. **(૪) બોર્ડ મિલ ૪:** વાર્ષિ ૨,૦૦,૦૦૦ ટન ક્ષમતા- વર્જિન બોર્ડ અને ગ્રે બેક બોર્ડ.

**પેકેજિંગ બોર્ડ :** ઉચ્ચ ગુણવત્તાવાળા પેપર બોર્ડ બજારમાં વાર્ષિક ૧૦થી ૧૨ ટકાના દરે વૃદ્ધિ થઈ રહી હોવાથી ઈમામી પેપર મિલ્સ વધતી માંગને પહોંચી વળવા પોતાની ઉત્પાદન ક્ષમતા વિસ્તારી રહી છે. કંપનીના યુ.એસ. એફડીએ અને એફએસસી પ્રમાણિત પેકેજિંગ બોર્ડ સલામતી અને ટકાઉપણાં પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કંપની કોટેડ ફોલ્ડિંગ બોક્સ બોર્ડ, સોલિડ બ્લીચ્ડ બોર્ડ અને રિસાયકલ્ડ બોર્ડ સહિત મલ્ટિલેયર કોટેડ પેકેજિંગ બોર્ડની વિવિધ શ્રેણી પૂરી પાડે છે.

**રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર :** કંપની વિવિધ પ્રકારના પ્રીમિયમ અને અનકોટેડ પેપરનું ઉત્પાદન કરે છે. દરેક રાઈટીંગ અન પ્રિન્ટિંગની જરૂરિયાત માટે ઉત્તમ પરિણામ મળે તે રીતે આ પેપરનું ચોક્સાઈપૂર્વક ઉત્પાદન કરવામાં આવે છે, તેમાં ટકાઉ રીતે પ્રાપ્ત કરાયેલા ફાઈબરનો ઉપયોગ થાય છે.

**સ્પેશ્યાલિટી પેપર :** કંપનીના સ્પેશ્યાલિટી પેપર શ્રેણી વિવિધ મહત્વપૂર્ણ ઉપયોગો માટે વિશ્વસનીય કામગીરી પૂરી પાડે તે રીતે તૈયાર કરવામાં આવી ચે. ફાર્માસ્યુટિકલ ઈન્સર્ટ માટેના હાઈ-ક્લેરિટી પેપરથી લઈને ફૂડ પેકેજિંગ માટેના ઓઈલ અને ગ્રીસ પ્રતિરોધક પેપર તથા ઔદ્યોગિક ઉપયોગ માટેના ટકાઉ ઈન્ટરલીવિંગ પેપર સુધી, દરેક ઉત્પાદન ગુણવત્તા, સલામતી અને એકરૂપતાના ચોક્કસ ધોરણોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે.

**ન્યુઝપ્રિન્ટ :** ૧૦૦ ટકા રિસાકલ્ડ ન્યુઝપ્રિન્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. તે ઉત્તમ પ્રિન્ટ સ્પષ્ટતા, ઝડપી પ્રિન્ટિંગ મશીનોમાં સરળ કામગીરી અને એકસરખી ગુણવત્તા પૂરી પાડવા માટે બનાવવામાં આવ્યું છે. હલકું હોવા છતાં ટકાઉ આ પેપર અખબારો, પૂરક પ્રકાશનો, સામયિકો અને વ્યાવસાયિક પ્રિન્ટિંગ માટે યોગ્ય છે.

**કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો :**

**(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ :**

ચોખ્ખી આવક રૂ.૧૯૨૮ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૧૮૦ ટકા વધીને રૂ.૯૩ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૩.૧૬ ટકા થકી ચોખ્ખો નફો ૧૩૬ ટકા વધીને રૂ.૬૧ કરોડ હાંસલ કરી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૮.૬૯ નોંધાવી છે.

**(૨) પ્રથમ ત્રિમાસિક એપ્રિલ ૨૦૨૬થી જૂન ૨૦૨૬ :**

ચોખ્ખી આવક ૨૨ ટકા વધીને રૂ.૫૬૦ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૫૬૯ ટકા વધીને રૂ.૫૩.૨૬ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૯.૯૦ ટકા થકી ચોખ્ખો નફો ૫૧૨ ટકા વધીને રૂ.૩૮.૬૧ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૫.૬૯ હાંસલ કરી છે.

**(૩) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ :**

અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૨૨૫૦ કરોડ થકી કરવેરા પૂર્વેનો નફો રૂ.૨૦૮ કરોડ અપેક્ષિત સાથે નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૬.૯૩ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૧૫૫ કરોડ મેળવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૨૫.૬૨ અપેક્ષિત છે.

**બોનસ ઈસ્યુ :** એપ્રિલ ૧૯૯૫માં કંપનીએ ૨:૧ના ધોરણે બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. જેનાથી કુલ રૂ.૧૨ કરોડની પેઈડ-અપ કેપિટલમાં ૧૫ ટકા ઈક્વિટી બોનસ શેરોની છે.

**ડિવિડન્ડ :** વર્ષ ૨૦૨૨માં ૮૦ ટકા, વર્ષ ૨૦૨૩માં ૮૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૮૦ ટકા, વર્ષ ૨૦૨૫માં ૮૦ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૬૦ ટકા

**શેર હોલ્ડિંગ પેટર્ન :** પ્રમોટર્સ હસ્તક ૭૫ ટકા, એફઆઈઆઈઝ પાસે ૦.૫૪ ટકા, રિટેલ રોકાણકારો પાસે ૯.૦૮ ટકા, કોર્પોરેટસ પાસે ૧૨.૧૯ ટકા અને અન્ય પાસે ૩.૧૯ ટકા છે.

**બુક વેલ્યુ :** માર્ચ ૨૦૨૨ના રૂ.૬૭.૬૯, માર્ચ ૨૦૨૩ના રૂ.૭૫.૨૪, માર્ચ ૨૦૨૪ના રૂ.૮૭.૭૦, માર્ચ ૨૦૨૫ના રૂ.૮૪.૫૨, માર્ચ ૨૦૨૬ના રૂ.૮૧.૯૪, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૧૦૮

**કમ્પાઉન્ડેડ વેચાણ વૃદ્ધિ :** ૧૦ વર્ષમાં ૧૩ ટકા, પાંચ વર્ષમાં ૯ ટકા, ત્રણ વર્ષમાં નેગેટીવ ૭ ટકા, ટીટીએમ નેગેટીવ ૭ ટકા.

**કમ્પાઉન્ડેડ નફા વૃદ્ધિ :** ૧૦ વર્ષમાં ૧૦ ટકા, પાંચ વર્ષમાં ૪૦ ટકા, ત્રણ વર્ષમાં નેગેટીવ ત્રણ ટકા, ટીટીએમ ૩૮૨ ટકા.

**શેરના ભાવની સીએજીઆર વૃદ્ધિ :** ૧૦ વર્ષમાં પાંચ ટકા, પાંચ વર્ષમાં નેગેટીવ ૭ ટકા, ત્રણ વર્ષમાં નગેટીવ ૪ ટકા, એક વર્ષમાં પોઝિટીવ ૨૫ ટકા.

**ઈક્વિટી પર વળતર :** ૧૦ વર્ષમાં ૧૨ ટકા, પાંચ વર્ષમાં ૧૬ ટકા, ત્રણ વર્ષમાં ૧૧ ટકા, એક વર્ષમાં ૧૨ ટકા.

**શેર દીઠ આવક-ઈપીએસ :** વર્ષ ૨૦૨૨માં રૂ.૧૮.૯૮, વર્ષ ૨૦૨૩માં રૂ.૧૧.૪૩, વર્ષ ૨૦૨૪માં રૂ.૧૩.૯૩, વર્ષ ૨૦૨૫માં રૂ.૪.૩૦, વર્ષ ૨૦૨૬માં રૂ.૮.૬૯, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૨૫.૬૨

**ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન :** વર્ષ ૨૦૨૨માં ૧૬ ટકા, વર્ષ ૨૦૨૩માં ૯ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૨ ટકા, વર્ષ ૨૦૨૫માં ૭ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૦ ટકા, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં ૧૩ ટકા.

**આરઓસીઈ :** વર્ષ ૨૦૨૨માં ૧૭ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૨ ટકા, વર્ષ ૨૦૨૫માં ૭ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૧ ટકા, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં ૧૯ ટકા

**પીયર-સમકક્ષ કંપનીઓના પી/ઈ રેશિયોની સરખામણી :** જે.કે.પેપર ૨૧.૮૫, વેસ્ટ કોસ્ટ પેપર ૨૧.૨૨, એન.આર.અગ્રવાલ ઈન્ડસ્ટ્રીઝ ૪૭.૨૪, આંધ્ર પેપર ૫૨.૨૬, ઉદ્યોગનો સરેરાશ પી/ઈ ૧૬, ઈમામી પેપરનો ૨૦૨૭ની અપેક્ષિત ઈપીએસ રૂ.૨૫.૬૨ મુજબ ૪.૨૨ પી/ઈ.

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) ગોએન્કા પરિવારના ૭૫ ટકા પ્રમોટર્સ હોલ્ડિંગ ધરાવતી, ઈમામી પેપર મિલ્સ લિમિટેડ, પૂર્ણ નાણા વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૨૫.૬૨ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૧૦૮ સામે રૂ.૨ પેઈડ-અપ શેર રૂ.૧૦૮ ભાવે, ઉદ્યોગના સરેરાશ ૧૬ના પી/ઈ સામે ૪.૨૨ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે.

## EMAMI PAPER MILLS, અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૧૦૮ સામે શેર રૂ.૧૦૮ ભાવે, ઉદ્યોગના સરેરાશ ૧૬ના પી/ઈ સામે ૪.૨૨ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે

ગુજરાત સમાચાર

CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર

PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

# ક્લાસિફાઈડ

Call : 8799236001/2/3

ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

## આશ્રમરોડ

### વેચવાનું છે

વેચાણ આપવાની છે 1500 ફૂટ ઓફિસ સમૃદ્ધિ આશ્રમ રોડ 9825355663

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, ઉસ્માનપુરા, આશ્રમરોડ. મો. 9714321397

વેચવાનો છે બંગલો 400 વારનો ઉસ્માનપુરા, આશ્રમરોડ. Broker 9327041600, 9974931507

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, લક્ઝુરીયસ, 1 કાર પાર્કીંગ સાથે, જૈન દેરાસર નજીક, ઉસ્માનપુરા, આશ્રમરોડ. 7778044455

વેચવાનો છે બંગલો, 457 Sq. ydsનો, સેમી ફર્નિશ્ડ, ઉસ્માનપુરા, આશ્રમરોડ. PH Realtor- 9825005830/ 8460005830

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન, 1000 ફીટ, ઓફિસ- ગોડાઉન લાયક, આશ્રમરોડ. 9824029059

ભાડે આપવાની છે. ફર્નીશ્ડ ઓફિસ, 950 સ્કેવર ફીટની, સાકાર- 9, આશ્રમરોડ, 9327005102, 9898541010

ભાડે/ વેચાણ આપવાનો છે. ફ્લેટ આશ્રમરોડ, ઉસ્માનપુરા કીરીટ મુખી 9374068730, 9998804975

ભાડે આપવાની છે ઓફિસ 2500 Ft આશ્રમરોડ. 9558243690

ભાડે આપવાની છે ઓફિસ 12500 Ft ફુલ્લી ફર્નીશ્ડ આશ્રમરોડ. 9558243690

For Rent/ Sell Showroom, 1800 Sq Ft, Krupal Pathshala, Ashramroad. Broker 9825415296

ભાડે આપવાની છે. ઓફિસ Prime Location, આશ્રમ રોડ. Contact. 9825282675

ભાડે આપવાની છે ઓફિસ Fully Furnished, 275 Sq. Feet, પનોરમા કોમ્પલેક્ષ, આશ્રમરોડ. Om Estate. 9825406422

ભાડે આપવાની છે ઓફિસ વેસ્ટ બેન્ક આશ્રમરોડ 9825734135

ભાડે આપવાની છે ઓફિસ ફર્નિશ્ડ 1600 સ્કવેર ફૂટ, સનવેસ્ટ બેંક, આશ્રમરોડ. 9227707808

## સી.જી. રોડ

### વેચવાનું છે

વેચવાનો છે પ્લોટ 800 વાર CG રોડ, 9924185065

For Sale Plot 4600 Square Yard Carpet, North Facing, 80 Feet Brts Road Panchvati CG Road 8758557638

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન 1650 સ્કવેર ફૂટ સ્વસ્તીક ચાર રસ્તા સૂર્યોદય કોમ્પલેક્ષ સીજી રોડ. 9601803688

ભાડે આપવાની છે ઓફીસ 150 ફૂટ ફૂલ્લી ફર્નીશ્ડ, સીજી રોડ 9898014849

ભાડે આપવાની છે ઓફિસ 2227 Ft, શુકન 203, CG રોડ. 9558243690

## નવરંગપુરા

### વેચવાનું છે

વેચવાની છે ઓફિસ ફુર્નીશ્ડ 700 ફૂટ મેઈન રોડ નવરંગપુરા 8128207075

વેચવાનો છે ફ્લેટ 3 બેડ લક્ઝુરિયસ ફુર્નીશ્ડ 2550 ફૂટ પાર્કિંગ સાથે નવરંગપુરા 7436055806

For Sale Flat 4 B H K, with still Parking, Navrangpura. 9712975991

For Sale Plot, 300 Yards, SP Stadium Road, Navrangpura- 9898982000

વેચવાની છે ઓફિસ, ફેરડીલ હાઉસ, ઓફ સીજી રોડ, નવરંગપુરા- 9601662009

વેચવાની છે, દુકાન 300 sq ft, નવરંગપુરા. 7046480677

વેચવાનો છે પ્લોટ 1300 વાર મેઈન રોડ ટચ GLS કોલેજ પાસે નવરંગપુરા. (દલાલ માફ) 9723004774, 7043660602

For Sale Bunglow 500 Var Navrangpura 9408056063 Deepak jain

વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K શ્રીમાળી સોસાયટીમા નવરંગપુરા 9374240602

વેચવાનો છે ફ્લેટ, અલ્ટ્રા લક્ઝુરીયસ, લો ગાર્ડન પાસે, નવરંગપુરા- 9913850555

વેચવાનો છે બંગલો, 315 વાર, નવરંગપુરા, દલાલ માફ- 9428219914

વેચવાનો છે સ્વતંત્ર પ્લોટ, 2000 વાર, 160 ફુટ ફ્રન્ટેજ, 100 ફુટ મોટો રોડ, નવરંગપુરા. 9824212588

વેચવાનો છે સ્વતંત્ર પ્લોટ 800 વારનો, 60 ફુટના રોડ, ક્લિનિક, Office લાયક, નવરંગપુરા. 9904520322 (દલાલ માફ)

વેચવાનો છે ફ્લેટ 3 બેડ ફુલ્લી ફર્નિશ્ડ, 250 વાર, નવરંગપુરા. 7819812039, 9099293606

વેચવાનો છે ફ્લેટ 4 બેડ, 450 વાર, નવરંગપુરા. Contact. 7819812039

વેચવાનું છે ટેનામેન્ટ વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા 6355791759

વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડનો ફુલ્લી ફર્નીશ્ડ નવરંગપુરા પ્રાઈમ લોકેશનમાં 6355791759

વેચવાનો છે 700 વારનો પ્લોટ રહેઠાણ/ ધંધાને લાયક રોડ ઉપરનો નવરંગપુરા પ્રાઈમ લોકેશનમાં 6355791759

વેચવાનો છે ફ્લેટ 3 B H K ઈશ્વરભુવન નવરંગપુરા 9724519748

વેચવાનું છે 4 બેડરૂમનું પેન્ટહાઉસ, 252 વાર ફ્લેટ + 500 ફૂટ ટેરેસ, લોરાઈઝ, નવરંગપુરા, 9429306131

વેચવાનો છે ફ્લેટ 2 B H K Allokin Avenue, નવરંગપુરા. 9375612344

વેચવાની છે ઓફિસ એરિયા 687 સ્કે. મીટર, Super Builtup યુનિવર્સિટી રોડ, નવરંગપુરા. 9408566556

વેચવાની છે દુકન, 1000 સ્કવે. ફૂટ, ફસ્ટ ફ્લોર, HL College Road, નવરંગપુરા- 9377764888

વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K, 265 વાર. બે લિફ્ટ, સ્વતંત્ર સોલર પેનલ, એલોટેડ કાર પાર્કિંગ 403, નમ્રતા ફ્લેટ્સ, ગોલ્ડન ટ્રાયંગલવાળા બે પેટ્રોલ પંપની પાછળ, સ્ટેડિયમ રોડ, નવરંગપુરા. મોબાઈલ 9825065826

For Sale Plot 1200 Square Yard North Facing, Suitable for Residence. Hindu Colony Navrangpura Call 8758557638

વેચવાનો છે ફ્લેટ. નિલયા, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા. M. 9879746266.

વેચવાની છે ઓફિસ, 405 Sq. Ft.ની બીજા માળે, નવરંગપુરા. PH Realtor- 9825005830/ 8460005830

વેચવાની છે ઓફિસ, 514 Sq. Ft., ફૂલ્લી ફર્નિશ્ડ, સ્ટેડિયમ, ગોલ્ડન ટ્રાયંગલ બિલ્ડીંગમાં, નવરંગપુરા. 7863857439

વેચવાનો છે બંગલો 4 B H K, 470 વાર, લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ, સોલાર પેનલ સાથે, ઈશ્વરભુવન, નવરંગપુરા. 9825259258

### જોઈએ છે

અર્જન્ટ વેચાણ જોઈએ છે પ્લોટ/ બંગલો 500થી 2000 વાર, કોર્પોરેટ હાઉસ તથા હોસ્ટેલ લાયક, નવરંગપુરા, સીજી રોડ, આંબાવાડી, ગુલબાઈ ટેકરા, વસ ત્રાપુર. 9376260602

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ, 2 B H K, HL કોલેજ પાસે, નવરંગપુરા- 9898101414

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 3 બેડનો- નવરંગપુરા. શાહ એસ્ટેટ. 9974089640

ભાડે/ વેચાણ આપવાની છે. ઓફિસ ફૂલી ફર્નિશ્ડ ઓફિસ 5000 સ્કે. ફુટ., બેઝમેન્ટ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા. 9427609819

ભાડે/ વેચાણ આપવાની છે જગ્યા 2700 સ્કે. ફૂટ., ઓફિસ, ગોડાઉન લાયક, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા. 9427609819

ભાડે આપવાની છે ફર્નિશ્ડ ઓફિસ ભાડે આપવાની, Office- 203, Yash Aqua, Vijay Char Rasta, Navrangpura- 9638793164

ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K, વર્કીંગ પ્રોફેશનલ યુવક/ યુવતીઓને લાયક, નવરંગપુરા. 9712950534

ભાડે આપવાનો છે. ફ્લેટ 3 B H K, ફર્નીશ્ડ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા. સંપર્ક:- 7878112344

ભાડે/ વેચાણ આપવાની છે. ઓફિસ નવરંગપુરા કીરીટ મુખી 9374068730, 9998804975

ભાડે આપવાની છે દુકાન, 425 ફૂટ, સ્ટેડીયમ રોડ, નવરંગપુરા- 9033003290

ભાડે આપવાની છે ઓફીસ 300 સ્કે ફુટ, નવરંગપુરા 9825367976

## એલીસબ્રીજ

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે. ફ્લેટ 3 B H K, એલિસબ્રિજ. 9426552649, 7984875033

## આંબાવાડી

### વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ 3 બી. એચ. કે પંચવટી સર્કલ પાસે, આંબાવાડી. 8160469889- 9925074211

**ઓફિસ વેચવાની છે**

હોસ્પિટલ લાયક સ્ટ્રેચર લિફ્ટ સાથે, બી.આર.ટી.એસ. મેટ્રો જંક્શન નજીક, જુના સુપર મિલ્ટઅપવાળી, ચેવસ ક્રોસીંગ પાસે, આંબાવાડી.

(M) 9825135168

વેચવા નો છે ફ્લેટ 3 બેડરૂમ, હીરાબાગ પાસે, 230 વાર Super Builtup 161 વાર કારપેટ. આંબાવાડી, સંપર્ક સતીષભાઈ owner 9949077202

વેચવાનો છે બંગલો આંબાવાડી, માણેકબાગ સોસાયટીની અંદર, 700 વારના કોર્નર પ્લોટમાં, 550 વારના બાંધકામ સાથે નો બંગલો. 7285019068.

વેચવાનો છે ફ્લેટ. 3 બેડરૂમ- હોલ- કિચન, ફર્નિશ્ડ. પરિમલ દેરાસર નજીક, આંબાવાડી. દલાલ માફ. 9427327521, 7874135392.

For Sale Bungalow, 800 Yards Plot, 650 Yards Construction, Main Road touch, Gulbai Tekra, Ambawadi- 9898982000

વેચવાનો છે ફ્લેટ 3 B H K, નહેરુનગર આંબાવાડી- 9825555776

વેચવાનો છે ફ્લેટ, 4 bedroom, 383 વાર, સર્વન્ટ રૂમ સાથે, નેહરુનગર, Ambawadi- 6353539133

વેચવાનો છે પ્લોટ 650 વાર, હોસ્ટેલ તથા કોર્પોરેટ હાઉસ લાયક, પાંજરાપોળ ચાર રસ્તા પાસે, આંબાવાડી. (દલાલ માફ) 9723004774, 7043660602

For Sale Bungalow 4 Bed Manekbag Society, Manekbag Ambawadi 9825752199

For Sale Bunglow 500 Var Manekbagh Ambawadi 9408056063 Deepak jain

વેચવાનો છે બંગલો 300 વાર કારપેટ પ્લોટ, નેમીનાથ સોસાયટી, નહેરૂનગર, આંબાવાડી. 9228148400

વેચવાની છે. ઓફિસ 293 ફૂટ, અશ્વમેઘ એલિગંસ -1 ભુદરપુરા રોડ, આંબાવાડી- 9825848381

વેચવાનો છે 2 B H K ફ્લેટ ફુલ્લી ફર્નિશ્ડ, 160 વાર, 2 કાર પાર્કિંગ સાથે, આંબાવાડી (દલાલ માફ) CA Realtors- 8401411929

વેચવાનો છે 2 B H K ફ્લેટ, 115 વાર, આંબાવાડી (દલાલ માફ) CA Realtors- 8401411929

વેચવાનો છે 4 B H K ફ્લેટ 270 વાર, આંબાવાડી , CA Realtors- 8401411929

For Sale /Rent Showroom 1600 Ft, Fully Furnished, Of Food Outlet, Gulbai Tekra, Ambawadi. 7984920945 The Real Estate Connect

વેચવાનો છે પ્લોટ 400 વાર, બંગલા લાયક, વાસ્તુ મુજબ, માણેકબાગ હોલ પાસે, આંબાવાડી (દલાલ માફ) 9624999988 ચિંતામણી પ્રોપર્ટીઝ

વેચવાની છે- દુકાન, ફર્નિશ્ડ, ગ્રાઉન્ડ ફ્લોર, 300 ફૂટ કાર્પેટ, CA, વકીલ, ગારમેન્ટ, તથા કોઈપણ ધંધાને લાયક, G. F- 3, સુંદર ગોપાલ કોમ્પલેક્ષ, આંબાવાડી સર્કલ, (M) 9825112227, 9825415105

**500 ચોરસ વાર નો પ્લોટ વેચવાનો છે**

40 ફુટના રોડ ટચ

પ્રાઈમ લોકેશન - 6 બેડ રૂમ બંગલા સાથે

ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ

M. 8780126567

વેચાણ/ ભાડે આપવાની છે. અર્જન્ટ જગ્યા, 1000 Ft. ઓફિસ, ક્લાસ, ગોડાઉન લાયક. CN પાસે, આબાંવાડી. 9374162944

વેચવાનો છે પેન્ટહાઉસ, 3 B H K ટેરેસ સાથે, ફર્નિશ, આંબાવાડી, બ્રોકર. 9327798654

વેચવાનો છે સ્વતંત્ર પ્લોટ 400 વારનો, 30 ફુટનો રોડ, ક્લિનિક, Office લાયક, આંબાવાડી 9904520322 (દલાલ માફ)

વેચવાની છે શોપ 430 સ્કવેર ફુટ, પહેલો માળ, ગોયલ ટાવર, પાંજરા પોળ ચાર રસ્તા પાસે, આંબાવાડી. 9879300041

વેચવાનો છે ફ્લેટ 3 બેડ નહેરુનગર પાસે, પ્રાઈમ લોકેશન આંબાવાડી 6355791759

વેચવાનો છે ફ્લેટ અર્જન્ટ 3 B H K આંબાવાડી, 6357766559

વેચવાનો છે પ્લોટ 700 વાર આસપાસ, સારી ગેટેડ સોસાયટીમાં, પાંજરા પોળ ચાર રસ્તા, આંબાવાડી- 9825018819

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, ફુલ્લી ફર્નિશ્ડ. આંબાવાડી. M. 9173410860.

For Sale 4 B H K Tenement 200 var with personal space Lift and solar Nr. Panjra Pole, Ambavadi. 8320171214

વેચવાની છે દુકાન 400 Sq. Ft નહેરુનગર સર્કલની બાજુમાં મૈન રોડ ટચ. 9898009165

વેચવાનો છે બંગલો સ્વતંત્ર કોર્પોરેટ, દરેક ધંધાને લાયક, આંબાવાડી, 9913376608

તાત્કાલીક વેચવાનો છે ફ્લેટ, 2 B H K ફૂલ્લી ફર્નિશ્ડ, નહેરૂનગર, આંબાવાડી. 9825474628

વેચવાનું છે 3 b h k ફ્લેટ 135 વાર, કંડીશન, પ્રાઈમ લોકેશન, આંબાવાડીમાં. 9909008212

### જોઈએ છે

અર્જન્ટ વેચાણ જોઈએ છે પ્લોટ/ બંગલો 500થી 2000 વાર, કોર્પોરેટ હાઉસ તથા હોસ્ટેલ લાયક, નવરંગપુરા, સીજી રોડ, આંબાવાડી, ગુલબાઈ ટેકરા, વસ ત્રાપુર. 9376260602

વેચાણ જોઈએ છે પ્લોટ/ બંગલો 400થી 900 વાર, માણેકબાગ, આંબાવાડી, નવરંગપુરા, નારણપુરા. 8780321951

જોઈએ છે પ્લોટ 400 થી 500 વાર, માણેકબાગ, તપોવન, સત્યાગ્રહ છાવણી. 9426016334

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન, 3000 ફુટ, ઓફિસ, ગોડાઉન લાયક, નહેરુનગર, આંબાવાડી. 9824056344

ભાડે આપવાનો છે ફ્લેટ, 2 B H K, ફર્નિશ, આંબાવાડી, બ્રોકર 7383811934

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફર્નિશ્ડ, આંબાવાડી, બ્રોકર 9327798654

ભાડે આપવાનો છે ફ્લેટ, ગ્રાઉન્ડ ફ્લોર, બીમાનગર, આંબાવાડી, Broker 7096963551, 9898055598

ભાડે આપવાનો છે શોરૂમ 15,000 ફુટ, આંબાવાડી 7861802909 The Real Estate Connect

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 B H K, 276 વાર, રોડ સાઈડ વ્યુ, 15 ફુટની ગેલેરી, લીફટ, એલોટેડ પાર્કીંગ, A- 101, સ્વરા સેફાયર- 2, શાશ્વત ફ્લેટ સામે, પરીમલ દેરાસર નજીક, હીરાબાગ ક્રોસીંગ રોડ, આંબાવાડી. 9825065826.

## પાલડી

### વેચવાનું છે

વેચાણ/ ભાડે આપવાની છે ઓફિસ 2000 સ્કવેર ફૂટ કાર્પેટ, 60 ફૂટ ફ્રન્ટેજ, First ફ્લોર પાલડી. બ્રોકર- 9825852772

વેચવાનુ છે પેન્ટહાઉસ સાગર સમ્રાટમા, પાલડી 9824698546.

વેચાણ આપવાનો છે સ્વતંત્ર પ્લોટ, 480 વાર, બંગલા, ઉપાશ્રય, કોર્પોરેટ હાઉસ લાયક, વિકાસગૃહ નજીક, પાલડી Navkar Property 8866003366

વેચાણ આપવાનો છે 4 B H K ફર્નિશ્ડ તથા સોલાર સાથે બંગલો, જૈનનગર ઓપેરા રોડ, પાલડી Navkar Property 8866003366

વેચવાનો છે. ફ્લેટ 3 B H K 280 સ્કે. યાર્ડનો, જૈન દેરાસરની બાજુમાં, જૈનનગર પાલડી. 9825006468

વેચવાનો છે. ફ્લેટ 3 B H K, 165 વારનો, ગ્રાઉન્ડ ફ્લોર, મહાલક્ષ્મી, પાલડી. સંપર્ક:- પ્રગ્નેશ રાવલ આદિત્ય પ્રોપર્ટી. 8980631896

વેચવાનો છે ફ્લેટ ફુલ્લી ફર્નીશ્ડ 2 B H K પંકજ સોસાયટી ભઠ્ઠા પાલડી 9898619119

વેચવાનો છે બંગલો, 500 વારના પ્લોટમાં, 250 બાંધકામ, ચંદ્રનગર, પાલડી. 9898009691

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, ધરણીધર બ્રિજ પાસે, પાલડી 9824277973

વેચવાનો છે બંગલો, 308 વાર પ્લોટ, વિકાસ ગૃહ રોડ, પાલડી. 9723102621

વેચવાનો છે. પ્લોટ 800 વાર, હોસ્ટેલ લાયક, NID કોલેજ પાસે, પાલડી. (દલાલ માફ) 9723004774, 7043660602

વેચવાનો છે ફ્લેટ 3 B H K, પાલડી બ્રોકર 9624107676

વેચવાનું છે પેન્ટ હાઉસ 3 બેડ, ઓપેરા વિકાસગૃહ પાલડી 9316739531 (દલાલ માફ)

વેચવાનો છે પ્લોટ 300 વાર બૅગલા લાયક ભઠ્ઠા પાલડી 9898414037 (દલાલ માફ)

વેચવાનો છે ફ્લેટ. 3 બેડરૂમનો. જલારામ મંદિર સામે, પાલડી. 8849448440.

વેચવાની છે. ગ્રાઉન્ડ ફ્લોર શોપ પ્રાઈમ લોકેશન ભઠ્ઠા પાલડી. ધરા પ્રોપર્ટી, અલ્પેશ મિસ્ત્રી 9426526420

વેચવાનો છે. બંગલો 413 વારનો પ્લોટ બાંધકામ પાંચ બેડરૂમ દત્ત સોસાયટી ભઠ્ઠા પાલડી. બ્રોકર 9173770339

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ ફર્નિચર દેરાસર પાલડી 9825020446

વેચવાનો છે ફ્લેટ 3 b h k 190 વાર ફૂલ ફર્નિશડ શાંતિવન પાલડી 9824023758

વેચવાનો છે સ્વતંત્ર બંગલો પાલડી દલાલ માફ 9924226429

વેચવાનો છે. ફ્લેટ 3 B H K Paldi Broker. 8141480217

વેચવાનો છે ફ્લેટ 2 B H K, 135 વાર, લિફટની સગવડ, 506 રાજ ગાર્ડન વિકાસ ગૃહ પાલડી. Space Unlimited 7069001166

વેચવાનો છે. ફ્લેટ 2 B H K, ફર્નીશ્ડ, બીજા માળે, દશાપોરવાડ સોસાયટી, પાલડી. 9428001424

વેચવાનો છે બંગલો 400 વાર પ્લોટ, ધરણીધર પાસે, પાલડી- 9825040398

વેચવાનો છે પ્લોટ 2000 વાર બંગલો લાયક પાલડી. 7861802909 The Real Estate Connect

ભાડે/ વેચાણ આપવાની છે ઓફિસ- 400 સ્કવેર ફૂટ, ફુલ્લી ફર્નિશ્ડ, પ્રિતમનગર, પાલડી- 9825012980

વેચવાનો છે બંગલો 400 વારનો પ્લોટ 500 વારનું બાંધકામ 5 B H K, Fully Furnished, Prime Location, પાલડી, 9904520322 (દલાલ માફ)

વેચવાનો છે ફ્લેટ વીતરાગ સોસાયટી શાંતિવન પાલડી મહાનિધિ રીયલ્ટી 9825553445

વેચવાનો છે પ્લોટ 486 વાર કલમવાડી પાલડી મહાનિધિ રીયલ્ટી 9825553445

વેચવાનો છે ફ્લેટ 3 બેડનો જૈનનગર દેરાસર પાસે પાલડી 9925598887

વેચવાનો છે ફ્લેટ 3 B H K પ્રાઈમ લોકેશન, જૈન દેરાસર પાસે, જૈનનગર, પાલડી, 9429354509

વેચવાની છે, ગ્રાઉન્ડ ફ્લોર શોપ, 500 ચો. ફૂટ, સુમેર કોમ્પ્લેક્ષ, સુવિધા ચારરસ્તા, પાલડી. 9825606910

વેચવાનો છે 3 B H K, ફ્લેટ, લક્ઝુરીયસ, 1 કાર પાર્કીંગ સાથે, જૈન દેરાસર વાળી બિલ્ડીંગમાં, River front View, પંકજ સોસાયટી, પાલડી. 7778044455, 7383317501

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, દેરાસર અને ગાર્ડન પાસે, પાલડી. 9265027564

વેચવાનો છે બંગલો 980 વાર પ્લોટ, 940 વાર બાંધકામ, 5 B H K, વેલ ફર્નિશ્ડ, સુવિધા પાસે, પાલડી- 9825018819

વેચવાનો છે બંગલો 940 વાર પ્લોટ, પ્રિતમનગર જૈન સોસાયટી પાસે, પાલડી- 9825018819

વેચાણ આપવાનો છે ફ્લેટ 3 B H K સેમી ફર્નિશડ ચંદ્રનગર પાલડી 7383477434

વેચાણ આપવાનો છે ફ્લેટ સાબર ફ્લેટ પાલડી 9574198368

વેચવાની છે ઓફીસ, 324 ફુટ, સેમી ફર્નિશ્ડ, વિથ બાથરુમ, સહજાનંદ ટ્રેડ સેન્ટર, પાલડી. 9662816581.

વેચવાનું છે. પેન્ટહાઉસ 300 વારનું, પાલડી. 9879795252

વેચવાનો છે ફ્લેટ 3 બેડ ફર્નીશ્ડ જૈનનગર પાલડી. બ્રોકર- 9408881294

વેચવાનો છે ફ્લેટ 3 બેડ રૂઝુલવાલિકા પ્રિતમનગર, પાલડી. બ્રોકર- 9408881294

વેચવાનો છે ફ્લેટ, 3 B H K, પહેલો માળ, સત્વ ફ્લેટ, શાંતિવન, પાલડી. સંપર્ક- 9998957582

વેચવાનો છે ફ્લેટ સ્પેશિયસ 3 બેડરૂમ પાલડી 9104376209

On Sale Flat 3 B H K, 1620 sq ft, Chandranagar, Paldi. 9825555225

વેચવાનો છે ફ્લેટ 2 B H K 1st Floor, ફુલ્લી ફર્નીશ્ડ પંકજ સોસાયટી, પાલડી. 9825033113

### ભાડે જોઈએ છે

ભાડે /વેચાણ જોઈએ છે ફ્લેટ બંગલો ઓફિસ, નારણપુરા ન્યુ રાણીપ નવરંગપુરા આંબાવાડી પાલડી 6357353369

ભાડે જોઈએ છે ફ્લેટ બંગલો ટેનામેન્ટ 1, 2, 3, 4, 5 B H K, પાલડી Broker 7405444563, 9824782641

### ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન ગ્રાઉન્ડ ફ્લોર રોડટચ, 600 સ્કવેર ફૂટ ફર્નીશ્ડ શાંતીવન, પાલડી. 8200252758

ભાડે આપવાનો છે. ફ્લેટ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ, પ્રાઈમ લોકેશન, પાલડી. 9726159390

ભાડે આપવાની છે ઓફિસ 200 ફૂટ ભથ્થા પાલડી 9316739531 (દલાલ માફ)

ભાડે/ વેચાણ આપવાની છે ઓફિસ પ્રતીક્ષા કોમ્પલેક્ષ મહાલક્ષ્મી પાલડી 9426339176

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડ, જૈનનગર, પાલડી. 9824056344, 8866500081

ભાડે આપવાનો છે ફ્લેટ 2 b h k ફેમિલી, બેચલર પાલડી, વાસણા. gautam doshi 8160801395

ભાડે આપવાનો ફ્લેટ ઓફિસ/ ગોંડાઉન માટે, પાલડી Arham Properties 9898858433

ભાડે આપવાનો છે બંગલો, પાલડી Arham Properties 9737737575

ભાડે/ વેચાણ આપવાની છે ઓફિસ 640 ફુટ Elanza પાલડી phone 9825328898

ભાડે આપવાનો છે ફ્લેટ 1 B H K જૈનનગર પાલડી 9106296275

ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ, પાલડી. Space Unlimited 7284001166, 7069001166

ભાડે આપવાનો છે 1 રૂમ ટેનામેન્ટમા, NID પાસે, પાલડી. 7984625807 દલાલ માફ

On Rent Office, 200 Sq Feet, Fully Furnished, Paldi, Mo. 8735063830

ભાડે આપવાની છે ઓફિસ પાલડી. M. 9824268019

## વાસણા

### વેચવાનું છે

વેચવાનું છે ટેનામેન્ટ કોર્નરનું ચંદ્રશિલામાં, બેરેજ રોડ, વાસણા. બ્રોકર 9825852772

તુરંત વેચવાનો છે પ્લોટ 218 વારનો વાસણામાં દલાલો માફ 9427600682

વેચવાનો છે બંગલો લક્ઝુરિયસ 4.5 B H K 2100 સ્ક્વેર ફૂટ, ફર્નિશ્ડ સાથેનો, ધરણીધર એરિયામાં વાસણા, 7984805791

વેચવાનો છે ફ્લેટ તાત્કાલિક 102 વાર, 3 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, વાસણા, 9725635396

તાત્કાલિક વેચવાનો છે ફ્લેટ, 67 વાર નેટ, રજવાડું હોટેલ પાસે, વાસણા. ફોન- 9429137829, 9429024910

વેચવાનું છે ટેનામેન્ટ 250 વાર, પંકજ સોસાયટી, વાસણા. 9898680121

વેચવાનો છે બંગલો, 380 વાર, ધરણીધર, વાસણા. Mo. 8671003737

વેચવાની છે દુકાન 1000 Sq ft, ફેશન ડિઝાઈન/ ફુડ માર્કેટ માટે, અંજલી- ધરણીધર દેરાસર રોડ, વાસણા. 9925879256

વેચવાનો છે. ફ્લેટ 4 B H K, જૈન દેરાસર બાજુમાં, વાસણા. સંપર્ક- 8160645185

વેચવાનો છે ફ્લેટ, 1 B H K, પહેલા માળે, દેરાસર પાસે, વાસણા- 9879790270

વેચવાનો છે ફ્લેટ બે બેડરૂમનો, ડીવાઈન લાઈટ સ્કુલ સામે, વાસણા. દલાલ માફ. M. 9824268019

વેચવાનો છે ફ્લેટ, 2 B H K, 105 વાર, સેમી ફર્નીશ્ડ, વાસણા, 8460412356 (દલાલ માફ)

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ ધરણીધર દેરાસર પાછળ વાસણા બ્રોકર 9898029259

ભાડે આપવાનો છે ફ્લેટ 2 b h k પ્રજાપતિ ગાર્ડન, વાસણા. Arham Properties 9725001863

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 1 બેડ વાસણા ફર્નિશડ 9913833374

ભાડે આપવાનો છે ફ્લેટ, 2 B H K, ન્યૂ વાસણા, 6353524859

ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડનો જીવરાજમહેતા હોસ્પિટલ પાસે વાસણા 9265334135

ભાડે આપવાનો છે ફ્લેટ, 3 B H K, વાસણા જલારામ એસ્ટેટ- 8780153938

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ, 3 B H K, એલોટેડ કાર્ પાર્કિંગ સાથે, જૈન દેરારસ નજીક, વાસણા, 9824009880, 9426177692

## જીવરાજપાર્ક-વેજલપુર

### વેચવાનું છે

વેચવાની છે ઓફિસ 713 સ્કવેર ફીટ, સમસ્તા આર્કેડ, વેજલપુર, 9898746042, 9023152309 જલારામ

વેચવાનું છે બે માળનું ટેનામેન્ટ જીવરાજપાર્ક 9409406965

વેચાણ આપવાનો છે ફ્લેટ 2 બેડરૂમ હોલ કીચન, જીવરાજપાર્ક બ્રોકર 9978540643.

વેચવાનો છે ફ્લેટ 2 B H K, પહેલા માળે, ફુલ્લી ફર્નિશ્ડ, વિનસ પાર્કલેન્ડ, વેજલપુર- 9426028890

વેચવાનું છે ટેનામેન્ટ, 4 B H K, વેજલપુર. સંપર્ક- 9879998934

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ 1 બેડરૂમ હોલ કીચન, જીવરાજપાર્ક બ્રોકર 9978540643

ભાડે આપવાનો છે ફ્લેટ 1 B H K બકેરી સિટી જીવરાજપાર્ક Broker 9824120981

## સરખેજ

### ભાડે આપવાનું છે

ભાડે આપવાનું છે ગોડાઉન, RCC, 8000 S. F. ઉજાલા સર્કલ, સરખેજ. 8866503137

## મકરબા

### વેચવાનું છે

તાત્કાલીક વેચવાની છે ઓફિસ 1270 Sq. Ft. વેસ્ટ ગેટ બીઝનેસ બેય મકરબા Remax Corporation Service 9327000080

વેચવાનો છે. પ્લોટ, 3000, મુમતપુરા, મકરબા- 9515016555

## સેટેલાઈટ

### વેચવાનું છે

વેચવાનો છે. લક્ઝુરિયસ બંગલો, 425 વાર, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ, 9624412866

વેચવાની છે. ઓફિસ, ફર્નિશડ, 334 Sq ft નહેરુનગર, સેટેલાઈટ, 7874070345

વેચાણ આપવાનો છે ફ્લેટ 2 બેડરૂમ હોલ કીચન, Furnished. પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ બ્રોકર 9714944233.

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ ફર્નિશ્ડ, સર્વન્ટ રૂમ સાથે સેટેલાઇટ 9327727319

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ હોલ કીચન, ઈશાન 2, સેલ્બી હોસ્પીટલ પાસે, રામદેવનગર, સેટેલાઈટ 9879425986, 9913344423

વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ સીમા હોલ પાસે, સેટેલાઈટ બ્રોકર 9904409040

વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ શુભદર્શન પ્રેરણાતીર્થ સેટેલાઇટ બ્રોકર 9426743238

વેચવાનું છે ટેનામેન્ટ 120 વાર, જોધપુર ગામ રોડ, સેટેલાઈટ સંપર્ક 9825504798

વેચવાનો છે બંગલો, 4 બેડ, 250 વાર પ્લોટ, પ્રહલાદનગર, સેટેલાઈટ, બ્રોકર- 9825292391, 9879292391

વેચવાનો છે ફ્લેટ, 4 બેડ, 3600 ફૂટ, પ્રહલાદનગર, સેટેલાઈટ બ્રોકર, 9825292391, 9879292391

વેચવાનો છે ફ્લેટ 3 બેડ, ફૂલી ફર્નિશ, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ, 9824504499

વેચવાનો છે 750 વારનો પ્લોટ, સત્યાગ્રહ છાવણીમાં, બે રોડ કોર્નર, Main રોડ ઉપર, સેટેલાઈટ. Brokers Excuse. 9998015521

વેચવાનો છે ફ્લેટ, 2 બેડરૂમ, 120 વાર, ફર્નિશ્ડ, જોધપુર, સેટેલાઈટ- 8160864602

વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, 222 વાર, ફુલ્લી ફર્નિશ્ડ, પ્રહલાદનગર, સેટેલાઈટ- 9924487400

વેચવાનો છે બંગલો, 4 બેડરૂમ, લકઝરીયસ ફુલ્લી ફર્નિશ્ડ, 3 કાર પાર્કિંગ, પ્રહલાદનગર, સેટેલાઈટ- 9137483179

વેચવાનો છે ફ્લેટ 3 B H K, 245 વાર Furnished પ્રેરણાતીર્થ પાસે Satellite 9909793103

વેચવાનો છે પ્લોટ 1000 વાર સત્યાગ્રહ છાવણી સેટેલાઈટ 9316739531 (દલાલ માફ)

વેચવાનું છે પેન્ટહાઉસ, 3100 ફૂટ + 457 ફૂટ કાર્પેટ ટેરેસ રાઈટ સાથે, જોધપુર, સેટેલાઈટ- 9328917845

વેચવાનો છે. પ્લોટ, બંગલા લાયક, 247 વારનો, કાર્પેટ, શિવાલીક બંગલા પાસે, સેટેલાઈટ. 7383110061

વેચવાનું છે પેન્ટ હાઉસ, 5 બેડ લકઝુરિયસ, ફર્નિશ્ડ, પ્રહલાદનગર, સેટેલાઈટ. 8866500081

વેચવાનો છે બંગલો 4 બેડરૂમ, ફુલી ફર્નીશ્ડ, પ્રહલાદનગર સેટેલાઈટ- 8141908171

વેચવાનો છે બંગલો 3 બેડ 225 વાર પ્રહલાદનગર, સેટેલાઈટ. 7990601049

વેચવાનો છે ફલેટ 4 બેડ, 2675 Sq. Ft. ફુલ્લી ફર્નીશ્ડ, સેટેલાઈટ 7990601049

વેચવાનો છે ફલેટ 3 બેડ 2000 Sq. Ft. ફુલ્લી ફર્નીશ્ડ, સેટેલાઈટ 7990601049

વેચવાનો છે ફ્લેટ, 2 B H K ફર્નિશ, A 19, શિવાનંદ એપાર્ટમેન્ટ, રામદેવનગર, સેટેલાઈટ- 9898578743

વેચવાનો છે બંગલો 350 વારનો પ્લોટ, 400 વાર બાંધકામ, ફુલ્લી ફર્નીશ્ડ, સોલાર સાથે, સેટેલાઈટ. 8671003737

વેચવાનો છે પ્લોટ, 600 વાર, પોશ લોકાલિટી, સેટેલાઈટ. Mo. 8671003737

વેચવાનું છે ટેનામેન્ટ, 135 વારનો પ્લોટ, શ્યામલ પાસે, સેટેલાઈટ. 8671003737

વેચવાનું છે પેન્ટહાઉસ, 4 B H K, 360 વાર, શિવરંજની ચારરસ્તા, સેટેલાઈટ. 8671003737

વેચવાની છે ઓફીસ 4500 ફૂટ, પ્રહલાદનગર, સેટેલાઈટ 8780348310

વેચાણ/ ભાડે આપવાનો છે. ફ્લેટ 2 B H K ફર્નિશ સેટેલાઈટ કમલા રિયાલિટી 9824179875

વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વિશાલ રેસીડેન્સી, સેટેલાઈટ- 9913990089

વેચવાનો છે શોરૂમ 1400 ફુટ કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રહલાદનગર સેટેલાઈટ 7861802909 The Real Estate Connect

For Sale Office 5000 Ft, Fully Furnished Satellite. 7984920945 The Real Estate Connect

વેચવાનો છે ફ્લેટ 4 B H K, 5750 ફુટ, ઑફ ઈસકોન - આંબલી રોડ, સેટેલાઈટ 6352940353 The Real Estate Connect

વેચવાનો છે ફ્લેટ 3 B H K, 170 વાર, ફર્નીશ્ડ. પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ (દલાલ માફ) 9624999988 ચિંતામણી પ્રોપર્ટીઝ

For Sale Bungalow 3 B H K, 132 Feet Road Touch, Satellite. 9327014038

વેચવાનો છે. ફ્લેટ, 3 B H K, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ. 8200844744

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ





જાપાનમાં યોજાયેલી એશિયન પેરા ગેમ્સનું રંગારંગ સમારંભની સાથે સમાપન થયું હતુ. દિવ્યાંગોને સમાજમાં વધુ સન્માન સાથે સ્થાન મળે તેવા મેસેજની સાથે સમાપન સમારંભ યોજાયો હતો. ગેમ્સના મેસ્કોટ યુઝુમીને પણ કલાકારોની સાથે સમાપન સમારંભમાં ડાન્સ કર્યો હતો. એશિયન પેરા ગેમ્સની પરંપરા અનુસાર નાગોયાના મિઝુહો એથ્લેટિક્સ સ્ટેડિયમમાં ઉદ્‌ઘાટન દરમિયાન પ્રજ્વલ્લિત કરવામાં આવેલી મશાલને બુઝાવી દેવામાં આવી હતી અને પેરાલિમ્પિકના ધ્વજને ઉતારીને આગામી એશિયન પેરા ગેમ્સના યજમાન કતરને સોંપવામાં આવ્યો હતો. તમામ દેશોના રાષ્ટ્રધ્વજોને ગોળાકારે ગોઠવવામાં આવ્યા હતા. પેરા એથ્લીટ્સ ખેલાડીઓ પણ ગેમ્સના સમાપનની યાદગાર ઘટનાના સાક્ષી બન્યા હતા. રંગારંગ કાર્યક્રમની સાથે આકર્ષક લાઈટિંગના કારણે ભારે રોમાંચક માહૌલ સર્જાયો હતો. હવે એશિયન પેરા ગેમ્સ ૨૦૩૦માં દોહામાં આયોજીત થવાની છે.

### ન્યુઝીલેન્ડ ૨૦ ઓવરમાં ૧૮૦/૫, ભારત ૧૯.૫ ઓવરમાં ૧૮૧/૬

# બીજી ટી-૨૦ : ભારતે એક બોલ બાકી હતો ત્યારે ન્યૂઝીલેન્ડને ચાર વિકેટથી હરાવ્યું

કાઈસ્ટચર્ચ, તા. ૨૪

ન્યુઝીલેન્ડ સામેની બીજી ટી-૨૦ મેચમાં ભારતે છેલ્લે સુધી સ્વસ્થતા જાળવી એક બોલ બાકી હતો ત્યારે ચાર વિકેટે રોમાંચક વિજય મેળવ્યો હતો. એક સમયે પરાજયના આરે પહોંચેલા ભારતને તિલક વર્માની અણનમ અડધી સદી (૨૬ બોલમાં છ ચોગ્ગા, એક છગ્ગા સાથે ૫૧*) અને નીતિશ રેડ્ડીની આક્રમક બેટિંગે (૧૩ બોલ એક ચોગ્ગો એક છગ્ગા સાથે ૨૬*) યાદગાર જીત અપાવી હતી. ન્યુઝીલેન્ડના ૧૮૦/૫ના જવાબમાં ભારતે ૧૯.૫ ઓવરમાં છ વિકેટે ૧૮૧ રન કરીને જીત હાંસલ કરતાં શ્રેણીમાં ૨-૦થી સરસાઈ મેળવી હતી.

**ન્યુઝીલેન્ડ બેકફુટ પર**

ટોસ જીતીને ભારતના સુકાની અય્યરે પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. ભારતીય બોલરોએ આક્રમક શરૂઆત કરતાં ન્યૂઝીલેન્ડે પાવરપ્લે દરમિયાન ૪૧/૩ પર ફસડાયું હતુ. સેઈફર્ટ સાત, મિચેલ છ અને એલન ૧૬ રન કરીને આઉટ થયા હતા.

**ફિલિપ્સ-જેકોબ્સની અડધી સદી**

જોકે ફિલિપ્સે ૪૩ બોલમાં ૭૦ (ચાર ચોગ્ગા, ચાર છગ્ગા) અને જેકોબ્સે ૪૬ બોલમાં ૫૮ રન (૫ ચોગ્ગા, એક છગ્ગો) નોંધાવી ચોથી વિકેટ માટે ૭૭ બોલમાં ૧૧૬ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. જો કે બંને છ બોલના ગાળામાં જં નિર્ણાયક સમયે આઉટ થતાં ન્યુઝીલેન્ડ પાંચ વિકેટે ૧૮૦ રન કરી શક્યું હતુ.

**ભારતની નબળી શરૂઆત**

૧૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઊતરેલી ભારતીય ટીમને શરૂઆતથી જ ન્યૂઝીલેન્ડના બોલરોએ દબાણમાં રાખી હતી. સેમસન ૧૪, વૈભવ સૂર્યવંશી ૪, અભિષેક ૨૭ રને અને એક જ ઓવરમાં શ્રેયસ (૭) અને અક્ષર (૧૧) આઉટ થતાં ભારત ૭૦/૫ પર ફસડાયું હતુ.




**તિલકે નમન અને નિતિશ સાથે મળી બાજી પલ્ટી**

ભારતે પાંચમી વિકેટ ગુમાવી ત્યારે ટીમે જીતવા ૧૧૧ રન ૫૫ બોલમાં કરવાના હતા. આ તબક્કે તિલક વર્માએ નમન (૧૭ બોલમાં ૩ છગ્ગા, ૧ ચોગ્ગા સાથે ૩૧) સાથે ૨૫ બોલમાં ૪૨ રન જોડ્યા હતા. સાન્ટનરે નમનને તેની ચોથી વિકેટના રુપમાં આઉટ કર્યો, ત્યારે ભારતને ૩૧ બોલમાં ૬૯ રનની જરુર હતી. તિલક અને નિતિશે ટીમ૩૦ બોલમાં ૬૯* રન જોડતાં ટીમને જીતાડી હતી.

### ફિલિપ્સના ૭૦ અને જેકોબ્સના ૫૮ સાન્ટનરની ૨૧ રનમાં ચાર વિકેટ

**૧૯મી ઓવરમાં આક્રમણ**

૧૯મી ઓવરમાં તિલકે સ્મિથ સામે ૧૮ રન ફટકારીને ભારતને જીતની નજીક પહોંચાડ્યું હતું. છેલ્લા પાંચ બોલમાં માત્ર ૧૦ રન કરવાના બાકી હતા. ત્યારે ડફીની ઓવરમાં તિલકે ચોગ્ગો ફટકાર્યા બાદ ડબલ અને સિંગલ રન લીધો હતો. આ પછી વાઈડ બોલ બાદ પાંચમા બોલે નિતિશે બે રન લેતાં ભારત જીત્યું હતુ.

**ન્યૂઝીલેન્ડ**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| સેઈફર્ટ કો.તિલક બો.અર્ષદીપ | ૭ | ૬ | ૦ | ૧ |
| એલન બો.પ્રિન્સ | ૧૬ | ૧૪ | ૦ | ૧ |
| મિશેલ કો.તિલક બો.બી.કુમાર | ૬ | ૫ | ૧ | ૦ |
| ફિલિપ્સ કો.ધીર બો.અર્ષદીપ | ૭૦ | ૪૩ | ૪ | ૪ |
| જેકોબ્સ કો.અક્ષર બો.નિતિશ | ૫૮ | ૪૬ | ૫ | ૧ |
| સાન્ટનર અણનમ | ૪ | ૫ | ૦ | ૦ |
| બ્રેસવેલ અણનમ | ૧૦ | ૨ | ૧ | ૧ |
| વધારાના (નોબોલ ૧, વાઈડ ૭, લેગબાય ૧) | ૯ | | | |
| કુલ (૨૦ ઓવરમાં પાંચ વિકેટે) | ૧૮૦ | | | |

**વિકેટનો ક્રમ:** ૧-૯ (સેઈફર્ટ ૧.૩), ૨-૧૮ (મિશેલ ૨.૬), ૩-૪૧ (એલન ૫.૨), ૪-૧૫૭ (ફિલિપ્સ ૧૭.૬), ૫-૧૬૫ (જેકોબ્સ ૧૮.૫).

**બોલિંગ :** બી. કુમાર ૪-૦-૫૦-૧, અર્ષદીપ ૪-૦-૩૩-૨, પ્રિન્સ યાદવ ૪-૦-૩૦-૧, ધીર ૧-૦-૭-૦, અક્ષર પટેલ ૪-૦-૨૮-૦, નિતિશ રેડ્ડી ૩-૦-૩૧-૧.

**ભારત**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| સેમસન કો.ફિલિપ્સ બો.ડફી | ૧૪ | ૧૭ | ૧ | ૧ |
| અભિષેક કો.સ્મિથ બો.સાન્ટનર | ૨૭ | ૨૧ | ૩ | ૧ |
| વૈભવ કો.મિશેલ બો. સ્મિથ | ૪ | ૮ | ૦ | ૦ |
| શ્રેયસ બો.સાન્ટનર | ૭ | ૧૧ | ૦ | ૦ |
| અક્ષર કો.મિશેલ બો.સાન્ટનર | ૧૧ | ૯ | ૦ | ૧ |
| તિલક અણનમ | ૫૧ | ૨૬ | ૬ | ૧ |
| ધીર કો.ફિલિપ્સ બો.સાન્ટનર | ૩૧ | ૧૭ | ૧ | ૩ |
| નિતિશ અણનમ | ૨૬ | ૧૩ | ૧ | ૧ |
| વધારાના (નોબોલ ૩, વાઈડ ૫, લેગબાય ૨) | ૧૦ | | | |
| કુલ (૧૯.૫ ઓવરમાં છ વિકેટે) | ૧૮૧ | | | |

**વિકેટનો ક્રમ:** ૧-૪૦ (સેમસન ૪.૪), ૨-૪૪ (સૂર્યવંશી, ૬.૨), ૩-૫૬ (અભિષેક, ૮.૪), ૪-૬૯ (શ્રેયસ ઐયર, ૧૦.૩), ૫-૭૦ (અક્ષર, ૧૦.૫), ૬-૧૧૨ (ધીર, ૧૪.૫)

**બોલિંગ :** હેનરી ૨-૧-૧૧-૦, ડફી ૩.૫-૦-૪૧-૧, ફર્ગ્યુસન ૩-૦-૩૭-૦, બ્રેસવેલ ૪-૦-૩૫-૦, નેથન સ્મિથ ૩-૦-૩૪-૧, સાન્ટનર ૪-૦-૨૧-૪.

### ભારતનો ૩૦૦મી ટી-૨૦માં ૨૦૦મો આઉટરાઈટ વિજય

ભારતે ટી-૨૦ ઈતિહાસની ૩૦૦મી મેચ રમતાં ૨૦૦મો આઉટરાઈટ વિજય મેળવ્યો હતો. આઉટરાઈટ વિજયમાં ટાઈ થયેલી મેચ બાદના વિજય સામેલ નથી. ભારત ટી-૨૦માં ૨૦૦ આઉટરાઈટ વિજય મેળવનારી વિશ્વની સૌપ્રથમ ટીમ બની છે. જ્યારે ભારત આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં ૩૦૦ કે વધુ મેચ રમનારી પાકિસ્તાન (૩૦૪) પછીની બીજી ટીમ બન્યું છે. ભારતના ૩૦૦ ટી-૨૦માં ૨૦૦ આઉટરાઈટ વિજયની સાથે પાંચ સુપર ઓવરના અને એક બોલ આઉટનો વિજય પણ સામેલ છે. આ છ વિજય ભારતે નિર્ધારિત રમત બાદ ટાઈ પડ્યા પછી મેળવ્યા હતા.

### ભારતે ૩૦ ગોલ્ડ, ૩૫ સિલ્વર ને ૪૯ બ્રોન્ઝ એમ કુલ ૧૧૪ મેડલ જીત્યા

# જાપાનમાં એશિયન પેરા ગેમ્સનું સમાપન ભારત ઈતિહાસમાં પ્રથમ વખત ચોથા ક્રમે

## ચીન ૨૦૭ ગોલ્ડ, ૧૧૭ સિલ્વર અને ૧૧૧ બ્રોન્ઝ સાથે કુલ ૪૩૫ મેડલ જીત્યું : ચીનની પેરા સ્વિમર ઝાંગે આઠ ગોલ્ડ મેળવ્યા

નાગોયા,તા.૨૪

જાપાનમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સનું રંગારંગ સમારંભ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને રોશનીના ઝગમગાટ વચ્ચે સમાપન થયું હતુ. ભારતના દિવ્યાંગ એથ્લીટ્સે ઈતિહાસનો શ્રેષ્ઠ દેખાવ કરતાં ૩૦ ગોલ્ડ, ૩૫ સિલ્વર અને ૪૯ બ્રોન્ઝ સાથે કુલ ૧૧૪ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. આ સાથે ભારતે એશિયન પેરા ગેમ્સના ઈતિહાસમાં પહેલીવાર મેડલ ટેબલમાં ચોથું સ્થાન હાંસલ કર્યું હતુ. ચીને આગવો દબદબો જાળવી રાખતાં ગેમ્સમાં સૌથી વધુ ૪૩૫ મેડલ જીતીને ટોચનો ક્રમ હાંસલ કર્યો હતો. જેમાં૨૦૭ ગોલ્ડ, ૧૧૭ સિલ્વર અને ૧૧૧ બ્રોન્ઝ મેડલ સામેલ છે. યજમાન જાપાન મેડલ ટેબલમાં ૬૪ ગોલ્ડ સાથે ૧૮૬ મેડલ જીતીને બીજા તેમજ ઉઝબેકિસ્તાન ૪૫ ગોલ્ડ સાથે ૧૪૫ મેડલ જીતીને ત્રીજા ક્રમે રહ્યું હતુ. એશિયન ગેમ્સના રંગારંગ સમારંભમાં ૨૦૩૦ની એશિયન પેરા ગેમ્સના યજમાન કતરને એશિયન પેરાલિમ્પિક કમિટિનો ફ્લેગ સોંપવામાં આવ્યો હતો.



**ચીનની ઝાંગ મેંગના આઠ ગોલ્ડ**

ચીનની મહિલા પેરા સ્વિમર ઝાંગ મેંગ એશિયન પેરા ગેમ્સની સૌથી સફળ ખેલાડી બની હતી અને તેણે કુલ આઠ ગોલ્ડ મેડલ જીત્યા હતા. ઝાંગે છ વ્યક્તિગ ઈવેન્ટમાં અને બે ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા. જ્યારે ચીનના પુરુષ પેરા સ્વિમર જીન ચેંગ ગ્યુઓએ આ ગેમ્સમાં નવ મેડલ મેળવ્યા હતા, જેમાં સાત ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ સામેલ હતા. આ તમામ મેડલ વ્યક્તિગત સ્પર્ધાના હતા.



શીતલ દેવી બે ગોલ્ડ અને એક સિલ્વર સાથે ભારતની સૌથી સફળ પેરા ખેલાડી

**શીતલ દેવી સૌથી સફળ ભારતીય**

પેરા એથ્લીટ શીતલ દેવી જાપાન એશિયન પેરા ગેમ્સમાં ભારતની સૌથી સફળ પેરા એથ્લીટ તરીકે ઉભરી આવી હતી. બંને હાથ ન હોવાના કારણે પગથી ધનુષ પકડીને, ખભા તેમજ હડપચીની મદદથી નિશાન સાધતી ૧૯ વર્ષની શીતલ દેવીએ કમ્પાઉન્ડ તીરંદાજીમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યો હતો. તેણે વ્યક્તિગત ઈવેન્ટમાં તેમજ તોમાન કુમાર સાથે મિક્સ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો. જ્યારે પાયલ નાગ સાથે મહિલા ડબલ્સમાં સિલ્વર હાંસલ કર્યો હતો. ભારતની પેરા બેડમિંટન ખેલાડી થુલાસિમાથી મુરુગેસને એક ગોલ્ડ અને બે સિલ્વર, સ્વિમર રવિ બુડીગીનાએ બે સિલ્વર અને એક બ્રોન્ઝ તેમજ હિમાંશુ નંદાલે ત્રણ બ્રોન્ઝ મેળવ્યા હતા.

**મેડલ ટેબલ**

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૨૦૭ | ૧૧૭ | ૧૧૧ | ૪૩૫ |
| જાપાન | ૬૪ | ૬૦ | ૬૨ | ૧૮૬ |
| ઉઝબેકિસ્તાન | ૪૫ | ૪૯ | ૫૧ | ૧૪૫ |
| ભારત | ૩૦ | ૩૫ | ૪૯ | ૧૧૪ |

## શીતલ દેવીની સાથે થુલાસીમાથી મુરૂગેસન, રવિ બુડીગીના અને હિમાંશુ નંદાલે ત્રણ-ત્રણ મેડલ જીત્યા

**ત્રિકોણીય વન ડે જંગ : આજે ઈંગ્લેન્ડ-પાકિસ્તાન વચ્ચે બપોરે ૧.૩૦થી મેચ**

### ન્યુઝીલેન્ડ-એ સામે ઈન્ડિયા-એ ૧૧૩માં સમેટાયું

લિન્કોઈન : જયસ્વાલ ૧૭, કે.એલ. રાહુલ ૦, પડિક્કલ ૩૨, સાઈ સુદર્શન ૦, સુંદર ૦ રને આઉટ થતાં ન્યુઝીલેન્ડ-એ સામેની પ્રથમ અનઓફિશિઅલ ટેસ્ટમાં ઈન્ડિયા-એની પ્રથમ ઈનિંગ ૧૧૩માં સમેટાઈ હતી. યશ રાઠોડે અણનમ ૪૪ રન નોંધાવ્યા હતા. સીમોન કીનેએ ૨૪ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડ-એ ટીમે પ્રથમ દિવસના અંતે ૧૩૫/૩ના સ્કોર સાથે ૨૨ રનની સરસાઈ મેળવી હતી.

### ભારતીય જોડીનો સેમિ ફાઈનલમાં પરાજય

# એશિયન ટેબલ ટેનિસ : હરમીત અને યશસ્વિનીની જોડીને બ્રોન્ઝ



તાશ્કંદ, તા.૨૪

ગુજરાતના ઓલિમ્પિયન સ્ટાર હરમીત દેસાઈ અને યશસ્વિની ઘોરપડેની જોડીએ એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મિક્સ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે ભારતને ૭૨ વર્ષે એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મેડલ મળ્યો હતો. હરમીત અને યશસ્વિનીની જોડીનો સેમી ફાઈનલમાં ૦-૩થી જાપાનના મિવા હિરામોટો અને સોરા માત્સુશિમા સામે પરાજય થયો હતો. હરમીત-યશસ્વિની અગાઉ ૧૯૫૪માં યતિન વ્યાસ અને મીના પરાંદેની જોડીએ એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મિક્સ ડબલ્સમાં સિલ્વર જીત્યો હતો. તે અગાઉ ભારતને એકમાત્ર મેડલ ૧૯૫૨માં મળ્યો હતો. ત્યારે ગૂલ નાસિકવાલા અને કલ્યાણ જયંત ગોલ્ડ જીત્યા હતા.

### ગુજરાતના રાહુલ જાખરે નેશનલ જુનિયર એથ્લેટિક્સમાં ગોલ્ડ જીત્યો



ચેન્નાઈ : ગુજરાતના આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા એથ્લીટ રાહુલ જાખરે ચેન્નાઈમાં ચાલી રહેલી નેશનલ જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મેન્સ અંડર-૨૦ની ડેકાથ્લોન ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. રાહુલે કુલ ૭૧૨૫ પોઈન્ટ્સ નોંધાવતા ટોચનું સ્થાન હાંસલ કર્યું હતુ. ડેકાથ્લોનમાં ખેલાડીને જુદી-જુદી એથ્લેટિક્સની ઈવેન્ટ્સમાં ભાગ લેવાનો હોય છે અને તેમાં ઓવરઓલ દેખાવને સહારે વિજેતાનો નિર્ણય લેવાય છે. રાહુલ હાલમાં નડિયાદ ખાતેની એસએજીની સ્ટેટ એથ્લેટિક્સ એકેડેમીમાં તાલીમ મેળવી રહ્યો છે.

### એસ્ટન વિલાએ માન્ચેસ્ટર સિટીની સતત સાત વિજયની કૂચ અટકાવી

બર્મિંગહામ : માંચેસ્ટર સિટીની સતત સાત વિજય કૂચ અટકાવતા એસ્ટન વિલાએ ઈપીએલમાં ૨-૧થી વિજય મેળવ્યો હતો. સિટીને આ સાથે સિઝનની આઠમી મેચમાં પહેલી હારનો સામનો કરવો પડ્યો હતો. નિકોલસ જેક્સને ૬ઠ્ઠી અને ૬૦મી મિનિટે ગોલ ફટકાર્યો હતો. જ્યારે હાલેન્ડે મેચનો એકમાત્ર ગોલ ૫૨મી મિનિટે નોંધાવ્યો હતો. હાર છતાં સિટી ૨૧ પોઈન્ટ સાથે લીગમાં ટોચના સ્થાને રહ્યું હતું. એસ્ટન વિલા ૧૧ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગયું હતું.



### હવે ભારતીય ખેલાડી વર્લ્ડ નંબર વન એન સે યંગ સામે ટકરાશે

# સિંધુ જાપાનની એકેચીને હરાવી ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશી

પેરિસ : ભારતની ડબલ ઓલિમ્પિક મેડલિસ્ટ બેડમિંટન સ્ટાર પી.વી. સિંધુએ કારકિર્દીમાં પહેલી વખત ફ્રેન્ચ ઓપન સુપર ૭૫૦ બેડમિંટન ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. વર્લ્ડ રેન્કિંગમાં ૧૧મું સ્થાન ધરાવતી સિંધુએ તેના કરતાં ૧૧ ક્રમ પાછળ રહેલી જાપાનીસ ખેલાડી હિના એકેચીને ત્રણ સેટના ભારે સંઘર્ષ બાદ ૨૧-૧૦, ૨૦-૨૨, ૨૧-૧૬ થી પરાજીત કરી હતી. હવે ફાઈનલમાં સિંધુનો મુકાબલો વર્લ્ડ નંબર વનનું સ્થાન ધરાવતી સાઉથ કોરિયાની એન સે યંગ સામે થવાનો છે. એન સે યંગે જાપાનની ઓકુહારાના પડકારનો ૨૧-૧૨, ૨૧-૧૯થી અંત આણ્યો હતો. સિંધુ અગાઉ એન સે યંગ સામેની તમામ ૧૦ મેચ હારી ચૂકી છે. જોકે તેને આ ૧૧મી મેચમાં નવી શરૂઆત કરવાની આશા છે.સિંધુ આ સિઝનમાં બીજી વખત સુપર ૭૫૦ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશી છે. અગાઉ તેણે જુલાઈમાં જાપાન ઓપન જીતી હતી. પેરિસમાં રમાયેલી સેમિ ફાઈનલમાં તેણે એક કલાક અને ૧૩ મિનિટના મુકાબલા બાદ જીત હાંસલ કરી હતી.





### કોમનવેલ્થ કબડ્ડી : ભારતની મેન્સ ટીમે યુગાન્ડાને હરાવ્યું, મહિલા ટીમનો સિંગાપોર સામે વિજય

અમદાવાદ : ભારતની પુરુષ અને મહિલા ટીમોએ અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ગ્રૂપ સ્ટેજની બીજી મેચ પણ જીતી લીધી હતી. ભારતની પુરુષ ટીમે યુગાન્ડા સામે ૪૪-૩૦થી વિજય મેળવ્યો હતો. હવે આવતીકાલે રાત્રે ૮.૦૦થી ભારત અને મલેશિયા ટકરાશે. મહિલા વિભાગમાં ભારતે ૩૨-૧૬થી સિંગાપોર સામે જીત હાંસલ કરી હતી. અગાઉ ભારતીય ટીમે ૭૩-૧૩થી મલેશિયાને હરાવ્યું હતુ. હવે આવતીકાલે ભારતની મહિલા ટીમ સાંજે ૬.૪૫ વાગ્યાથી યુગાન્ડા સામે ટકરાશે. આ ચેમ્પિયનશિપ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં યોજાઈ રહી છે.

### પોલાર્ડે મહેલા જયવર્દનેનું સ્થાન લીધું

# મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝીના નવા હેડ કોચ તરીકે પોલાર્ડની નિયુક્તિ

મુંબઈ, તા. ૨૪

પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે ટીમના ભૂતપૂર્વ સ્ટાર ઓલરાઉન્ડર અને બેટિંગ કોચ કિરોન પોલાર્ડને નવા હેડ કોચ તરીકે નિયુક્ત કર્યા છે.



આઈ. પી. એલ. ૨૦૨૬ની સીઝન પહેલાં ટીમે કરેલા આ મહત્ત્વપૂર્ણ ફેરફાર સાથે મુંબઈ ઈન્ડિયન્સને ફરી વિજયના માર્ગે લઈ જવાની જવાબદારી હવે પોલાર્ડના ખભા પર આવી છે. તેમણે હેડ કોચ બન્યા બાદ ચાહકોને પણ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં હરીફ ટીમોના લાલ અને પીળા રંગને બદલે મુંબઈ ઈન્ડિયન્સની વાદળી જર્સીનો દબદબો જોવા મળવો જોઈએ.

પોલાર્ડે મુંબઈ ઈન્ડિયન્સની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર વાત કરતાં કહ્યું કે વાનખેડે સ્ટેડિયમમાં ટીમ પ્રત્યેનો ઉત્સાહ, જુસ્સો અને ચાહકોની વફાદારી ફરી જીવંત થવી જરૂરી છે.

પોલાર્ડનો આ મેસેજ માત્ર જર્સીના રંગ પૂરતો મર્યાદિત નથી. તેની પાછળ મુંબઈ ઈન્ડિયન્સની ઘટતી સ્પર્ધાત્મકતા અને ચાહકોની અપેક્ષાઓ પર ખરું ઊતરવાની જરૂરિયાત પણ છે. છેલ્લી કેટલીક આઈ. પી. એલ. સિઝનમાં મુંબઈનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણે રહ્યું નથી. તેમણે કહ્યું કે ટીમે પોતે કોના માટે રમી રહી છે અને મુંબઈ ઈન્ડિયન્સની જર્સી પહેરવાની જવાબદારીનો અર્થ શું છે તે સમજવું પડશે. ખેલાડીઓએ વ્યક્તિગત હિત કરતાં ટીમને પ્રાથમિકતા આપવી જોઈએ. પોલાર્ડે જયવર્દનેનું સ્થાન લીધું છે. પોલાર્ડ મુંબઈ પાંચ વખત આઈ. પી. એલ. ચેમ્પિયન બન્યું તે ટીમમાં ઓલ રાઉન્ડર તરીકે સફળ પ્રદાન આપી ચુક્યો હોઈ વર્ષોથી ટીમનો એક હિસ્સો છે.

**આજે ભારત-ઝિમ્બાબ્વેની મહિલા ટીમ વચ્ચે બીજી વન ડે : બપોરે ૨.૦૦થી**

## ફ્રાંસમાં સરકાર વિરૂદ્ધ જનમેદની ઉમટી



ફ્રાંસમાં ૭૦,૦૦૦ પોલીસકર્મીઓનો કાફલો પણ પ્રદર્શનકારીઓને રોકી ન શક્યો. ફ્રાંસમાં ફરી એક વખત હિંસક પ્રદર્શનો થયા. અનેક શહેરોમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતર્યા હતા. હાથમાં પોસ્ટર્સ, મોઢા પર માસ્ક અને બ્લેક કપડા પહેરેલા પ્રદર્શનકારીઓને વીખેરવા માટે પોલીસે ટીયરગેસના શેલ્સ છોડ્યા. ટીયરગેસના શેલ્સ વચ્ચે પણ ઘણા પ્રદર્શનકારીઓ પોતાની મસ્તીમાં જોવા મળ્યા હતા. ટીયરગેસના શેલ્સ બાદ પ્રદર્શનકારીઓ એકબીજાની આંખોમાં આઈ-ડ્રોપ્સ નાંખતા જોવા મળ્યા હતા. એક પ્રદર્શનકારીની તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. તે ટીયરગેસના શેલ્સ વચ્ચે મ્યુઝિક વગાડતો જોવા મળ્યો હતો. ફ્રાંસથી શરૂ થયેલી વિરોધ પ્રદર્શનની આગ યુરોપના અન્ય દેશોમાં ફેલાશે તે નક્કી છે.

### ટ્રમ્પે ફરી એપિક ફ્યુરી જેવા ભીષણ હુમલાની તૈયારી કરતાં ઈરાન વિફર્યું

# સમુદ્રમાં કેબલ કાપી દુનિયાનું ઈન્ટરનેટ ઠપ કરી દઈશું : ઈરાન

વોશિંગ્ટન/તહેરાન, તા.૨૪

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લોરિડામાં એક ચૂંટણી રેલીમાં ઈરાનને વધુ એક એપિક ફ્યુરી જેવા હુમલાની ચેતવણી આપી છે. જોકે, આ ધમકીથી પીછેહઠ કરવાના બદલે ઈરાનને અખાતની ખાડીના સમુદ્રમાં પથરાયેલા કેબલ કાપીને દુનિયાભરનું ઈન્ટરનેટ ઠપ કરી દેવાની ધમકી આપી છે. ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દેતા દુનિયાભરમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો ખોરવાઈ ગયો છે. એવામાં ઈન્ટરનેટનો કેબલ કાપીને ઈરાન દુનિયાભરના ડિજિટલ અર્થતંત્રને પાંગળા બનાવી દે તેવું જોખમ ઊભું થયું છે. એટલું જ નહીં ટ્રમ્પને ચીડવતા હોય તેમ ઈરાને તહેરાનમાં રસ્તા પર 'પ્રમુખ ટ્રમ્પને જેલમાં પૂરી દેવા'નો એક વીડિયો પણ વાયરલ કર્યો છે.

## દુનિયાનો ૯૯ ટકા ઈન્ટરનેટ ટ્રાફિક સમુદ્રમાંના કેબલ થી સંચાલિત, કેબલ કપાય તો ક્રૂડ ઓઈલની સાથે ડિજિટલ કટોકટીની પણ આશંકા

અમેરિકામાં ૩ નવેમ્બરે મીડ-ટર્મ ચૂંટણી યોજાવાની છે. ઈરાન યુદ્ધના કારણે આ ચૂંટણીમાં ટ્રમ્પની લોકપ્રિયતા તળીયે પહોંચી ગઈ છે ત્યારે ટ્રમ્પે સફાયો કરી દીધો હતો. તેમજ અનેક સૈન્ય તથા પરમાણુ એકમો ધરાવતા સ્થળોનો ખાત્મો બોલાવી દીધો હતો.

ટ્રમ્પની ધમકી સામે ઈરાને પણ ઈઝરાયેલ ફરીથી ઈરાન પર હુમલો કરશે તો ઈરાને અખાતની ખાડીના સમુદ્રના તળીયામાં પથરાયેલા ઈન્ટરનેટના કેબલ કાપવાની તૈયારી કરી લીધી છે.

## ઈરાને તહેરાનના રસ્તા પર 'ટ્રમ્પને જેલમાં પૂર્યા'નો વીડિયો વાયરલ કર્યો, અમેરિકન પ્રમુખને યુદ્ધ ગુનેગાર ગણાવ્યા

ફ્લોરિડામાં એક ચૂંટણી રેલીમાં ઈરાન પર ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલ સાથે મળીને કરેલા 'એપિક ફ્યુરી' જેવા વધુ એક મોટા હુમલાની ધમકી આપી હતી. 'એપિક ફ્યુરી' હુમલા હેઠળ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના તત્કાલીન સુપ્રીમ લીડર અયાતોલ્લાહ ખામેનેઈ સહિત ટોચના ૪૦ સૈન્ય નેતાઓનો



વળતો જવાબ આપ્યો છે. આઈઆરજીસીના અધિકારીઓએ ચેતવણી આપી છે કે અમેરિકા અને રિવોલ્યુશનરી ગાર્ડ્સના રાજકીય બાબતોના ઉપપ્રમુખ યદોલ્લાહ જાવાનીએ જણાવ્યું હતું કે, ઈરાનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા થશે તો હોર્મુઝના સમુદ્ર નીચે સાત મુખ્ય ઈન્ટરનેટ કેબલ કાપી નંખાશે. સમુદ્ર નીચે ઈન્ટરનેટ કેબલથી લઈને દુશ્મનોના

(અનુસંધાન ૧૫મે પાને)

### રિયાધ એરપોર્ટ અને અરામકો પર હુથીઓના હુમલા

## યમનમાં હુથી બળવાખોરો પર હવાઈ હુમલામાં બાળકો સહિત ૧૦નાં મોત

(પીટીઆઈ) દુબઈ, તા.૨૪

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાનના યુદ્ધ વચ્ચે સાઉદી અરબ અને હુથી બળવાખોરો વચ્ચે યુદ્ધ વકરી રહ્યું છે. ઈરાનનું પીઠબળ ધરાવતા હુથી બળવાખોરોના ગઢ સમાન સાનામાં સાઉદી અરબે હવાઈ હુમલા કરતા બાળક અને મહિલાઓ સહિત ૧૦ લોકોનાં મોત નીપજ્યાં હતા.

ઈરાન સમર્થીત હુથી બળવાખોરો દ્વારા ચાલતા સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, યમનની રાજધાની સાનામાં એક સિમેન્ટ ફેક્ટરી પર સાઉદી અરબના

(અનુસંધાન ૧૫મે પાને)

## ટેન્કરોમાંથી ઓઈલ ઢોળાતા યુએઈએ બીચ બંધ કર્યા, અમેરિકાનો દૂતાવાસોમાં કર્મચારીઓ ઘટાડવા નિર્ણય

### સ્ટ્રિંગ થિયરીમાં શાનદાર ફાળો આપવા બદલ સન્માન

## બેંગ્લુરુના ભૌતિકશાસ્ત્રી 'ઓસ્કર ક્લેન એવોર્ડ' જીતનારા પ્રથમ ભારતીય બન્યા

નવી દિલ્હી,તા.૨૪

ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને પ્રોફેસર અશોક સેનને વિશ્વનો પ્રતિષ્ઠિત ઓસ્કર ક્લેન મેડલ ૨૦૨૬ મળ્યો છે. તેની સાથે આ સન્માન મેળવનારા તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા છે. બેંગ્લુરુના થિયોરેટિકલ ફિઝિસિસ્ટ અશોક સેન ભારતના ટોચના વૈજ્ઞાનિકોમાં એક છે. તેમના સ્ટ્રિંગ થિયરીમાં શાનદાર ફાળો આપવા બદલ આ મેડલ આપવામાં આવ્યો છે.

## અશોક સેન પહેલા આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્ટીફન હોકિંગ અને પીટર હિગ્સ જેવા સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકોને મળી ચૂક્યા છે

સેન પહેલા ઘણા નોબેલ પુરસ્કાર વિજેતાઓ અને સ્ટીફન હોકિંગ તેમજ પીટર હિગ્સ જેવી મહાન હસ્તીઓને આ એવોર્ડ મળી ચૂક્યો છે. સ્ટ્રિંગ થિયરી પર પોતાના શાનદાર પ્રદાનને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા પ્રોફેસર સેન સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીમાં ગ્રેવિટી ફ્રોમ સ્ટ્રિંગ્સ એન્ડ સ્ટ્રિંગ્સ ફ્રોમ ગ્રેવિટી (ગુરુત્વાકર્ષણથી સ્ટ્રિંગ્સ અને સ્ટ્રિંગ્સથી ગુરુત્વાકર્ષણ) પર એક શાનદાર લેક્ચર



આપ્યું હતું. અશોક સેન ટાટા ઈન્સ્ટિટ્યુટ ફોર ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર)ના ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સીઝમાં કામ કરે છે. તે વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એડવાન્સ બ્રાન્ચ છે. તેમને વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એક એડવાન્સ્ડ બ્રાન્ચ છે, જે બ્રહ્માંડના બધા રહસ્યોને

(અનુસંધાન ૧૩મે પાને)

### ફ્રાન્સ સહિતના યુરોપના દેશોમાં સરકારો સામે હજારો લોકો રસ્તા પર

## યુરોપીયન દેશોએ યુદ્ધમાં યુક્રેનને મદદ કરતાં ઘરઆંગણે મોંઘવારી વધી

પેરિસ,તા.૨૪

ફ્રાન્સ સહિત યુરોપના કેટલાય દેશોમાં ભારેલો અગ્નિ છે. લોકો વધતી જતી મોંઘવારીથી બરોબરના બગડ્યા છે અને રસ્તા પર ઉતરી આવ્યા છે. યુરોપના અગ્રણી દેશોમાં સરકારો સામે ભારેલો અગ્નિ છે. યુક્રેનને બચાવવામાં પડેલી યુરોપીયન સરકારો લોકોના ગજવા પર હવે કાતર ફેરવવા માંડી હોવાની પ્રબળ સંભાવના છે. ફ્રાન્સ, ઈટલી, જર્મની, સ્પેન સહિતના દેશોના લગભગ દરેક શહેરમાં મોંઘવારીથી ત્રસ્ત થઈને સરકાર સામે રસ્તા પર ઉતરેલા લોકોએ સરકારને યાદ અપાવ્યું છે કે યુક્રેનને બચાવવા માટે અમારા ગળા પર કાતર ફેરવવામાં આવી રહી છે.

## ફ્રાન્સમાં સરકારે ૭૦ હજારથી પણ વધુ પોલીસ અને એલાઈટ ફોર્સ મેદાનમાં ઉતારી : પેરિસની કિલ્લેબંધી કરાઈ

યુક્રેનને મદદ કરવા જતાં યુરોપીયન દેશોની સરકારો ભેખડે ભરાઈ છે. યુક્રેનના રશિયા સાથેના યુદ્ધનો અંત આવતો નથી, બીજી બાજુએ રશિયા પર

### ઈટાલીના નવ શહેરમાં મોટાપાયે દેખાવોનું આયોજન મેલોનીની પણ તોફાનીઓ સામે આકરાં પગલાંની તૈયારી

પ્રતિબંધ લાદ્યા હોવાના કારણે ત્યાંથી આવતા ગેસ સહિતની બધી આયાત બંધ થતાં યુરોપના લગભગ બધા દેશોમાં મોંઘવારી માઝા મૂકી રહી છે. લોકોને ઘર ચલાવવા મુશ્કેલ બન્યા છે અને યુરોપીયન સરકારો તેમના જ દેશની પ્રજાને રાહત આપતી નથી, પરંતુ ઝેલેન્સ્કી એક જ આંટો મારીને અબજોના અબજો યુરોની સહાય ખેંચી જાય છે. હવે જો આ જ સ્થિતિ જારી રહી તે પાંચ વર્ષ ચાલેલુ યુદ્ધ દાયકો પણ ચાલે અને યુરોપીયન દેશોએ ભૂખે મરવાનો સમય આવે. આ વાત યુરોપીયન રાજકારણીઓને તો સમજ નથી આવી, પરંતુ યુરોપની પ્રજાને સમજ આવી ગઈ છે.

તેથી જ યુરોપીયન દેશોની સરકારોના ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો તેવા વલણ સામે ત્યાંની પ્રજા રસ્તા પર ઉતરી છે. તે પોતાનો હક્ક માંગી રહી છે. સારુ અને વાજબી ભાવનું શિક્ષણ, જીવનજરુરી ચીજવસ્તુઓ વાજબી ભાવે મળવી,

(અનુસંધાન ૧૩મે પાને)

### આઈએમએફના ડિરેક્ટર શ્રીનિવાસનનું મંતવ્ય

## ઉર્જા, અલ નીનો અને એઆઈ ભારતના વિકાસ પર અસર પાડી શકે

નવી દિલ્હી,તા.૨૪

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮માં ભારતીય અર્થતંત્ર સાત ટકાના દરે વધવાનો અંદાજ છે, પણ આઈએમએફે ચેતવણી આપી છે કે આ અંદાજ છે. ભારતે વધારે મજબૂત અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા માટે હજી વધુ સુધારાઓ પર કામ કરવું જરૂરી છે. આઈએમએફના એશિયા પ્રશાંતના ડાયરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસને આ વાત જણાવી છે.

## ભારતે સીધુ વિદેશી રોકાણ આકર્ષવા માટે શ્રમસુધારા સહિતના પગલાં ભરવા જરૂરી

તેમણે જણાવ્યું હતું કે ભારતને હજી પણ એવા ઘણા સુધારાની જરૂર છે જે તેમના ટકાઉ વિકાસને આધાર આપી શકે. તેમા ભૂમિ અને શ્રમ સાથે જોડાયેલા બજાર સુધારા, સીધા વિદેશી રોકાણને આકર્ષિત કરવાના ઉપાય અને ધંધાકીય વાતાવરણને સારા બનાવવાના પગલાં સામેલ છે. શ્રીનિવાસને જણાવ્યું હતું કે ઉત્પાદનના પરિબળની વાત કરીએ તો શ્રમ બજારમાં સુધારો એક લાંબા સમયથી પડતર મુદ્દો રહ્યો છે. આ દિશામાં થોડું કામ થયું છે, પરંતુ હજી ઘણું કામ કરવાનું બાકી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતના જીડીપી વૃદ્ધિદર સામે હજી પણ કેટલાક જોખમ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઉર્જાની કિંમતમાં ઉછાળો લાંબા સમય સુધી રહે છે તો તેનાથી વિકાસદર પર અસર પડી શકે છે. વધતી મોંઘવારીના લીધે કડક નાણાકીય નીતિ પણ વિકાસદર પર નકારાત્મક અસર પાડી શકે છે. અલ નીનો અને એઆઈ પણ વિકાસ દર પર અસર પાડી શકે છે. તેમણે તે વાત પર ભાર મૂક્યો કે જો ભારત એફડીઆઈને

(અનુસંધાન ૧૩મે પાને)

### વાયરસ અત્યાર સુધી ફક્ત પશુઓને થતો હતો

## ફ્રાંસમાં શમોન્ડા વાયરસના માનવ સંક્રમણનો પહેલો કેસ, દર્દીનું મોત

પેરિસ, તા.૨૪

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ફ્રાન્સમાં શમોન્ડા વાયરસના પહેલા માનવ સંક્રમણની પુષ્ટિ કરી છે. આ વાયરસ અત્યાર સુધી ફક્ત પશુઓમાં જ જોવા મળ્યો હતો. ફ્રાન્સના હેલ્થ ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે, લિયોનમાં સારવાર હેઠળ રહેલા એક ગંભીર રીતે ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ્ડ દર્દીમાં આ વાયરસ મળી આવ્યો હતો. રિપોર્ટ મુજબ, દર્દીનું મોત થયું છે.

## દર્દીમાં ન્યૂરોલોજિકલ કોમ્પ્લિકેશન્સ જોવા મળ્યા હાલ, વાયરસની કોઈ રસી બજારમાં ઉપલબ્ધ નથી

દર્દીને પૂર્વી ફ્રાન્સમાં ક્યુલીકોઈડ્સ (Culicoides) જાતિની નાની માખીના કરડવાથી સંક્રમણ થયું હતું. આ વાયરસ તે વિસ્તારના પશુઓમાં ફેલાયો હતો. દર્દી ૬૦ વર્ષથી વધુ ઉંમરનો હતો અને અન્ય ગંભીર બીમારીની સારવાર લઈ રહ્યો હતો. બીમારીના કારણે તેની રોગપ્રતિકારક શક્તિ ખૂબ નબળી બની હતી.WHOના પ્રવક્તાએ જણાવ્યું કે, દર્દીમાં ન્યૂરોલોજિકલ કોમ્પ્લિકેશન્સ જોવા મળ્યા હતા. જે શમોન્ડા વાયરલ સંબંધિત હતા. WOAH અને WHO અનુસાર, શમોન્ડા વાયરસ સામે હાલમાં કોઈ રસી ઉપલબ્ધ નથી. હાલમાં આ વાયરસ માણસોથી માણસોમાં ફેલાવવાના કોઈ પૂરાવા મળ્યા નથી.

### શમોન્ડા વાયરસ શું છે?

શમોન્ડા વાયરસ પહેલી વખત ૧૯૬૫માં નાઈજીરિયામાં ઢોરમાં મળી આવ્યો હતો. તે ક્યુલીકોઈડ્સ જાતિની નાની માખીઓ દ્વારા ફેલાય છે. આ વાયરસ મુખ્યત્વે ઢોર, ઘેટાં, બકરાં અને ઘોડાને અસર કરે છે. વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ફોર એનિમલ હેલ્થ અનુસાર, પશુઓમાં આ વાયરસના લક્ષણોમાં તાવ, ઝાડા, દૂધ ઉત્પાદનમાં ઘટાડો અને પ્રજનન સંબંધી સમસ્યાઓ જેવી કે, ગર્ભપાત અને ભ્રૂણ વિકૃતિનો સમાવેશ થાય છે. કેટલાક ઘોડાઓમાં ન્યુરોલોજિકલ લક્ષણો પણ જોવા મળ્યા છે.

### ભારત સહિત દુનિયાના તાપમાન પર વિપરિત અસર

## સુપર અલ નીનો : પ્રશાંત મહાસાગરનું તાપમાન પહેલી વખત ૩૦ ડિગ્રીને પાર

નવી દિલ્હી, તા.૨૪

સુપર અલ નીનોના કારણે ભારત સહિત દુનિયાભરનું વાતાવરણ ચિંતાજનક હદે બદલાઈ રહ્યું છે. અમેરિકન નેશનલ ઓસનિક અને એટમોસ્ફિયરિક એડમિનિસ્ટ્રેશનના ડેટા મુજબ પ્રશાંત મસાગારમાં ગુરુવારે પહેલી વખત ૩૦ ડિગ્રી સે.થી ઉપર જતું રહ્યું હતું. પ્રશાંત મહાસાગરના વાતાવરણમાં થયેલા આ ફેરફારની આગામી વર્ષે દુનિયાના તાપમાન પર વિપરિત અસરો જોવા મળી શકે છે તેવી આશંકા વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી હતી.

વિશ્વ હવામાન સંસ્થાએ જણાવ્યું કે, અલ નીનો ડિસેમ્બરમાં પીક પર પહોંચી જવાની સંભાવના છે ત્યારે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે મધ્ય અને પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં તાપમાન વિક્રમી સ્તરે પહોંચી જવાની અપેક્ષા છે. અલ નીનો પર નજર રાખતા હવામાન વૈજ્ઞાનિકો પ્રશાંત મહાસાગરના આ વિસ્તારને ખૂબ જ મહત્વનો માને છે. આ વિસ્તારનું તાપમાન પહેલી વખત ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે, જેણે ભારત સહિત વૈશ્વિક હવામાન ચક્ર અંગે ચિંતા વધારી દીધી છે.

વિશ્વ હવામાન સંસ્થા (ડબલ્યુએમઓ) મુજબ અસામાન્યરૂપે શક્તિશાળી અલ નીનોના કારણે મહત્વના સમુદ્રી ક્ષેત્રમાં સરેરાશ

(અનુસંધાન ૧૫મે પાને)

## દક્ષિણ એશિયાના મોટાભાગના વિસ્તારમાં તાપમાન સામાન્યથી વધુ રહેવાની ડબલ્યુએમઓની ચેતવણી

### મુંબઈમાં આતંકવાદી હુમલાનું કાવતરું

## આતંકી સંગઠન જૈશ સાથે જોડાયેલા મુંબઈના રેપિડો ડ્રાઈવરની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨૪

મુંબઈના માહિમ મેટ્રો સ્ટેશન નજીક એક રેપિડો ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. તેના પર પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંબંધ હોવાની શંકા છે. મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ ) એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલી ભડકાઉ કટ્ટરપંથી સામગ્રી ફેલાવવાના આરોપમાં ૩૩ વર્ષીય માહિમના યુવકને ઝડપી લીધો છે.

## પાકિસ્તાની જાસૂસી તંત્ર સાથે સંકળાયેલો હતો અને કટ્ટરપંથી વિચારધારાનો પ્રચાર કરતો હતો

જેમાં તેના વડા મૌલાના મસૂદ અઝહરના ભાષણોનો પણ સમાવેશ થાય છે. એજન્સીની તપાસમાં જેહાદને ટેકો આપતી અને મુસ્લિમોને શ ો ઉપાડવાનું આહ્વાન કરતી તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ પણ સામે આવી છે.

તપાસકર્તાઓને મસૂદ અઝહરના ભાષણોના બે રેકોર્ડિંગ તેના દ્વારા ચલાવવામાં આવતા ટેલિગ્રામ ગ્રુપમાં મળી આવ્યા હતા. એટીએસએ ૩૯ સ્ક્રીનશોટ મળ્યા હતા. તેનો ફોન જપ્ત કરવામાં આવ્યો હતો. તેની સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

રેપિડો ડ્રાઈવરની ઓળખ મોહમ્મદ હસન અબુ સરમદ અખ્તર તરીકે થઈ છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર અખ્તર રેપિડો ડ્રાઈવર અને પરફ્યુમ વેચનારા સેલ્સમેન તરીકે કામ કરવાની આડમાં કટ્ટરપંથી વિચારધારાનો પ્રચાર

(અનુસંધાન ૧૫મે પાને)



